ગુજરાતી ગઝલ

(સ્વરૂપ, વિકાસ અને આસ્વાદ)

ડૉ.મેરુ એચ. વાઢેળ
૧૮૨, વૃન્દાવન સોસાયટી,
કાનપુર, વ્યારા. જિ.તાપી
R. (૦૨૬૨૬)૨૨૪૨૬૨, M. ૯૮૭૯૯ ૨૧૬૦૫

એમ. એમ. સાહિત્ય પ્રકાશન
પુસ્તક પ્રકાશક અને વિક્રેતા
મહાવીર માર્ગ, આણંદ - ૩૮૮ ૦૦૧, તા.જી.આણંદ

Gujarati Gazal
Swarup, Vikas ane Asvad
By - Dr. Meru Vadhel

ગુજરાતી ગઝલ
ડૉ. મેરુ વાઢેળ
પ્રથમ આવૃત્તિ : ૨૦૧૧
નકલ : ૧૦૦૦
કિંમત : રૂા. ૮૫/-

આવરણ
દિપ્તી ચૌહાણ, બાકરોલ

સજાવટ
ગુર્જરી સાહિત્યાલય, ડાકોર

મુદ્રક
ચરોતર સાહિત્યાલય, નડીયાદ

પ્રકાશક
એમ.એમ.સાહિત્ય પ્રકાશન
પુસ્તક પ્રકાશક અને વિક્રેતા
મહાવીર માર્ગ, આણંદ.

VISIT…

LANZAROTE
Caliente.COM

અર્પણ

સ્વ. શ્યામ સાધુ,

સ્વ. મનોજ ખંડેરિયા તથા

સ્વ. રમેશ પારેખને

યાદનાં અશ્રુબિંદુઓ સાથે સમર્પિત....

પુસ્તક વિશે બે બોલ

ગઝલ દેખીતી રીતે સરળ લાગતો કાવ્યપ્રકાર છે અને એટલો જટિલ પણ. ગઝલ સાહિત્ય સ્વરૂપ ગુજરાતી કવિતામાં આજે જેટલું લોકપ્રિય બન્યું છે તેટલું ચર્ચાસ્પદ પણ ખરું જ. આ પૂર્વે મેં ગુજરાતી ખંડકાવ્ય અને ગુજરાતી ગીતના સ્વરૂપ, વિકાસ અને આસ્વાદ એવું ત્રિવિધ પ્રકારનું કામ કર્યું. ઘણા મિત્રોએ પત્ર, ફોન દ્વારા આ કામને પોંખ્યું. કેટલાક મિત્રોએ ગઝલ ઉપર પણ આવું કામ કરવાની પ્રેરણા આપી.

ગુજરાતની વિવિધ યુનિવર્સિટીઓમાં સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ ગઝલને ઘણીવાર મૂકવામાં આવે છે. એ દૃષ્ટિએ આ પુસ્તકમાં મેં ગઝલનું સ્વરૂપ, ગુજરાતીમાં ગઝલની વિકાસયાત્રા અને મને ગમતી કેટલીક ગઝલોનો આસ્વાદ કરાવ્યો છે. આજે ગઝલ એટલે પ્રેમની ભાષામાં થતો વાર્તાલાપ એવું રહ્યું નથી. એ સંકુચિતતા દૂર થતાં આજે ગઝલ નિજાનંદ માટે લખાતી રહે છે એ આનંદની વાત છે. અગાઉના પુસ્તકોની માફક આ પુસ્તક પણ વિદ્યાર્થીઓ અને અધ્યાપક મિત્રોને અવશ્ય મદદરૂપ થશે તેમાં આ પુસ્તકની ફળશ્રુતિ લેખું છું.

આ પુસ્તક માટે મને ડૉ. નવીનભાઇ મોદી, ડૉ. રાજેશ મકવાણા, ડૉ. દિનુ ચુડાસમા, શ્રી ફારુક શાહ, ડૉ. રેખાબેન ભટ્ટ, વગેરેના સલાહસૂચન પ્રાપ્ત થયાં તે માટે સૌનો ઋણી રહીશ. આર્થિક અપેક્ષા વિના એમ.એમ. સાહિત્ય પ્રકાશનના મારા મિત્ર યાકુબભાઇનો આભાર માનું તો એમને ગમશે નહીં પણ એમનુંયે ઋણ સ્વીકારું છું. આશા રાખું છું આ પુસ્તક સૌને ગમશે.

મકરસંક્રાંતિ – ૨૦૧૧

ડો. મેરુ વાઢેળ

લેખકના અમારા પ્રકાશનના અન્ય પુસ્તકો

(૧) કાવ્યાક્ષરે (૨૦૦૭)

(૨) કાવ્યાનુષંગે (૨૦૦૮)

(૩) શબ્દાનુષંગે (૨૦૦૯)

(૪) ગુજરાતી ખંડકાવ્યો (૨૦૧૦)
(સ્વરૂપ, વિકાસ અને આસ્વાદ)

(૫) ગુજરાતી ગીત (૨૦૧૦)
(સ્વરૂપ, વિકાસ અને આસ્વાદ)

(૬) ગુજરાતી ગઝલ (૨૦૧૧)
(સ્વરૂપ વિકાસ અને આસ્વાદ)

(૭) કાવ્યાનુશીલન (૨૦૧૧)

અનુક્રમણિકા

પૂર્વ ભૂમિકા

ગુજરાતી ગઝલ સાહિત્યક્ષેત્રે ખૂબ લોકપ્રિયતા ધરાવતો અને એટલો જ ચર્ચાસ્પદ બનેલો કાવ્યપ્રકાર છે. આ સ્વરૂપ વિશે ઘણી ચર્ચાઓ થઈ છે. ગઝલ સાહિત્યસ્વરૂપ મારો સૌથી વધારે ગમતો કાવ્ય પ્રકાર છે. રમેશ પુરોહિતના શબ્દો ટાંકું તો – ''વાણી વહેતો પ્રવાહ છે તો તેમાં ઠરેલાં અમૃત બિદુંઓ ગઝલ છે.'' જ્યારે કવિના ચિત્તમાં ઉમટેલા સ્પંદનો ગઝલ સ્વરૂપ ધારણ કરે છે ત્યારે એ ઝાલર મટીને નાદબ્રહ્મની સરહદમાં પ્રવેશે છે. આજે પણ નવયુવાનોને ગઝલ વધુ સ્પર્શે છે. જ્યારે ગઝલના સત્વ અને શીલને તેમજ એમનાં સૌન્દર્યનો નિખાર કરાવે એવી ગઝલ સાંભળવામાં કે વાંચવામાં આવે છે ત્યારે હૃદય ભાવવિભોર બની ઊઠે છે. ગઝલનો ઈતિહાસ ઘણો જૂનો છે પણ ગુજરાતી ગઝલને તો માંડ સવાસો વર્ષ થયા છે. ''ગઝલ એટલે માત્ર પ્રેમની ભાષામાં થતો વાર્તાલાપ.'' એવી માન્યા આજે દૂર થઈ રહી છે. થઈ ગઈ છે. આજે ગઝલ નિજાનંદની મસ્તી માટે થઈ રહી છે. એ ગુજરાતી ગઝલ માટે આનંદની વાત છે. ગઝલ પ્રત્યેની અમુક વર્ગની સૂગ પણ ધીરે ધીરે ઘટી રહી છે. તેનું પાછળનું કારણ એ જ છે કે હવે ગઝલમાં રજૂ થતી ભાવોર્મિ પારદર્શક, પ્રતીતિકર બની રહી છે. ગઝલોમાં હવે ઉત્કૃષ્ટ ઊર્મિઓની સાથે લાગણીઓનો લયાત્મક આવિર્ભાવ ભાવકોને મંત્રમુગ્ધ બનાવે છે. છતાં, એક વાત નોંધવાનું મન થાય છે કે, ગઝલના અસ્સલ મિજાજને જાણનારા ગઝલકારોમાં નવા, આશાસ્પદ ગઝલકારો પ્રમાણમાં ઓછાં છે. છતાં, ગઝલે આજે પોતાની સ્વરૂપગત લોકપ્રિયતા મેળવી છે તે આનંદની ઘટના છે. સૌ પ્રથમ ગઝલના સ્વરૂપ ઉપર દૃષ્ટિપાત કરીશું.

૧ : ગઝલનું સ્વરૂપ

ગઝલનાં ઉદ્‌ભવ વિષયક માન્યાતાઓ

ગઝલનાં ઉદ્‌ભવ વિશે આપણે ત્યાં ઘણી જાત જાતની અટકળો, અનુમાનો થયા છે. ગઝલ વિશે કેટલીક દંતકથાઓ પણ જોવા મળે છે.

(૧) કેટલાક વિદ્વાનોએ ગઝલની ઉત્પત્તિ આ જગતમાં જ્યારે આદમે શે'ર ઉચ્ચાર્યો હતો ત્યારથી થઈ હશે એમ માને છે. એમના પુત્ર કાબીલે એમના બીજા પુત્ર હાબીલનું ખૂન કર્યું ત્યારે આદમ શોકમગ્ન બની ગયો ત્યારે તેણે (આદમે) શોકગ્રસ્ત બનીને શાયરીરૂપે જે વાણી ઉચ્ચારી તે ગઝલ શાયરી.

(૨) શે'રની શરૂઆત અરબી ભાષામાં થઈ એમ કેટલાક વિદ્વાનોનું માનવું છે. તેના સર્જક યઅરબ બીન કહેતાન હતા. તેમણે અશ્અર માપસર અને પ્રાસયુક્ત વાણી ઉચ્ચારી. લોકો જેને શે'ર તરીકે ઓળખતા. સમય જતા આવી કોઈ પણ માપસરની પ્રાસયુક્ત વાણી ઉચ્ચારતા વ્યક્તિને શાયર તરીકે ઓળખવામાં આવતો.

(૩) અરબસ્તાનમાં 'ગઝલ' નામે એક હરણની જાતિ થાય છે. તે કાંટાળી વાડમાં ફસાઈ જતા તેણે વેદનારૂપે જે ચિત્કાર કરે છે તેવી જ વેદના પ્રણયીજનોને થતી. આવી વેદનાને વાચા આપતી કવિતા એટલે 'ગઝલ'.

(૪) તો વળી કોઇ કહે છે કે 'ગજલ' નામનો એક માણસ હતો. તે સ્ત્રીસંગી હતો. સ્ત્રીઓ સાથે મોજ મઝા કરવા માટે તે 'ગઝલ' રજૂ કરતો.

જો કે, આવી દંતકથાઓ – કિવદંતીઓના આધારે ગઝલનું સાચું સ્વરૂપ પામી શકાતું નથી. કારણ કે, એના માટે આપણને આધારભૂત કોઇ પુરાવો પ્રાપ્ત થતો નથી.

ગઝલની વ્યાખ્યાઓ

આમ તો કોઇ પણ સાહિત્ય એ પરિવર્તનશીલ છે. વર્ષો પૂર્વે થયેલી વ્યાખ્યાઓમાં આજે કદાચ ફેરફાર થઇ શકે. ગઝલ વિશે ઘણા વિદ્વાનો તેમજ 'શબ્દકોશ' આદિમાં વ્યાખ્યા આપી છે. તેના ઉપર એક દૃષ્ટિપાત કરીશું.

(૧) 'બૃહદ્ રાષ્ટ્રભાષા કોશ'માં ગઝલ વિશે નોંધવામાં આવ્યું છે.–' ગજલ (ગઝલ) : સ્ત્રી (ફારસી અથવા ઉર્દૂમાં બબ્બે કડીઓના એક એક ચરણવાળું પદ. સૌન્દર્ય – પ્રેમથી સભર કવિતા)

(૨) 'બૃહદ હિન્દીકોશ'માં ગઝલ વિશે આ પ્રમાણે વ્યાખ્યા આપવામાં આવી છે. : 'ગઝલ : સ્ત્રી (અરબી) ફારસી – ઉર્દૂમાં મુક્તક કાવ્યનો એક ભેદ જેનો મુખ્ય વિષય પ્રેમ હોય છે.'

(૩) એક સર્વસામાન્ય વ્યાખ્યા પ્રમાણે 'ગઝલ એટલે પ્રેમીજનો વચ્ચે થતો પ્રેમાલાપ કે ગૂફ્તેગૂ.'

(૪) ''સાર્થ જોડણીકોશ''માં ગઝલનો અર્થ આ પ્રમાણે આપવામાં આવ્યો છે. 'ગઝલ : (અ.) એક ફારસી રાગ; રેખતો (૨)એ રાગનું કાવ્ય.

(૫) ''ગુજરાતી વિશ્વકોશ''માં આ પ્રમાણે નોંધવામાં આવ્યું છે. ''ગઝલ શબ્દ મુગાઝેલત અથવા તગઝ્ઝુલ પરથી આવ્યો છે. મુઝેલતનો અર્થ કુમારિકાઓ સાથે પ્રેમગોષ્ઠિ કરવી એવો છે. તગઝ્ઝુલનો અર્થ પ્રેમનો રંગ થાય છે. ટૂંકમાં, સંવનન અને પ્રેમગોષ્ઠિ ગઝલ કાવ્યસ્વરૂપમાં મહત્ત્વનાં લેખાયાં છે.''

(૬) 'ભગવદ્ગોમંડળ'માં ગઝલ વિશેનું વિવરણ આ પ્રમાણે છે. (૧) પુ.(પિંગળ) એક માત્રામેળ છંદ. (૨) સ્ત્રી. એ નામના રાગનું કાવ્ય. સ્ત્રીઓનાં પ્રેમ, મૈત્રી અને જવાનીની હકીકતની કવિતા ; પ્રેમના કિસ્સાની ફારસી કવિતા. ગઝલનો મૂળ અર્થ પ્રિયા સાથે રમવું કે સ્ત્રીઓ સાથે વાતચીત કરવી અથવા તેમની સાથે વિલાસ કરવો એવો થાય.''

(૭) 'નભોવિહાર'માં રા.વિ.પાઠક ગઝલની વ્યાખ્યા આપતા કહે છે– ''ગઝલનો અર્થ કોઇ પદ્યરચના નથી. ગઝલ અરબી શબ્દ છે અને એનો અર્થ પ્રેમયુક્ત ભાષામાં, અથવા કાવ્યરૂપે બોલવું, એવો થાય છે.

(૮) 'ગુજરાતી ગઝલ'માં કૃષ્ણલાલ ઝવેરી નોંધે છે – '' 'ગઝલ' એ છંદનું નામ નથી. ગઝલ એ કાવ્યનો એક પ્રકાર છે અને એ મૂળ અરબી શબ્દ છે. અને તેનો અર્થ પ્રેમયુક્ત ભાષામાં અથવા કાવ્યરૂપે બોલવું, એવો થાય છે.''

(૯) જ્યારે અંગ્રેજીમાં **"Dictionary of the world Literature"** માં આ પ્રમાણે ગઝલની વ્યાખ્યા કરવામાં આવી છે. **"Ghasel : Ghasel, Ghazal, Ghzel, Ghasal, Ghazal (Arabic, Spinnia) pros. lyric form. used sep. by the persian Hafisz. (d.ca.1390). In persian poetry of 4 to 14 lines begins with a rhymed couplet, evenlines**

throughout the poem repeat. this rhyme odd lines are unrhymed. In Turkish poptry less than a dozen couples, with as in persian the auther's name mentioned in the last couplet....The Ghazel is usually in peacefull mood mistical or erotic."

ઉપર્યુક્ત તમામ વ્યાખ્યામાંથી પસાર થતા આપણે ચોક્કસ કહી શકીએ કે, આ વ્યાખ્યાઓમાં ગઝલનું આંતરિક સ્વરૂપ સ્પષ્ટ થતું નથી. ગઝલના શાબ્દિક અર્થને ધ્યાનમાં લઈને જ આપણે ગઝલને વ્યાખ્યાબદ્ધ કરવા જઈએ તો મુશ્કેલી સર્જાય છે. કારણ કે, કોઈ પણ સ્વરૂપ યુગાંતરે બદલાતું રહેવાનું. એ સ્વરૂપની સામગ્રી, તેનો વિષય, તેની નિરૂપણરીતિ, અભિવ્યક્તિની રીતિ આદિ રંગરૂપમાં પરિવર્તન શક્ય છે.

નેશનલ અકાદમી, દિલ્લી દ્વારા પ્રકાશિત ‘‘ફરહંગે આસફિયાં’’માં ગઝલની વ્યાખ્યા એ પ્રમાણે આપી છે. ‘‘ગઝલ : (અરબી) (સ્ત્રી) પ્રેમિકા અથવા પોતાના પ્રિયતમ સાથે રમવું. સ્ત્રીઓ સાથેની વાતચીત, યુવાની અને રતિક્રીડાનો ઉલ્લેખ સ્ત્રીઓના પ્રેમનું વર્ણન. (એ વાતો જે સ્ત્રીઓના પ્રેમ વિરહ અથવા એની પ્રસંશામાં કહી છે.) કાવ્યની પરિભાષામાં એવી કવિતા જેમાં સૌન્દર્ય અને રૂપ, મિલન– વિરહ, પ્રેમ–આકર્ષણ, મોજ–મસ્તી, મૃત્યુ–જીવનની મુક્તિની અનુભૂતિ વગેરેનો ઉલ્લેખ અથવા નિંદા અને શીખ વગેરે હોય, અથવા એ કવિતા જેમાં, પ્રેમી તેમજ વિરહ–મિલન અંગેના વિચારોનું વિવરણ કરવામાં આવ્યું હોય. ગઝલના શેઅરો ઓછામાં ઓછા પાંચ અને વધુમાં વધુ અમર્યાદિત હોઈ શકે, પરંતુ એકી સંખ્યામાં હોય એ નિયમ છે. ગઝલો તમામ છંદોમાં લખી શકાય. પહેલા મુસલસલ (સળંગ) ગઝલો પણ લખાતી, પરંતુ હવે તેનો

રિવાજ રહ્યો નથી. પ્રત્યેક શેઅરમાં ભિન્ન ભિન્ન વિષય દર્શાવવાનું શરૂ થયું છે. જો કે, કતાબંદમાં આમ જોવા મળતું નથી. મત્લઅના બન્ને મિસરામાં કાફિયા સમાન હોય છે. બાકીના શેઅરોમાં પહેલા મિસરામાં કાફિયા હોતા નથી, અને બીજા મિસરામાં કાફિયા મત્લઅ તે પ્રમાણેના હોય છે.’’

પ્રસ્તુત વ્યાખ્યામાં ગઝલનું સ્વરૂપ સ્પષ્ટ થાય છે. અહીં ગઝલનો વિષય, છંદ, રીતિ, શે’ર, રદ્દીફ–કાફીયા, મિસરા, મત્લઅ્ વગેરેની સ્પષ્ટ સમજ આપવામાં આવી છે.

હવે, આપણે ગઝલના સ્વરૂપને સમજવાનો પ્રયાસ કરીએ. ગઝલના આંતરિક અને બહિર્રંગ લક્ષણો નીચે મુજબ ગણાવી શકાય.

બહિર્રંગ લક્ષણો

(૧) શે’ર

મોટા ભાગની સાહિત્યકૃતિ ઘણીવાર તેનાં બહિર્રંગ લક્ષણોથી પણ ઓળખાય જાય છે. શે’ર એ ગઝલનું ક્લેવર છે. શે’રનો અર્થ થાય ‘‘ઈરાદા પૂર્વક લખાયેલી સમીપ પ્રાસયુક્ત વાણી.’’ કાવ્યમાં ગીત, સૉનેટ, ખંડકાવ્ય, અછાંદસ વગેરે સાહિત્ય સ્વરૂપ ક્રમિક રીતે ભાવને પરાકાષ્ઠાએ પહોંચાડે છે. જ્યારે ગઝલના પ્રત્યેક શે’ર સ્વતંત્ર એકમ છે. જેમ જુદાં જુદાં મોતીને એક દોરામાં પરોવવાથી નેકલેસ તૈયાર થાય તેમ પ્રત્યેક શે’રનું ભાવવિશ્વ સ્વાયત હોવા છતાં અર્થ–ભાવ–સાંકળથી એક બીજા સાથે ગુંથાયેલા હોય છે. આ શે’રમાં વિરોધીભાવો નહીં પણ વિભિન્ન ભાવો હોય છે. તેને તાર્કિક સંકલના સાથે શે’રને કોઈ સંબંધ નથી. હાં, દરેક શે’રમાં અર્થપૂર્ણ હોવા જરૂરી છે. બરકત વિરાણી ‘‘બેફામ’’ નો ખૂબ જાણીતો મત્લઅનો શેઅર જુઓ :

"ઓહહય, તેં પણ ભલા, કેવો ફસાવ્યો છે મને!
જે નથી મારાં બન્યાં તેનો બનાવ્યો છે મને."

શે'રને સમજવા માટે મિસરઅ્, બેત, ફર્દ, કલામ, મત્લઅ્, મક્તઅ્ સમજવા પડે.

કોઈ પણ સ્વતંત્ર એકમ ધરાવતા શે'રને 'બેત' તરીકે ઓળખવામાં આવે છે. જ્યારે શબ્દોના પદ્યાત્મક સમૂહને કોઈ ચોક્કસ વજન કે છંદમાં ગોઠવવામાં આવે તેને 'મીસરઅ્' કહેવાય છે. જેને ગુજરાતીમાં 'પંક્તિ' કે 'ચરણ' કહેવાય છે. શે'રની પ્રથમ પંક્તિને 'મિસરએ–અવ્વલ' કહેવામાં આવે છે. જ્યારે બીજા પંક્તિને 'મીસરએ સાની' કહેવામાં આવે છે, તો ગઝલમાંથી અલગ તારવેલો શે'ર નહીં પણ સ્વતંત્ર શે'રને 'ફર્દ' કહેવામાં આવે છે. જ્યારે જે શબ્દસમૂહ દ્વારા પૂરેપૂરી વાત અભિવ્યક્તિ થઈ જાય તેને 'કલામ' કહેવામાં આવે છે.

મત્લઅ્

મત્લઅ્નો અર્થ થાય છે – "ઉદય થવો કે પ્રારંભ થવો". કોઈ પણ ગઝલમાં લખાયેલા પ્રથમ શે'રને સામાન્ય રીતે મત્લઅ્–મત્લા કહેવામાં આવે છે. ગઝલના અન્ય શે'રોની જેમ તેમાં રદીફ કાફીયા આવે છે. મત્લઅ્ના શેરે મિસરએ અવલ્લ અને મિસરએ સાની એટલે કે શે'રની બન્ને પંક્તિ ચરણમાં રદીફ કાફિયા હોય છે. જ્યારે પછીના શેઅરોમાં પહેલી પંક્તિમાં રદીફ કાફિયા અનિવાર્ય નથી. જહેમત પંડ્યા 'જીગર'ની ગઝલનો મત્લઅ્ ઘણો લોકપ્રિય બન્યો છે.

"જીત પર હસતો રહ્યો ને હાર પર હસતો રહ્યો,
ફૂલની શૈયા ગણી અંગાર પર હસતો રહ્યો."

જ્યારે આ ગઝલનો બીજો શે'ર જુઓ :

"ઓ મુસીબત! એટલી ઝિંદાદિલીને દાદ દે;
તેં ધરી તલવાર તો હું ધાર પર હસતો રહ્યો."

ક્યારે એવું બને છે કે આખી ગઝલ મત્લારૂપી મળી આવે. આવી ગઝલને 'મત્લઅ્ ગઝલ' કહેવાય.

મકત્અ્

મકત્અ્નો અર્થ થાયઃ 'કઠણ વસ્તુને કાપવી' અથવા 'બસ' એવો થાય છે. મકત્અ્નો શબ્દોકોશમાં અર્થ થાય છે. 'અંતનું સ્થળ' અથવા ગઝલ કે કસિદહની છેલ્લી કડી. સામાન્ય અર્થ થાય ગઝલની અંતિમ કડી – શેઅર. ગઝલની છેલ્લી કડીમાં ગઝલને પૂર્ણ કરવાની હોવાથી ઘણા ગઝલકારો પોતાનું 'તખલ્લુસ' મૂકે છે. ગઝલકાર અંતિમ ચરણમાં શે'રમાં પોતાની કળાની ચારુતા, ભાવ, ઊર્મિ વગેરેને પૂર્ણતઃ કક્ષાએ પ્રગટાવ્યાનો સંતોષ માને છે. એનો મતલબ એવો થયો કે સારો ગઝલકાર મત્લઅ્માં જેમ પોતાની પ્રતિભાનો પરિચય કરાવે છે તેમ મકત્અ્માં પોતાનું તખલ્લુસ આપી પોતાના માલિકીપણાને રજૂ કરે છે. 'તખલ્લુસ' વિનાનો શેર મકત્અ્ બનતો નથી. જુઓ કેટલાક મક્તાના શેઅર.

"જિંદગીના રસને પીવામાં કરો જલદી 'મરીઝ',
એક તો ઓછી મદિરા છે ને ગળતું જાય છે."

"થાકી જવાનું કાયમ તલવાર તાણી તાણી,
'ઈર્શાદ' આપણે તો ઈશ્વરને નામે વાણી "

''સહારો આંસુઓનો પણ હવે ''કૈલાસ'' ક્યાં લગી?,
રુદનના કારણો દુનિયા, ખુલાસાવાર માગે છે.''

કાફિયા

'કાફિયા'નો સામાન્ય અર્થ થાય છે. 'જવા માટે તૈયાર!' કાફિયા શે'રના શબ્દોની પાછળ આવતા હોય છે. એટલે 'પાછળ પાછળ આવનાર' એમ કહી શકાય. કાવ્યાત્મક પરિભાષામાં કહેવું હોય તો એમ કહી શકાય કે, ગઝલના શે'રોમાં અંત ભાગે જ અંત્યાનુપ્રાસયુક્ત શબ્દ આવે છે તે – 'કાફિયા'. પણ આયાસપૂર્વક – અભિનિવેશપૂર્વક મારી મચડીને બેસાડવામાં આવ્યો હોય તે ત્યાં કૃત્રિમતા આવવાની શક્યાઓ રહેલી છે. અનાયાસે સહજતાથી આવેલા કાફિયાથી શે'રનું સૌન્દર્ય ખીલી ઊઠે છે. કાફિયા એટલે પ્રાસ. ઉદાહરણ માટે આપણે કૈલાસ પંડિતની આ ગઝલ અવલોકીશું :

''હૃદય છલકાઈને મારું, તમારો પ્યાર માગે છે,
છલોછલ જામ જાણે ખુદ હવે, પીનાર માગે છે.''

હવે તોફાન છે તેથી, ઝુકાવું છું હું કિશ્તીને
તમન્નાઓ બધી એ ક્યારની આકાર માગે છે.

ન વર્તન જો ગમે મારું તો તું વ્યવહાર રહેવા દે,
જમાના, કેવી જાણી જોઈને તકરાર માગે છે.

ખરે છે રોજ તારાઓ ભલા શાને ગગનમાંથી?
મુલાયમ કોણ એવો, નિત્યનો શણગાર માગે છે.

સહારો આંસુઓનો પણ હવે ''કૈલાસ'', ક્યાં બાકી?
રુદનના કારણો દુનિયા, ખુલાસાવાર માગે છે.

કૈલાસ પંડિતકૃત આ ગઝલમાં 'પ્યાર,' 'પીનાર', 'આકાર', 'તકરાર', 'શણગાર', 'ખુલાસાવાર' એ શબ્દો કાફિયા છે. કેટલાક કવિઓ આ પ્રાસયોજનામાં હ્રસ્વદીર્ઘ કે અનુસ્વારની ભૂલ પણ ચલાવતા નથી. જો કે, આ કસબ બધાં જ ગઝલકારોને હસ્તગત હોતો નથી. ગઝલમાં રદીફ ન હોય તો ચાલે પણ કાફિયા વિના ગઝલ નિર્માણ શક્ય નથી. કાફિયા ગઝલની પ્રથમ અને અનિવાર્ય ઘટના છે. – પ્રથમ શરત છે. ગઝલકારે ગઝલની ગઝલિયત પ્રત્યેક શે'રમાં ઉજાગર કરવા કાફિયા યોજવા જ પડે. ઉત્તમ ગઝલ માટે કાફિયાની ચુસ્ત શરતનું પાલન કરવું જ ઘટે.

રદીફ

'રદીફ'નો અર્થ થાય છે – 'પાછા ફરવું', 'ફરીથી લખવું', 'પલટવું'. રદીફ હમેશાં કાફિયા પછી જ આવે. તેનું સ્થાન દરેક શે'રમાં નિશ્ચિત જ હોય છે. તે ક્યારેય બદલાતી નથી. જો કે, દરેક ગઝલમાં રદીફ હોવી જ જોઈએ તે અનિવાર્ય નથી. છતાં, રદીફને કારણે ગઝલમાં પ્રવાહિતા અને પદાવલિઓનો એક ચોક્કસ આકાર રચાય છે. રદીફને કારણે ગઝલમાં લયનું, સંગીતનું એક અનોખું વિશ્વ ઉભું થતું અનુભવાય છે.

રદીફના કોઈ પ્રકાર નથી છતાં, ગઝલોમાં તે લાંબી, મધ્યમ, ટૂંકી એમ ત્રણ પ્રકારની રદીફ જોવા મળે છે. એકાક્ષરીથી માંડીને અડધા મિસરા સુધીની રદીફ હોય શકે. ઘણીવાર લાંબી રદીફને ગઝલમાં નિભાવવી મુશ્કેલ હોય છે. ગુજરાતી ગઝલમાં ઘણાં ગઝલકારોને આ કસબ હાથ લાગ્યો છે. આપણા ઉત્તમ ગઝલકાર માના એક ગઝલકાર એવા સ્વ.મનોજ ખંડેરિયાને પોતાની ગઝલોમાં એકાક્ષરી રદીફથી માંડીને પ્રલંબ રદીફવાળી ગઝલો આપી છે. તેમની પ્રથિતયશ ગઝલ ''વરસોનાં વરસ લાગે'' તો તરત જ યાદ આવે તેવી પ્રલંબ રદીફવાળી ગઝલરચના છે.

''ક્ષણોને તોડવા બેસું તો વરસોનાં વરસ લાગે,
બુકાની છોડવા બેસું તો વરસોનાં વરસ લાગે.''

''કહો તો આ બધાં પ્રતિબિંબ હું હમણાં જ ભૂંસી દઉં,
અરીસો ફોડવા બેસું તો વરસોનાં વરસ લાગે.''

''કમળતંતુ સમા આ મૌનને તું તોડ મા નાહક,
ફરીથી જોડવા બેસું તો વરસોનાં વરસ લાગે.''

''આ સપનું તો બરફનો સ્તંભ છે, હમણાં જ ઓગળશે.
હું એને ખોડવા બેસું તો વરસોનાં વરસ લાગે.''

''મને સદ્ભાગ્ય કે શબ્દો મળ્યા તારે નગર જાવા,
ચરણ લઈ દોડવા બેસું તો વરસોનાં વરસ લાગે.''

અહીં ગઝલકારે ''બેસું તો વરસોનાં વરસ લાગે !'' જેવી પ્રલંબ રદીફ આલેખી હોવા છતાં, એ ભાવકને જરા પણ ભાર ઝલ્લી લાગતી નથી. સામાન્ય રીતે આપણે એમ લાગવા સંભવ છે કે, એકના એક શબ્દનું—વાક્યનું આવર્તન અહીં થાય છે. સાચા અર્થમાં એવું નથી. પ્રત્યેક શે'રમાં આવતી રદીફ નવા જ અર્થ પરિમાણને સાધે છે. વળી, તેમાંથી લય, પ્રવાહિતા અને નાદ સૌન્દર્ય પ્રગટે છે. હરીશ મીનાશ્રુની પ્રલંબ રદીફના બે'ક શે'ર જુઓ :

''દર્પણોએ પ્રશ્ન પૂછ્યો સાત છે કે હું તમે છું ને તમે માણસ નથી,
કે જુદી તદ્દન ખરેખર વાત છે કે હું તમે છું ને તમે માણસ નથી.''

''બંધ મુઠ્ઠીમાં લઈ બત્રીસ લક્ષણા કેટલા સંશય જીવે છે શહેરમાં,
સાવ શંકાશીલ માણસજાત છે કે હું તમે છું ને તમે માણસ નથી.''

અહીં શ્રી મીનાશ્રુએ ''છે કે હું તમે છું ને તમે માણસ નથી.'' જેવી લાંબી રદીફ રચીને અનેરું પરિમાણ પ્રગટાવ્યું છે.

ગઝલમાં એકાક્ષરી રદીફ પણ ધ્યાનાર્હ બને છે. જુઓ કેટલાક શેઅરઃ

''શબ્દમાં અર્થ છૂટા થાય છે,
વેદના શું એ હવે સમજાય છે,''
—હર્ષ બ્રહ્મભટ્ટ

''તમારા પગ મહીં જ્યારે પડ્યો છું,
હું સમજ્યો એમ આકાશે ચડ્યો છું.''
—શયદા

''તારું કશું ન હોય તો છોડીને આવ તું,
તારું જ બધું હોય તો છોડીને બતાવ તું,''
— 'રાજેશ વ્યાસ, મીસ્કીન'

''સુખ જેવું જગમાં કંઈ નથી જો છે તો આજ છે,
સુખ એ અમારા દુઃખનો ગુલાબી મિજાજ છે.''
— જલન માતરી

બહર

અરબી—ફારસી—ઉર્દૂમાં છંદને 'બહર,' અંગ્રેજીમાં '**Meter**' ગુજરાતી 'છંદ' તરીકે ઓળખવામાં આવે છે. વાણીએ છંદનો આધાર લઈને કવિતામાં રસ, સૌન્દર્ય અને આનંદાનુભૂતિને આલંકારિક રીતે નવાજી છે. 'બહર'નો અર્થ થાય છે — 'કાપવું', 'ચીરવું' કે વધુ પડતું લાબું કરવું.'' અરબી ભાષામાં બહર ઘણી છે. પણ તેમાંની ૧૯ બહર

ખૂબ પ્રચલિત છે. ઉર્દૂ ભાષાના કવિઓએ તો સગવડતા પ્રમાણે નવી નવી બહર પણ શોધી. આજે ઉર્દૂમાં ૭૪ જેટલી બહર અસ્તિત્વ ધરાવે છે. જો કે, તેમાંની ૧૫ જેટલી બહરનો વિશેષ ઉપયોગ થાય છે. ગઝલ મુખ્યત્વે નિયત બહરમાં લખાય છે. અરબી ભાષામાં મૂળ 'અવઝાન' છે. તેમાં ફઊલુન – લ–ગા–ગા, ફાઅિલુન – ગા–લ–ગા, મફાઈલુન – લ–ગા–ગા–ગા, ફાઅિલાતુન – ગા–લ–ગા–ગા, મસ્તફલિઅુન –ગા–ગા–લ–ગા, મફઊલાતુ – ગા–ગા–ગા–લ, મુફાઅલતુન –લ–ગા–લ–લ–ગા, મુત્ફાઅિલુન – લ–લ–ગા–લ–ગા, અરબી ભાષામાં તવીલ, મદીદ, બસીત, કામિલ, વાફિર, હજઝ, રજઝ, રમલ, સરીઅ્, મનસરીદ, ખફીફ, મુઝારિઅ્, મફતઝલ, મુજતહ, મુત દારિક, મુતકારિબ્ – જેવી મૂળ બહરો છે. વિભિન્ન સ્થંભોના સંયોજનથી લગાત્મક પંક્તિ બને છે. તેને બહાર તરીકે ઓળખવામાં આવે છે.

આધુનિક ગઝલકારો સંસ્કૃતવૃત્તોને મળતા આવતા હરિગીત, ભુજંગી જેવા છંદો પણ રચે છે. તો આજના ગઝલકારો ગીત, ભજન, દોહાના ઢાળો પણ વિનિયોજે છે. ગઝલમાં લાંબી, મધ્યમ અને ટૂંકી બહર પ્રયોજાય છે. તેમાં કઈ બહરવાળી ગઝલ ઉત્તમ એવું કહી શકાય નહીં. ગુજરાતી ગઝલમાં ટૂંકી અને લાંબી ગઝલના કેટલાક ઉદાહરણ જુઓ. ટૂંકી બહરના કેટલાક શે'ર.

"અંધ દર્પણમાં અજય છે,
તોય હળહળતો સમય છે.
તત્ત્વ જો દરિયો હશે તો,
સૂર્ય પવનના વલય છે."
– શ્યામ સાધુ

"આવા દુષ્કાળમાં,
કલરવો પાળ મા!
જર્જરિત ચાળમા
તુ સુરા ગાળમા"
–ભગવતી કુમાર શર્મા

કેટલીક લાંબી બહરમાં લખાયેલા શે'ર અવલોકો :

"ઉપેક્ષામાં નહિ તો બીજું તથ્ય શું છે? છે બસ એક એની મનાનો અનુભવ,
મળ્યાનો વળી બીજો આનંદ શું છે? સિવાય કે એની રજાનો અનુભવ."
–જવાહર બક્ષી

"ખુલ્લી બારી જેવી આંખોને આંખોમાં દિવસો ઊગે ને આથમતા,
દિવસો મતલબ વેઢા મતલબ પંખી મતલબ ઊડી જવાની ઘટના ઉર્ફે..."
–નયન દેસાઈ

તખલ્લુસ

સામાન્ય રીતે મોટાભાગના ગઝલકારો પોતે પોતાનું ઉપનામ ધારણ કરે છે. જેને તે પોતાની ગઝલના અંતિમ મિસરામાં વણી લે છે. સરળ રીતે કહેવું હોય તો ગઝલકાર પોતાની ગઝલમાં પોતાના અસલ નામને બદલે ગઝલના અંતિમ શે'રમાં પોતાનું તખલ્લુસ મૂકે છે. આપણા મધ્યકાળના ભક્તો કવિઓ કૃતિના અંતે પોતાનું નામ મૂકતા. આજે ઘણાં ગઝલકારો એવા છે કે, લોકો તેમને તેમના તખલ્લુસથી જ ઓળખે છે. ઘણીવાર તો એમનું મૂળ નામ લોકો ભૂલી જાય છે. તખલ્લુસ પસંદ કરવું એ પણ એક કસબ માગી લે છે. કારણ કે, ગઝલ મુખ્યત્વે છંદમાં ગોઠવવાની હોવાથી છંદની ગોઠવણમાં કોઈ મુસિબત

ઊભી ન થાય તેની કાળજી ગઝલકારે પહેલેથી જ લેવી ઘટે. વળી તખલ્લુસ અર્થસભર પણ હોવું જોઈએ. આપણે ત્યાં 'ગાલીબ', 'શયદા', 'મરીઝ', 'ઘાયલ', 'બેફામ', 'શૂન્ય', 'સાહિલ', 'ઈર્શાદ', 'આદિલ', 'મિસ્કીન', 'જટિલ', 'જીગર', 'કલાપી', 'સાગર', 'રાઝ' આદિ તખલ્લુસ ખૂબ જ લોકપ્રિય બન્યા છે. જુઓ આવા તખલ્લુસ વાળા મક્તઅઃ

''વતનની ધૂળથી માથુ ભરી લઉં, 'આદિલ',
અરે આ ધૂળ પછી ઉમ્રભર મળે ન મળે.''

''મીંડું સરવાળે છું છતાં 'ઘાયલ',
શૂન્ય કરતાં તો હું સવાયો છું.''

''જિંદગીના આ રસને પીવામાં કરો જલ્દી 'મરીઝ'
એક તો ઓછી મદિરા છે ને ગળતું જામ છે.''

''જિંદગીનો એ જ સાચેસાચ પડઘો છે 'ગની'
હોય ના વ્યક્તિ ને એનું નામ બોલાય કરે.''

આ ઉપરાંત, ગઝલનાં બહિર્ંગતત્ત્વ તરીકે 'ઝમીન' નું પણ મહત્ત્વ છે. ઉદ્‌ભવતાં ભાવોને સરળતાથી અને આકર્ષક રીતે અભિવ્યક્ત કરવા માટે કવિ છંદની પસંદગી કરે છે. તે માટે રદીફ કાફિયા સાથે જે માપ લેવામાં આવે તેને 'ઝમીન' કહેવામાં આવે છે. ખાસ કરીને મુશાયરાઓમાં 'ઝમીન'નું મહત્ત્વ વધી જાય છે. ગુજરાતીમાં તેને આપણે 'સંધિ' કે 'ગણ' કહીએ છીએ. અંગ્રેજીમાં જેને **Syllable** કહીએ છીએ. તેને ગઝલમાં 'રૂકન' કહેવામાં આવે છે. 'રૂકન'નો અર્થ થાય સ્થંભ, થાંભલો. બહુવચનમાં જેને 'અરકાન' કહેવામાં આવે છે.

અંતરંગ લક્ષણો

દરેક સાહિત્ય સ્વરૂપને આંતર–બાહ્ય લક્ષણો હોય છે. જે દરેક સ્વરૂપને એકબીજાથી ભિન્ન પાડે છે. ગઝલનાં બાહ્ય લક્ષણ જાણ્યા બાદ ગઝલનાં આંતરિક લક્ષણોની ચર્ચા નીચે મુજબ કરી શકાય.

(૧) અંદાઝે બયાં (અભિવ્યક્તિ રીતિ)

(૨) હુસ્ને–ખયાલ (વિચાર સૌન્દર્ય)

(૩) મૌસીકીયત (સંગીતમયતા)

(૪) લાઘવ

(૫) ચોટ

(૬) મિજાજ

(૭) ભાષા કર્મ

(૧) અંદાઝે બયાં (અભિવ્યક્તિ રીતિ)

દરેક ગઝલકારની ગઝલની રજૂઆતની અનોખી રીતિ હોય છે. ગઝલકાર પોતાના વિચાર કે ભાવસ્પંદનને રજૂ કરે છે તેની અભિવ્યક્તિ રીતિ અન્ય ગઝલકાર કરતા જુદી પડતી હોય છે. દરેક ગઝલકાર ગઝલમાં તાજગી, સફાઈ, કુમાશ, નાવીન્ય, માર્મિકતા, બારિકાઈ, વિચાર, સૌન્દર્ય આગવી રીતિથી પ્રગટાવે છે. આવી અભિવ્યક્તિની રીતિ એટલે અંદાઝે બયાં. 'ગાલિબ' સાહેબની અનોખી અંદાઝે બયાં પ્રગટાવતી એક ગઝલનો શે'ર જુઓ :

''હૈ ઔરભી દુનિયા મે સુખનવર બહોત અચ્છે,
કહેતે હૈં કિ ગાલિબકા હૈ અંદાઝે બયાં ઔર.''

તો ગઝલ સમ્રાટ 'મરીઝ'ની પ્રલંબ બહરમાં લખાયેલી ગઝલનો આ શે'ર અવલોકો :

"જીવનભરમાં તોફાન ખાળી રહ્યો છું ફક્ત એના મોઘમ ઈશારે ઈશારે,
ગમે ત્યાં હું ડૂબું, ગમે ત્યાં હું નીકળું, છે મારી પ્રતિક્ષા કિનારે કિનારે."

તો ગઝલમાં બાદશાહી ખુમારી પ્રગટાવતા 'ઘાયલ' સાહેબનો અંદાજ તો સાવ નોખો ને નિરાળો છે :

"મીઠું સરવાળે છું છતાં 'ઘાયલ'
શૂન્ય કરતાં તો હું સવાયો છું."

જ્યારે 'શયદા'ની ગઝલોની અનોખી અભિવ્યક્તિ અનોખી છે. તે ભાવકોનું ધ્યાન ખેંચ્યા વિના રહેતી નથી. જુઓ :

"જનારી રાત્રિ જતાં કહેજેઃ સલૂણી એવી સવાર આવે;
કળી કળીમાં સુવાસ મહેંકે, ફૂલો ફૂલોમાં બહાર આવે."

જ્યારે 'ગની' દહીંવાલાની ગઝલો તો ભાવકના હૃદયને સીધી જ સ્પર્શે છે. તેમનો આ શે'ર માણો :

"ગની' પર્વતોની આગળ આ રહ્યું છે શીશ અણનમ,
કોઈ પાંપણો ઢળી ત્યાં હું ઝૂકી ઝૂકી ગયો છું."

અહીં અભિવ્યક્તિ રીતિનો શબ્દચાતુર્ય કે શબ્દછલના એવો અર્થ અભિપ્રેત નથી. હાં...ઘણીવાર ગઝલકાર પરંપરિત કે ઘસાય ગયેલા કોઈ વિચાર કે ભાવને પોતાની પ્રતિભાના બળે વહેતા મૂકી તેમાં નાવિન્ય પ્રગટાવે છે. એમાંથી ભાવ—અર્થનું સૌન્દર્ય પ્રગટાવી નવ્ય પરિમાણો રચે છે. અમૃત 'ઘાયલ', શ્યામસાધુ, રમેશ પારેખ, રાજેન્દ્ર

શુક્લ, નયન દેસાઈ, મનોજ ખંડેરિયા, ચિનુમોદી જેવા ગઝલકારોની મુખેથી એમની ગઝલો સાંભળી છે. સાચે જ એમની અભિવ્યક્તિ અનોખી રીતે અસરકારક છે. 'મરીઝ', 'શયદા', 'બેફામ', 'શૂન્ય' – જેવા ગઝલકારોની ગઝલોમાં અંદાઝે બયાં અનોખી હોય છે. તેને કારણે જ એમની લોકપ્રિયતા જળવાય રહી છે એમ કહેવામાંયે જરા અત્યુક્તિ તો નથી જ.

(૨) હુસ્ને ખ્યાલ (વિચાર સૌન્દર્ય)

આમ તો દરેક કલાકાર પાસે કલ્પનાનું અને સૌન્દર્યનું સત્ય હોય જ. જે કવિચેતનાનું મુખ્ય ઘટક છે. દરેક કાવ્યોમાં 'ખયાલ' અને 'વિચાર' ઘણાં જ અગત્યના હોય છે. કેટલાક વિદ્વાનો અને એમાંયે ખાસ કરીને આપણાં સૉનેટકાર પ્રા.બ.ક.ઠોકોરે તો કવિતામાં વિચારતત્ત્વની જોરદાર હિમાયત કરી છે. જો કે, તે પૂર્ણતઃ સ્વીકારી શકાય કે કેમ? તે એક ચર્ચાનો વિષય છે. કારણ કે, કવિતામાં વિચારતત્ત્વની સાથે ઊર્મિતત્ત્વનું પણ એટલું જ મહત્ત્વ છે. ગઝલ અન્ય કાવ્યસ્વરૂપ કરતા થોડો ભિન્ન કાવ્યપ્રકાર છે. તેમાં ગઝલકારના વ્યક્તિનું તેજ—પ્રતિભા ઉમેરાય છે. ગઝલકાર જીવનની ખુમારી અને ગંભીર ચિંતનને પણ પોતાની પ્રતિભાના બળે આલેખે છે. ગઝલમાં ખુમારી પ્રગટાવતો 'શયદા'નો આ શે'ર માણો :

"આભાર ભરેલા મસ્તકને ઊંચકવું 'શયદા' સ્હેલ નથી.
હું એમ તો મસ્તીમાં આવી, આકાશ ઉઠાવી જાણું છું."

જીવનના સત્વ અને સત્યને ઉજાગર કરતો 'જલન' માતરીનો આ શે'ર તો ઘણો જ લોકભોગ્ય બન્યો છે :

"મૃત્યુની ઠેસ વાગશે તો શું થશે 'જલન',
જીવનની ઠેસની તો હજુ કાળ વળી નથી."

જીવન અને મૃત્યુનો ભેદ સમજાવતો 'બેફામ' સાહેબનો આ શે'ર જુઓ :

"બેફામ તોય કેટલું થાકી જવું પડ્યું,
નહિ તો જીવનનો માર્ગ છે ઘરથી કબર સુધી."

આવા જ બે'ક શેર માણો :

"જીવનની સમી સાંજે મારે ઝખ્મોની યાદી જોવી હતી;
બહુ થોડાં પાના જોઈ શક્યો, બહુ અંગત અંગત નામ હતા."
— 'સૈફ' — પાલનપુર

"જિંદગીનો એ જ સાચેસાચ પડઘો છે 'ગની',
હોય ના વ્યક્તિ ને એનું નામ બોલાય કરે."
— 'ગની' — દહીંવાલા.

(૩) મૌસિકીયત (સંગીતમયતા)

એ વિદિત છે કે, ગઝલ અરબીમાંથી આવેલું સાહિત્યસ્વરૂપ છે. ગઝલમાં બહરનું ખાસ્સું મહત્ત્વ છે. તેની ચર્ચા આગળ કરી છે. આપણે ત્યાં કવિતામાં છંદ અનિવાર્ય છે કે નહીં? તે અંગે ઘણી ચર્ચા થઈ છે. ગુજરાતી કવિતામાં બીજા કાવ્યસ્વરૂપોમાં ભલે છંદ અનિવાર્ય નથી પણ, ગઝલમાં એનું ચોક્કસ મહત્ત્વ છે. ગઝલમાં બહરને કારણે તેમાં રાગ, લય, સંગીતતત્ત્વ જળવાય રહે છે. ગઝલના શે'ર લયમાધુર્ય, સ્વરનિયોજન, તાલ, પ્રાસાનુપ્રાસ વિના લખવા મુશ્કેલ છે. જે ગઝલમાં સરળ પદાવલી, કર્ણપ્રિયતા, લયવિન્યાસ હોય તો તે

ગઝલમાં મૌસિકી છે એમ કહેવાય. મૌસિકીયત ગઝલને શ્રવણક્ષમ, ધારદાર ને રસદાર બનાવે છે. ગૈયતા વિનાની ગઝલ ભાગ્યે જ સફળ બને. જે ગઝલમાં લય, સંગીત, ગૈયતા હોય તેને 'મત્બૂઅ' કહેવાય છે. આપણે ત્યાં કવિ સંમેલન, સુગમસંગીત જેવા કાર્યક્રમોમાં ગઝલ વિશેષ ગવાય છે. ગઝલ બહરમાં લખાયેલી હોવાને કારણે કોઈ કુશળ ગાયક તેને સહેલાઈથી સ્વરબદ્ધ કરી શકે છે. ગઝલમાં પહેલીથી જ લય, તોલ—માપ સુનિશ્ચિત હોય છે. આ કેટલાક શે'ર અવલોકો :

"દિવસો જુદાઈના જાય છે, એ જશે જરૂર મિલન સુધી
મારો હાથ ઝાલીને લઈ જશે, હવે શત્રુઓ સ્વજન સુધી."
— 'ગની — દહીંવાલા'

"પ્રણયના પંથના એવા મુસાફિરનો ખુદાહાફિઝ,
કે પગ નીચે કાંટા રહે ને હાથોમાં ગુલાબ આવે."
— 'મરીઝ'

'આદિલ'ને તે દિવસથી મળ્યું દર્દ દોસ્તો,
દુનિયાની જે દિવસથી શરૂઆત થઈ હશે."
'આદિલ' મન્સૂરી.

ગઝલમાં શબ્દોની ગોઠવણી અને પસંદગી એવી રીતે કરવામાં આવે કે, શબ્દ સાંભળવાની સાથે જ ભાવકના કાન રણકી ઉઠે છે. ગઝલમાંથી નિષ્પન્ન થતો લય ભાવકને ડોલાયમાન બનાવી મૂકે છે. અહીં એક વાત નોંધવી જોઈએ કે, ગઝલમાં આવતી મૌસિકીયત એના શબ્દોને આભારી છે. ગઝલમાં છંદ હોય એટલે તે ગઝલ ઉત્તમ નીવડે જ એવું નથી. ગઝલમાં જ્યારે બહર, સરળ અને કોમલ પદાવલી રચાય ત્યારે એમાંથી જે સંગીતમયતા પ્રગટ થાય છે તે કર્ણપ્રિય હોય

છે. અહીં એક વાત નોંધવાનું મન થાય છે કે, ગઝલ એટલે ફારસી રાગમાં ગવાતું કાવ્ય છે એમ હવે કહી શકાય નહીં. તેને જુદા જુદા રાગોમાં પણ ગાઈ શકાય છે.

(૪) લાઘવ

સાહિત્યમાં લાઘવપણું અનિવાર્ય ઘટક છે. ઓછામાં ઓછા શબ્દોમાં ભાવ કે વિચાર રજૂ થાય તો એ વધારે અસરકારક નીવડે છે. બિન જરૂરી શબ્દો ગઝલના સૌન્દર્યને નુકસાન કરે છે. જ્યારે લાઘવતાને કારણે ગઝલનો શે'ર ધારદાર ચોટ કે વેધકતા નિર્મે છે. છતાં, ટૂંકી બહરમાં રચાતી ગઝલોમાં લાઘવની કળા તેના ગઝલકાર માટે એક ચેલેન્જ બને છે. કારણ કે, લાઘવતામાં વિચારતંતુ બરાબર સ્ફુટ થતો ન હોય તો ગઝલનો શે'ર ધારી અસર નિપજાવતો નથી.

બાદશાહી ખુમારીમાં જીવતા અમૃત 'ઘાયલ'ની ગઝલોની લાઘવતામાં એમનું નિજી વ્યક્તિત્વ સુપેરે પ્રગટે છે. જુઓ એમનો એક શે'ર :

"લાગું છું ખાલી પણ 'ઘાયલ'
ભરપૂર ભરેલો માણસ છું."

શ્રી ભગવતીકુમાર શર્મા લાઘવમાં નવા પ્રતીક દ્વારા ભાવ પ્રગટ કરતા કહે છે :

"સમય ટેરવે વાવી આપો;
રિસ્ટવોચ છું, ચાવી આપો."

અહીં ટૂંકી બહરમાં ભગવતીકુમાર શર્માએ નવા જ પરિમાણો રચ્યાં છે.

ઘણાં ગઝલકારો ટૂંકી બહરમાં લાઘવતાથી નયનરમ્યને હૃદયગમ્ય કોતરણી કરી જાણે છે. શેખાદમ આબુવાલાની આ ગઝલ અવલોકો જેમાં આ ગઝલકારે લાઘવમાં અનેક ભાવ અર્થો રચ્યા છે.

"હું નયનનું નીર છું,
પ્રેમનું તકદીર છું.
ખેંચશો–હારી જશો,
દ્રૌપદીનું ચીર છું
– – – – – – – – –
પાત્ર લાવો હેમનું,
હું સિંહણનું ક્ષીર છું.
જન્મના ફેરાની હું,
તૂટતી જંજીર છું.
જાય છે આદમ? ભલે;
દુઃખ નથી દિલગીર છું."

અહીં ભાવ વિચારનું નાવીન્ય નવા અર્થ સંદર્ભો રચે છે. 'ગાલ ગાગા ગાલગામાં ભાવનું સાતત્ય કળાય છે. લાઘવમાં લખાયેલી ગઝલોમાં સંદર્ભ કે સંબંધ વગરના શબ્દો ભારઝલ્લા બને છે. જે ગઝલકારે લાઘવનો કસબ કેળવ્યો હોય તેમની ગઝલના શે'ર ચોક્કસ અસરકારક, ચોટદાર ને ધારદાર બને છે.

(૫) ચોટ

ગઝલમાં ધારદાર અભિવ્યક્તિને ઘણું મહત્ત્વનું અંગ ગણવામાં આવે છે. ગઝલના શે'રમાં જો કોઈ ચોક્કસ પ્રકારની ચોટ અર્પવાની ક્ષમતા ના હોય તો તેવી ગઝલમાં રોમાન્ચ પેદા થતો નથી. ગઝલકાર વાર્તાલાપ કે વાતચીતની ભાષા દ્વારા પ્રત્યક્ષતા, સચોટતા,

અસરકારકતા પેદા કરીને એક અનોખી ચોટ ઊભી કરે છે. અહીં ગઝલકારે શબ્દાડંબર કે વાક્‌ડંબર ઊભો કરવાનો નથી. ભાષાનો વૈભવ રચ્યા વિના જ ગઝલકાર સરળ અને ભાવવાહી રીતે શે'ર રજૂ કરી ગઝલને શે'રને લોકભોગ્ય બનાવે છે. જુઓ કેટલાક શે'ર :

''એળે બેળે થઈ ગઈ પૂરી 'મરીઝ'
જિંદગી ભાંગી ગઈ, ભાગી નહીં.''
—મરીઝ

''આટલે વર્ષે હવે ઈકરાર ના કરશો તમે,
જામ શું કે ઝેરશું, સઘળું સમય પર જોઈએ.''
— મનહર ચોકસી

''પી ગયો છું આંખની ભીનાશ પણ,
પાંપણો ઊંચકું તો દરિયો નીકળે.''
— કૈલાસ પંડિત

(૬) મિજાજ

ગઝલ હવે પ્રેમ—મસ્તી કે પ્રભુપ્રેમ વિષયક જ રહી નથી. ગઝલમાં ઘણાં ગઝલકારો હવે આગવાં મિજાજ પ્રગટાવે છે. આ ઉપરાંત, ગઝલમાં સ્નેહ, ગરીબી—અમીરી, વતનપરસ્તી, દેશદાઝ, દુશ્મની, માનવીય ભાવો, વેદના, જીવનનો અસલ મિજાજ વગેરે વિષયો પર હવે ગઝલ રચાય છે. ઘણાં ગઝલકારોનો આગવો મિજાજ અનન્ય ને અનોખો હોય છે. રુસ્વા મઝલૂમીનો મત્લાનો આ શે'ર જુઓ :

''મોહતાજ ના કશાનો હતો, કોણ માનશે?,
મારોય એક જમાનો હતો, કોણ માનશે?''

અમૃત 'ઘાયલ'ની ગઝલોમાં તો એમની બાદશાહી ખુમારી ખુમાર સાથે પ્રગટે છે જે અનન્ય છે. જુઓ 'ઘાયલ' સાહેબના બે'ક શે'ર :

''આમ તો છું ફકીર પણ 'ઘાયલ',
ચાકરો બાદશાહ રાખું છું.''
x x x x x x x x x x x x x x
''માહ્યલો મબલખ ખજાનો છે ભર્યો.
હું નથી ખાલી ખુશીની ખાણ છું.''

મોટાભાગના ગઝલકારો એક બીજાથી જુદાં પડે છે. તેનું મુખ્ય કારણ છે, એમનો મિજાજ. દરેક ગઝલકારને પોતાનો અનોખો અંદાઝ હોય છે તે પોતાના અસલમિજાજને ગઝલમાં એવી રીતે ગુંથે છે કે, ભાવકના હોઠ પરથી વાહ! વાહ! શબ્દો સરી પડે છે.

(૭) ભાષાકર્મ

ગઝલનું ગુજરાતીકરણ થવાની પ્રક્રિયા આમ તો 'કલાપી'થી શરૂ થઈ ગઈ હતી. કેટલાક ગઝલકારોએ તદ્દન સરળ અને બોલચાલની ગુજરાતી બાનીમાં પણ ગઝલ રચી છે. છતાં, તે ગઝલો લોકપ્રિય બની છે. ગઝલ માત્ર ઉર્દૂ—ફારસી—અરબી ભાષાની શબ્દો દ્વારા જ લખાય એવી માન્યતા હવે રહી નથી. સામ્પ્રત ગઝલકારો તો ગઝલોમાં સંસ્કૃત તત્સમ્, હિન્દી, વ્રજ, ઉર્દૂ – ફારસી – અરબી, ગુજરાતી એમ વિવિધ ભાષાના શબ્દો કુશળતાથી પ્રયોજે છે. રાજેન્દ્ર શુક્લની ગઝલોમાં તો સંસ્કૃત તત્સમ્‌નું પ્રાચુર્ય જોવા મળે છે. જુઓ તેમના બે'ક શે'ર :

''સભર સુરાહી લલિત લચક કટિ, કોમલસ્કંધા ગઝલ,
વનવન ભમતા મિલત અતર્કિક, યોજનગંધા ગઝલ.

લખચોરાશી લખત લખત ચખ વેધત રે લખ સકલ,
અલખ અલખ ગિરનારી ગાજે નિત પડછંદા ગઝલ.

''સાંસ ઉસાંસ ચલાવત છૂવત ઝિલમિલ સાતોં ગગન,
વિહંસ વિહંસ કરતાલ નચાવત ગાવત બંદા ગઝલ.
કીંહ લગ રૂઠો, માન કરો અતિ, મુખ મચકોડો અલગ,
સૂર મિલાવી ગાઓ, પ્રિયજના સત્ ચિત્ નંદા ગઝલ.''

અહીં રાજેન્દ્ર, શુક્લએ 'ગઝલ' સત્–ચિત્–નંદાદીફમાં કોમલ સ્કંધા, 'યોજનગંધા', 'પડછંદા', 'ત્રૂટિતફંદા', 'બંદા', 'નંદા', જેવા કાફિયા પ્રયોજીને અપૂર્વ ગઝલસૌન્દર્ય નિમ્યું છે. આ ગઝલની ગઝલોમાં સંસ્કૃત તત્સમ્ ઉપરાંત હિન્દી, વ્રજ, પ્રાકૃત, અપભ્રંશ આદિ શબ્દો પણ અનાયાસે આવી અનોખું ગઝલત્ત્વ પ્રગટાવે છે. તો 'બેફામ' જેવા ગઝલકારની ગઝલોમાં અરબી–ફારસીની સાથે ક્યારેક શુદ્ધ ગુજરાતીના શબ્દો સિફતપૂર્વક પ્રયોજાય છે. શુદ્ધ ગુજરાતી શબ્દોમાં રચાયેલા એમના શે'ર ઘણાં જ હૃદ્ય પણ બન્યાં છે જુઓ :

''શ્રદ્ધાની હો સુવાસ, પ્રતીક્ષાનો રંગ હો,
એવાં ફૂલો ખીલે છે ફક્ત પાનખર સુધી.''

ગુજરાતી ગઝલમાં ખાસ કરીને આદિલ મન્સૂરી, મનોજ ખંડેરિયા, રમેશ પારેખ, શ્યામ સાધુ, ચિનુ મોદી, રાજેન્દ્ર શુક્લ, નયન દેસાઇ, ડૉ.મુકુલ ચોકસી, સુધી આવતાં ગુજરાતી ગઝલની બાનીનો ચહેરો ઘણો બદલાય ગયો છે. હવે તો ગઝલમાં અંગ્રેજી ભાષાના શબ્દો પણ સરળતાથી પ્રવેશી ગયા છે. જુઓ ભગવતી કુમાર શર્માનો આ શે'ર :

''રેઈન કોટો, છત્રીઓ, ગમશૂઝ, વોટરપ્રૂફ, હેટ્સ,
માનવીએ કેટલી ભીંતો ચણી વરસાદમાં!''

તો 'અદમ' ટંકારવીની એક ગઝલનો મત્લઅ્ ગઝલ પણ સેન્થેટિક બન્યાનો દાખલો બને છે :

''યાદોનાં પરફ્યુમ્સ ઊડે છે,
ડનલોપી સપનાં આવે છે.''

તો વળી, તળપદી બાનીનો લય લહેકો પણ ગુજરાતી ગઝલમાં ધ્યાન ખેંચે છે. રમેશ પારેખનો આ શે'ર જુઓ :

''આંગળી નામની પાંચે છિનાળ પુત્રીએ,
સળંગ હાથને બે આબરૂ કરેલા છે!''

તો જવાહર બક્ષી ગરબાની શૈલીમાં ગઝલને ઘૂંટે છે :

''તારા વિનાનો મારો આ ભીનો ઉજાગરો,
કૂવાની જેમ અર્ધો ભરેલો રહે રે લોલ!''

કે પછી નયન હ. દેસાઈની ગઝલમાં સ્ત્રીનો લહેકો હૃદયંગમ બની જાય છે :

''મા! મને ગમતું નથી આ ગામમાં,
હાલ્ય, બચકું બાંધ, આયર સાંભરે!''

આ ઉપરાંત, સંકેત જેવું તત્ત્વ પણ ગઝલમાં અવાર નવાર કલા કસબથી પ્રયોજાય છે. તો ગઝલોમાં વિષય, પ્રતીક, કલ્પન, મીથ, આધુનિકતા, પ્રયોગશીલતા આદિની પણ વિશદ છણાવટ થઈ શકે.

૨ : ગુજરાતી ગઝલની વિકાસયાત્રા

ગઝલ મૂળ અરબી ભાષાનું સાહિત્ય સ્વરૂપ છે. ગઝલ અરબસ્તાનથી ઈરાકની ફારસી ભાષામાં વિકાસ પામી છે. ભારત પર મોગલ સલ્તનત પછી ભારતમાં ફારસી રાજભાષા બને છે. તે સમયે ભારતીય સૈનિકો અને મોગલ સૈનિકોની વાતચીત ફારસી હિન્દીમાં થતી એમનું મિશ્રણ થતા ઊર્દૂભાષા પ્રચલિત બને છે. ફારસીનું અતિશય પ્રચલિત કાવ્યસ્વરૂપ ગઝલ ધીમે ધીમે આમ લોકો સુધી પહોંચવા લાગે છે. એટલે એમ કહી શકાય કે ગઝલનું વતન મધ્ય—પશ્ચિમ એશિયા એટલે કે અરબસ્તાન—ઈરાક છે. 'ગઝલ' સાહિત્ય સ્વરૂપ ગુજરાતીમાં પ્રવેશ્યાને આજે સવાસો વર્ષ જેવું થવા જાય છે. ગઝલ સાહિત્ય સ્વરૂપને ગુજરાતી ઊર્મિકવિતાના લવચિકતા અને લાલિત્ય જેવા ગુણો વધારે માફક આવ્યા. ''અર્વાચીનોમાં આદ્ય'' એવા નર્મદની કૌતુક રાગી કવિતામાં તેનાં કેટલાંક લક્ષણો દશ્યમાન થાય છે.

ગુજરાતી ભાષામાં ગઝલને સમજપૂર્વક આલેખવામાં સૌ પ્રથમ કોઈ કવિનું નામ લેવું હોય તો તે છે — બાલાશંકર ઉલ્લાસરામ કંથારિયા. આ કવિને આપણા પ્રથમ ગઝલકાર તરીકે સંબોધવામાં કોઈ અત્યુક્તિ નથી. બાલાશંકર કંથારિયા પાસેથી સૌ પ્રથમ ઈયત્તા અને ગુણવત્તા ઊભય દષ્ટિએ ગઝલો પ્રાપ્ત થાય છે. તેમની ગઝલોનું

સાહિત્યિક મૂલ્ય પણ ઘણું છે. તેમની ગઝલોમાં ઇશ્કે—મિજાજે અને ઇશ્કે—હકીકી ઊભય તત્ત્વો દષ્ટિગત થાય છે. એમની ગઝલોમાં પ્રેમ—પ્રણય કેન્દ્રસ્થાને છે છતાં એમની ગતિ ફિલસૂફીની છે. તેમની ગઝલનો આ જાણીતો મત્લો ખૂબ જ લોકપ્રિય બન્યો છે.

''ગુજરે જે શિરે તારે, જગતનો નાથ તે સ્હેજે,
ગણ્યું જે પ્યારું પ્યારાએ, અતિપ્યારું ગણી લેજે.''

આ ગઝલ આમ તો હમરદીફ—હમકાફિયાની છે. આથી અહીં કાફિયા પોતે જ રદીફની ગરજ સારે છે. બાલાશંકર કંથારિયાના 'પ્રેમ પંચદશી'માં લગભગ અઢાર જેટલી ગઝલો છે. તેમની કેટલીક ગઝલના શે'ર તો વારંવાર મુખે રમ્યાં કરે છે :

''જિગરનો યાર જુદો તો, બધો સંસાર જુદો છે.
બધા સંસારથી એ યાર, બેદરકાર જુદો છે.''

''ઊડો નાદાન મન બુલબુલ, રહો ગુલઝારમાં ના ના,
વફાઈ એક પણ ગુલની દીઠી ભર પ્યારમાં ના ના!''

''સજન, ગરીબ મારી હાલતે ઉપહાંસી કાં ધરે?
અમારા ભર્યાં ભંડારની ખબર નથી મળી.''

ઉમાશંકર જોશી બાલાશંકર કંથારિયા વિશે નોંધે છે : 'ઓગણીસમી સદીના ઉતરાર્ધના કવિ બે — કલાન્ત અને કાન્ત...એક આપણી ગુર્જરીનો મૂર્તિમંત વિપ્રલંભી શૃંગાર છે, બીજો સાક્ષાત્ કરુણ છે.'' બાલાશંકર કંથારિયા વિશે એમ નિઃસંકોચ કહી શકાય કે, કાવ્યસર્જનનો એ એક અપૂર્વ આવિર્ભાવ છે.

ત્યારબાદ મણિભાઈ નભુભાઈ દ્વિવેદી પાસેથી પણ ગઝલો કહી શકાય એવી થોડીક કૃતિઓ મળે છે. પણ આ ગાળાના સૌથી લોકપ્રિય અને ગઝલ સાહિત્ય સ્વરૂપમાં ગઝલને ખૂબ જ લોકપ્રિયતા અપાવી છે. તેવા કવિ છે – કલાપી. રાજવી કવિ સુરસિંહજી તખ્તસિંહ ગોહિલ પાસેથી ઉત્તમ કક્ષાની ગઝલો પ્રાપ્ત થાય છે. તે સમયગાળામાં આ કવિની ગઝલોઓ તો યુવાવર્ગને રીતસરનું ઘેલું લગાડ્યું હતું. એક માત્ર કાવ્યસંગ્રહ 'કેકારવ'માં કલાપીએ સારા પ્રમાણમાં ગઝલો લખી છે. એમાં તેમણે સૂફીવાદ અને અદ્વૈતનો સુભગ સમન્વય કર્યો છે. ગઝલ લખવાની દીક્ષા તેમણે મણિલાલ પાસેથી લીધી હતી. દર્દની, સંઘર્ષની, ખુવારી અને ખુમારીની, મસ્તીથી પ્રબળ ઊર્મિઓ કલાપીની ગઝલોમાં ઝિલાઈ છે. તેમની શૃંગાર રસિકતાને, સૌન્દર્ય મસ્તીને, દર્દે દિલીને અને નિરાડંબરી માનસને વિહરવાનું ગઝલોમાં સુગમ થઈ પડ્યું છે. રાગ અને ત્યાગ વચ્ચે ઝૂલતું એમનું હૈયું એમની ગઝલોમાં કલાત્મકરૂપે પ્રગટે છે. તેમની 'તમારી રાહ', 'આપની રહમ', 'સનમની શોધ', 'સનમને', 'ત્યાગ', 'હમારા રાહ', હમારી પિછાન જેવી રચનાઓમાં તેમનાં મનોભાવો કલાત્મક રીતે ગુંથાયા છે. જુઓ તેમનાં કેટલાક શે'ર :

''યારી ગુલામી શું કરું ત્હારી? સનમ!
ગાલે ચૂમું કે પ્હાનીએ તુંને? સનમ!
x x x x x x x x x x x x x x
જ્યાં જ્યાં નઝર મ્હારી ઠરે યાદી ભરી ત્યાં આપની,
આંસુ મહીં એ આંખથી યાદી ઝરે છે આપની.''
x x x x x x x x x x x x x x

''માશૂકોના ગાલની લાલી મહીં લાલી, અને,
જ્યાં જ્યાં ચમન જ્યાં જ્યાં ગુલો ત્યાં ત્યાં નિશાની આપની!
x x x x x x x x x x x x x x x x x x x x x x x
જખમથી જે ડરી રહેતાં, વગર જખમે જખમ સ્હેતાં,
હમે તો ખાઈને જખમો ખૂબી ત્યાં માનનારાઓ!''

કલાપીની ગઝલોએ કહીએ કે, ગઝલ સ્વરૂપને તે સમયે ઘણો લોકપ્રિય બનાવ્યું હતું. કલાપી વિશે વિજયરાવ વૈદ્ય જેવા વિવેચકે નોંધવું પડ્યું છે : 'કલાપીએ આપણી ભાષાને થોડાં કાવ્યો ને કોઈને કોઈ પંક્તિઓ એવાં આપ્યાં છે. કે એના વિના ગુજરાતી રંક રહી ગઈ હોત, નિઃશક.''

'સાગર' – જગન્નાથ દા. ત્રિપાઠી મૂળ તો શુદ્ધ સૂફીવાદી કવિ હતા. તેમની ગઝલોનો મુખ્ય રંગ છે – ઈશ્કે–હકીકી. તેમની ગઝલોમાં સનમ, સુરા, માશૂક સાકી, બુલબુલ, જામ આદિ પ્રચલિત પ્રતીકો ખૂબ વણાયા છે. 'થાકેલું હૃદય', 'દીવાને સાગર', દફ્તર – ૧– ૨ વગેરેમાં તેમની કવિતા સંગ્રહાયેલી છે. દફ્રત ૨-૨ માં ૪૧ ગઝલો સંગ્રહાયેલી છે.

''પ્રલાપો પ્રેમીના દિલના સનમ જાણે–ઘણી જાણે,
તૂ હી તૂ હી નાદ ઘાયલના ઘવાયા હોય તે જાણે.''

આ સમયગાળા દરમ્યાન કાન્ત, બહેરામજી મલબારી, ન્હાનાલાલ વગેરે પાસેથી ક્યાંક ક્યાંક ગઝલો કે ગઝલો જેવી કૃતિઓ સાંપડે છે.

ગુજરાતી ગઝલમાં અમૃત કેશવનાયક પાસેથી કેટલીક સારી ગઝલો મળે છે. તેઓ ગુજરાતી ગઝલને એક કદમ આગળ વધારે છે.

તેમની ગઝલોમાં ગઝલના આંતર–બાહ્ય સ્વરૂપની પરિપક્વ સમજ ધ્યાનાર્હ છે. જુઓ તેમનાં કેટલાક શે'ર :

''આંખોથી વહે છે ધારા, તો યે જિગર બળે છે,
ચોમાસે ભરપૂરે, આકાશનું ઘર બળે છે.''

x x x x x x x x x x x x x

મને વાંધો નથી વ્હાલા, હૃદયમાં ઘર કરી બેસો,
તમારો દેશ છે આખો, ભલે ને સર કરી બેસો.''

x x x x x x x x x x x x x

''મૃત છું તોય જીવું, માશૂક અમૃત પાયે,
વર્ના તમાશો જોશે કે કેમ નર બળે છે!''

x x x x x x x x x x x x x

''એ તો જાણું છું, એની શાન પરી જેવી છે,
કદી પરેશાન કરે એ પરીને શું કરવું?''

આ સમયગાળા દરમ્યાન ખબરદાર, ''મણિકાંત'' મણિલાલ પંડ્યા વગેરે પાસેથી પણ ગઝલો મળે છે. ખબરદારની ગઝલો મુખ્યત્ત્વે ચિંતનાત્મક છે.

'શયદા' – હરજી લવજી દામાણી ગુજરાતી ગઝલની વિકાસયાત્રામાં મહત્ત્વનું નામ છે. ગુજરાતી વિવેચકો 'શયદા'થી ગુજરાતી ગઝલનો બીજો તબક્કો ગણાવે છે. તેમણે 'ગુલઝારે શાયરી', 'દીપકનાં ફૂલ', 'શયદાનો ગઝલ ગુલઝાર' – વગેરે સંગ્રહોમાં તેમની પાસેથી ઉત્તમકક્ષાની ઉત્તમકક્ષાની ગઝલો પ્રાપ્ત થાય છે. કલાપી પછી ગુજરાતી ગઝલને લોકપ્રિય બનાવવામાં શયદાનો ગઝલક્ષેત્રે મહત્ત્વનો

ફાળો છે. તેમણે ગઝલને શાસ્ત્રશુદ્ધ ગુજરાતી બનાવવાનો પ્રયાસ કર્યો છે. તેનાં કેટલાંક શે'ર અવલોકો :

''તમો શોધો તમોને એ જ રીતે,
હું ખોવાયો પછી મુજને જડ્યો છું.''

x x x x x x x x x x x x x

''ઓ પડી ગઈ, ઓ પડી ગઈ જિંદગી,
ઓ મદીલી આંખડી, ટેકો લગાર!''

x x x x x x x x x x x x x

''શબ્દમાં ગહેકી રહ્યાં છે મોરલા,
ભાવના મારી ઢળકતી ઢેલ છે.''

x x x x x x x x x x x x x

''મને 'શયદા' મળી રહેશે વિસામો,
પ્રભુનું નામ લઈ પંથે પડ્યો છું.''

''સગીર'' – ગુલામ હુસૈન મહંમદ હુસેન પાસેથી પણ કેટલીક સુંદર ગઝલો પ્રાપ્ત થાય છે. તેમની ગઝલો 'સગીર'ની ગઝલો અને 'ફલક'માં સંગ્રહાયેલી છે. 'સગીરની' ગઝલોમાં એક જાતની બળકટતા દેખાય છે. તેમનાં બે'ક શે'ર માણો :

''સગીર! દિવ્ય મંજિલ મળે કાફલાથી,
અરે! આ તો છે એક સપનું સપનમાં!''

કે પછી —

''તું કોણ છે સ્વયં હું તને ભાન કરાવું;
ઓ માત્ર તરંગોમાં વિહરમાન, અહીં આવ!''

'બેકાર' — ઈબ્રાહિમ દાદાભાઈ પટેલે ગુજરાતી ગઝલને લોકપ્રિય બનાવવામાં અને ખાસ કરીને મુશાયરાઓમાં આકર્ષક રીતે રજૂ કરવામાં ગઝલને ખ્યાતિને અપાવી છે. ત્યારબાદ આસીમ રાંદેરી — મહમુદમિયાં મહંમદ ઈમામે પણ ગઝલો લખી છે. જો કે, તેમની ગઝલો વિશેષ હઝલ પ્રકારની છે. તેમણે 'લીલાં', 'શણગાર', વગેરે ગઝલસંગ્રહો આપ્યાં છે. તેમનાં કેટલાક શે'ર જુઓ :

''એક ભ્રમણા છે હકીકતમાં સહારો તો નથી,
જેને સમજો છો કિનારો એ કિનારો તો નથી.''

x x x x x x x x x x x x x

''માત્ર મિત્રોનું નહીં, દુનિયાનું દરદ છે દિલમાં,
કોઈનો મારી મહોબ્બત પર ઈજારો તો નથી.''

x x x x x x x x x x x x x

''જે ગઝલમાં પ્રેમભાષાની સુગંધ 'આસીમ' ન હો,
કાગળોનાં ફૂલની એ ગુલછડી શા કામની?''

'પતીલ' મગનભાઈ ભૂધરભાઈ પટેલ પાસેથી 'પ્રભાત નર્મદા' અને 'કુલ્સિયાત' જેવા કાવ્યસંગ્રહો પ્રાપ્ત થાય છે. 'પતીલ' આ યુગના ગઝલકારોથી થોડા જુદા પડે છે. કારણ કે, તેમની ગઝલોમાં પ્રયોગશીલતા જોવા મળે છે. ક્યાંક આવતી ક્લિષ્ટતા અવશ્ય કઠે છે : તેમણે ફારસી ઉપરાંત, સંસ્કૃત તત્સમ્ શબ્દોનો પણ વિનિયોગ અભિનિવેશે કર્યો છે : તેમના બે'ક શે'ર જુઓ :

''અગર ખંજર જિગરમાં છો તમે આ ભોંકનારા,
દુઆ માગી રહ્યો છું હું સદા હકમાં તમારા!''

કે પછી —

''મને જીવતો દફન કરવા થયા તૈયાર, મારા
ભૂલું હું કેમ તમને, ઓ મને ભૂલી જનારા.''

આ યુગના ગઝલકારોમાં સાબિર વટવા, નસીમ, વગેરે પણ ધ્યાન ખેંચે છે.

'મરીઝ' અબ્બાસ અબ્દુલઅલી વાસી ગુજરાતી ગઝલમાં ગઝલ શિરોમણી ગણી શકાય એવું કવિ કર્મ ધરાવે છે. 'મરીઝ' ગુજરાતના ''ગાલીબ'' તરીકેનું બિરુદ પામ્યાં છે. ''મરીઝ''ની ગઝલોમાં ભાવ અને અભિવ્યક્તિની જે લાવણ્ય પ્રગટ્યું છે તેવું ભાગ્યે જ ગુજરાતી ગઝલકારોમાં જોવા મળે છે. એક વ્યક્તિ તરીકે પણ સાવ નિખાલસ અને માનસિક રીતે સંપૂર્ણ સ્વસ્થ, કોઈ જાતનો આડંબર નહીં કે નહીં દંભ એવું એમનું વ્યક્તિત્વ. મુશાયરોમાં એમની ગઝલોને વાહવાહની દાદ અવશ્ય મળે. ''મરીઝ'' જીવનના અનુભવ અને અનુભૂતિને સરળતાથી રજૂ કરનારો ગઝલકાર છે. હાં...ક્યારેક એમની ગઝલોમાં મરીઝ, કશુંક અધ્યાહાર રાખીને માર્મિકતાથી ભીતરની વેદના આલેખતા. ''મરીઝ'' વિશે ઘણું લખવાનું મન થાય છે પણ અત્યારે એમનાં કેટલાક શે'ર માણો :

''જાણે છે સૌ ગરીબ કે વસ્તુ ઘણી 'મરીઝ',
ઈશ્વરથી પણ વિશેષ નિરાકાર હોય છે.''

x x x x x x x x x x x x x

''બસ એટલી સમજ મને પરવરદિગાર દે,
સુખ જ્યારે જ્યાં મળે ત્યાં બધાના વિચાર દે.''

x x x x x x x x x x x x x

"ફના થવાની ઘણી રીત છે જગતમાં 'મરીઝ',
તમે પસંદ કરી છે એ સારી રીત નથી."

x x x x x x x x x x x x x

"થઈને હતાશ જોયું ઉપર અને 'મરીઝ',
ત્યારે ખબર પડી કે ગગન પણ ઉદાસ છે."

x x x x x x x x x x x x x

"અલ્લાહ મને આપ ફકીરીની એ હાલત,
કે કોઇ ન સમજે આ સુખી છે કે દુઃખી છે."

x x x x x x x x x x x x x

"કોઇ પરાયામાં એવો તો શું હતો જાદુ?,
'મરીઝ' ભૂલી ગયા લોહીની સગાઈને."

અમૃત ઘાયલ નું નામ ગુજરાતી ગઝલમાં કાયમ માટે અમર બની ચૂક્યું છે. જેને ઘણા વિદ્વાનોએ "ગઝલનો બાદશાહ" કહ્યો છે. તેમની પાસેથી 'શૂળ અને શમણાં', 'રંગ', 'રૂપ', 'ઝાંય', 'અગ્નિ', 'ગઝલ નામ સુખ', 'આઠો જામ ખુમારી', – વગેરે ગઝલસંગ્રહો મળ્યાં છે. જે ગુજરાતી ગઝલના ઈતિહાસમાં કાયમ યાદ રહેશે. તેમની ગઝલોમાં વિષયનું વૈવિધ્ય પણ અપાર છે. ઈયત્તા અને ગુણવત્તા ઊભયની દૃષ્ટિએ તેમની ગઝલોએ ગુજરાતી ભાવકોને આકર્ષ્યા છે. જુઓ એમની ગઝલના કેટલાંક શે'ર :

"માહ્યલો મબલખ ખજાનો છે ભર્યો,
હું નથી ખાલી ખુશીની ખાણ છું."

x x x x x x x x x x x x x

"તને પીતો નથી આવડતું મૂર્ખ મન મારા!
પદાર્થ એવો કયો છે કે જે શરાબ નથી?"

x x x x x x x x x x x x x

"ભાગ્ય ફૂટી ગયું છે, તો શ્વાર ઉપર જીવી જશું.
શીશો તૂટી ગયો ભલે, જામ હજુ ચિકાર છે."

x x x x x x x x x x x x x

"આમ તો છું ફકીર પણ 'ઘાયલ',
ચાકરો બાદશાહ રાખું છું."

x x x x x x x x x x x x x

"થાબડો પીઠ અને એમને એરણ આપો,
ભાગ્ય એ નિજનું ઘડી લેશે જરા ઘણ આપો?"

x x x x x x x x x x x x x

"ઘાયલ સાંભળી મને, ડોલી ઊઠે ન કા સભા,
મારી ગઝલના જામમાં જિંદગીનો ખુમાર છે."

"ગની" – દહીંવાલા – અબ્દુલગની અબ્દુલકરીમ દહીંવાલા ગુજરાતી ગઝલમાં એક સીમાસ્તંભ ગઝલકાર છે. તેમણે પરંપરા અને આધુનિકતા ઊભયમાં રહીને ગઝલ સર્જન કર્યું છે. 'ગાતા ઝરણાં', 'મહેક', 'મધરપ', 'ગનીમત', 'નિરાંત', 'ફાંસ ફૂલની', – વગેરે ગઝલસંગ્રહો આપનારા આ ગઝલકારની ગઝલોમાં છંદવૈવિધ્ય, વિષય વૈવિધ્ય, આદિ ધ્યાન ખેંચે છે. તેમણે પ્રણય, ચિંતન, સૂક્ષ્મતા, આદિ વિષયો ઉપર આપેલી ગઝલો તો ગુજરાતી ગઝલની મોંઘી મીરાંત બની છે. ગની દહીંવાલાની કેટલીક ગઝલના શે'ર તો વારંવાર મમરાવવા ગમે છે. જુઓ :

''જિંદગીનો એ જ સાચે સાચ પડઘો છે 'ગની',
હોય ના વ્યક્તિ ને એનું નામ બોલાય કરે,''

x x x x x x x x x x x x x

''ગની'' પર્વતોની આગળ આ રહ્યું છે શીશ અણનમ,
કોઈ પાંપણો ઢળી ત્યાં હું ઝૂકી ઝૂકી ગયો છું.''

x x x x x x x x x x x x x

''શ્રદ્ધા જ મારી લઈ ગઈ મંઝિલ ઉપર મને,
રસ્તો ભૂલી ગયો તો દિશાઓ ફરી ગઈ,''

x x x x x x x x x x x x x

''તમારાં અહીં આજ પગલાં થવાનાં,
ચમનમાં બધાંને ખબર થઈ ગઈ છે.
ઝૂકાવી છે ગરદન બધી ડાળીઓએ,
ફૂલોની યે નીચી નજર થઈ ગઈ છે.''

x x x x x x x x x x x x x

''છે અજબ પ્રકારની જિંદગી, કહો એને પ્યારની જિંદગી,
ન રહી શકાય જીવ્યા વિના, ન ટકી શક્યા જીવન સુધી.''

'શૂન્ય' પાલનપુરી – અલીખાન ઉસ્માનખાન બલૂચ – ઉર્દૂ – ફારસી ભાષાના ખૂબ જ જાણકાર છે. તેમની પાસેથી 'શૂન્યનું સર્જન' 'શૂન્યનું વિસર્જન', 'શૂન્યના અવશેષ', 'શૂન્યનું સ્મારક', 'શૂન્યની સ્મૃતિ' – વગેરે ગઝલસંગ્રહો પ્રાપ્ત થાય છે. શૂન્ય પાલનપુરી ગુજરાતી ગઝલમાં એક સીમાચિહ્ન ગઝલકાર છે. તેમની પાસે ગઝલ અંગેની સૂક્ષ્મ સુઝ અને સમજ છે. તેમની ગઝલોમાં ઇશ્કે–મિજાજે અને ઇશ્કે–હકીકીનો રંગ વિશેષ આલેખાયો છે. તેમની ગઝલો ખૂબ જ લોકપ્રિય બની છે.

તેમાં પ્રતીક–કલ્પન–મીથ જેવા ઉપકરણોનો પણ કલાત્મક વિનિયોગ થયો છે. કેટલાક શે'ર તો આપણી જીભે સળવળતા રહે છે :

''આંખો ભરીને બેઠી છે દરબાર દર્દનો,
દિલમાં કોઈની યાદનો રાજ્યાભિષેક છે.''

x x x x x x x x x x x x x

''પરિચય છે મંદિરમાં દેવોને મારો,
અને મસ્જિદોમાં ખુદા ઓળખે છે,
નથી મારું વ્યક્તિત્વ છાનુ કોઈથી,
તમારા પ્રતાપે બધા ઓળખે છે.''

x x x x x x x x x x x x x

''એમ લાગે છે નથી મરવાની ફૂરસદ મોતને,
જિંદગી નહીંતર વિના કારણ કદી લંબાઈના.''

x x x x x x x x x x x x x

''બોલવાનું મન હતું પણ હાય રે વર્ષો સુધી,
ગીતની મોસમ હતી ને મારે ચૂપ રહેવું પડ્યું.''

x x x x x x x x x x x x x

''ઘટમાં શિવ, નજરમાં સુંદર, મનમાં સત્યનું અક્ષય ઠામ,
આજ કોઈના પૂણ્ય–પ્રતાપે તન છે અમારું તીરથ ધામ.''

'બેફામ' – બરકત અલી. ગુલામહુસેન વીરાણી ગુજરાતી ગઝલના એક મહત્ત્વના ગઝલકાર છે. 'માનસર', 'ઘટા', 'પ્યાસ', 'પરબ' – વગેરે તેમના ગઝલ સંગ્રહો છે. 'બેફામ'ની ગઝલોની વિશેષતા એ છે કે તેમની ગઝલના શે'રોમાં દાવો, દલીલ, પુષ્ટિ,

વિરોધાભાસ વગેરે ખૂબ જ કલાત્મક રીતે પ્રગટે છે. તેમની ગઝલોમાં પ્રણયની સાથે જીવનનું ચિંતન કાવ્યાત્મક સ્તરે આલેખાય છે. તેમની ગઝલ અંગેની સૂક્ષ્મસૂઝ અને સૌન્દર્યશાસ્ત્રનું જ્ઞાન ગુજરાતી ગઝલમાં ઘણી ધ્યાનાર્હ બની છે. તેમની ગઝલમાં ભાવકને ચોટ આપવાની શક્તિ અનન્ય છે. તેમનાં કેટલાક શે'ર અવલોકો :

''રડ્યા, બેફામ સૌ મારા મરણ પર એ જ કારણથી,
હતો મારો જ એ અવસર ને મારી હાજરી ન હોતી.''

x x x x x x x x x x x x x

''બેફામ'' તોય કેટલું થાકી જવું પડ્યું!,
નહિંતર જીવનનો માર્ગ છે ઘરથી કબર સુધી.''

x x x x x x x x x x x x x

''ખુદા, તારી કસોટીની પ્રથા સારી નથી હોતી,
કે સારા હોય છે એની દશા સારી નથી હોતી.''

x x x x x x x x x x x x x

''ઓ હૃદય! તે પણ ભલા કેવો ફસાવ્યો મને!
જે નથી મારાં બન્યાં તેનો બનાવ્યો મને.''

x x x x x x x x x x x x x

''મારા દુઃખના કાળમાં એને કરું છું યાદ હું,
મારા સુખના કાળમાં જેણે હસાવ્યો મને.''

x x x x x x x x x x x x x

''જરા તપાસ કરો મારા આશિયાનાની,
ચમનમાં આજ જરા રોશની વધારે છે!''

સૈફ પાલનપુરી — સૈફુદીન ગુલામઅલી ખારાવાલાનું નામ પણ ગુજરાતી ગઝલમાં ચિરસ્મરણીય રહેશે. તેમણે 'ઝરૂખો', 'હીંચકો' જેવા ગઝલસંગ્રહોમાં ઘણી લોકપ્રિય ગઝલો આપી છે. તેમની ગઝલોમાં પ્રણયના વૈફલ્યની અને વ્યવહારજગતની ઊભરાતી વેદના કલાત્મક રીતે રજૂ થઈ છે. તેમના કેટલાક શે'ર જુઓ :

''જે પેલા ખૂણે બેઠા છે એ સૈફ છે, મિત્રો જાણો છો?
એ કેવા ચંચળ જીવ હતા, ને કેવા રમતા રામ હતા?''

x x x x x x x x x x x x x

''જોતાંની સાથે લોક તરત ઓળખી ગયા,
મુજથી વધુ સફળ મારી દિવાનગી હતી!''

x x x x x x x x x x x x x

''એક પ્રણાલિકા નભાવું છું લખું છું ''સફ'' હું,
બાકી ગઝલો જેવું જીવન ક્યાં હવે જીવાય છે!''

x x x x x x x x x x x x x

''છે ઘણાં એવા કે જેઓ યુગને પલટાવી ગયા,
પણ બહુ ઓછા છે જેઓ પ્રેમમાં ફાવી ગયા.''

''અનિલ'' રતિલાલ મૂળચંદ રૂપાવાળા પાસેથી ડમરો અને તુલસી, મસ્તીની પળો વગેરે સંગ્રહોમાં કેટલીક નોંધનીય ગઝલો સાંપડે છે. ગઝલ વિશેની એમની સૂઝ ઊંડી છે. તેમની કેટલાક ગઝલોમાં રજૂ થતું જીવનદર્શન અનન્ય છે. તો કેટલીક ગઝલોમાં તર્ક પણ ધ્યાનાર્હ બન્યો છે. જુઓ બે'ક શે'ર :

''આવી હતી બહાર મારા ઘરને આંગણે,
ને હું જ ઘર બહાર હતો, કોણ માનશે?''

"દૂરતાનો તાગ મેળવવા 'અનિલ',
આંખ પર આકાશને તોડ્યા કર્યું."

"શેખાદમ આબુલવાલા" શેખ આદમમુલ્લાં શુજાઉદ્દીન આબુવાલા પરંપરાગત અને આધુનિક ગઝલકારો વચ્ચેની કડી સમાન છે. તેમની પાસેથી 'ચાંદની', 'અજંપો', 'સોનેરી લટ', 'તાજમહાલ', 'હવાની હવેલી', 'સનમ' – જેવાં ગઝલસંગ્રહો પ્રાપ્ત થયા છે. 'શેખાદમ આબુવાલા' પાસેથી વિષયનું અપાર વૈવિધ્ય દાખવતી ગઝલો પ્રાપ્ત થઈ છે. તેમની ગઝલ અંગે સમજ–સૂઝ પણ સૂક્ષ્મ પ્રકારની છે. તેમની સુપ્રસિદ્ધ ગઝલનો એક શે'ર જુઓ :

"માનવીને આ જગત આદમથી શેખાદમ સુધી!
એ જ દોરંગી લડત આદમથી શેખાદમ સુધી!
એ જ ધરતી, એ જ સાગર, એ જ આકાશી કલા!
એ જ રંગીલી રમત આદમથી શેખાદમ સુધી!"

લાંબી રદીફમાં ગઝલ આપનારો આ ગઝલકાર ટૂંકી રદીફમાં પણ સુંદર ગઝલ આપે છે :

"ગમ ને ખુશીનું
દિલ પાણીપત છે."

'જિગર' જમિયત પંડ્યાનું નામ પણ ગુજરાતી ગઝલના વિકાસમાં અવશ્ય મૂકવું ઘટે એવું ગઝલકર્મ એમણે બજાવ્યું છે. 'ઉરગંગા', 'વરદાન', 'ઝાળ અને ઝાકળ', 'મેઘધનુષ્ય', 'મંઝિલ' – આદિ કાવ્યસંગ્રહોમાં એમણે ગઝલો આપી છે. શ્રી પંડ્યા ઉર્દૂ–ફારસીના પણ જ્ઞાતા છે. તેમની ગઝલોના કેટલાક શે'ર બહુ જાણીતા બન્યાં છે.

"જીત પર હસતો રહ્યો ને હાર પર હસતો રહ્યો,
ફૂલની શૈયા ગણી અંગાર પર હસતો રહ્યો.
ઓ મુસીબત! એટલી ઝિંદાદિલીને દાદ દે;
તેં ધરી તલવાર તો હું ધાર પર હસતો રહ્યો."

x x x x x x x x x x x x x

"સંવત્સરો, યુગો નહીં, કલ્પો વીતી ગયા,
આંબી શક્યો ન ચાંદ હજી પણ અમાસને."

હરીન્દ્ર દવે બહુમુખી પ્રતિભા ધરાવનારા સર્જક છે. તેમની આગવી ઓળખ એક ગીત કવિ તરીકેની છે. તો ગુજરાતી ગઝલક્ષેત્રે પણ તેમણે સુંદર ગઝલો આપી છે. તેમના 'આસવ', 'મૌન', 'સમય', 'સૂર્યોપનિષદ','હયાતી' જેવા કાવ્યસંગ્રહોમાં તેમણે કેટલીક નોંધનીય ગઝલો આપી છે. તેમની કેટલીક ગઝલના શે'ર તો અવશ્ય મમરાવી શકાય : કેટલાક શે'ર તપાસો :

"આંસુને પી ગયો છું, મને ખ્યાલ પણ નથી,
એક રણ તરી ગયો છું, મને ખ્યાલ પણ નથી."

x x x x x x x x x x x x x

"થોડો સ્મરણ છું અને થોડો કવનમાં છું,
સંકેલ્યો શ્વાસ દેહે, સ્વજન હું નથી ગયો!"

x x x x x x x x x x x x x

"ક્ષણભરનું સ્થાન સૌના જીવનમાં છે મોતનું,
તો મોતને સમયની અછત હોવી જોઈએ."

'ગાફિલ' મનુભાઈ ત્રિવેદી પાસેથી 'બંદગી' જેવો ગઝલસંગ્રહ પ્રાપ્ત થાય છે. તેમની ગઝલો પણ ઘણી નોંધનીય છે. તેમની સુપ્રસિદ્ધ ગઝલના બે'ક શે'ર માણો :

''જુદી જિંદગી છે મિજાજે મિજાજે,
જુદી બંદગી છે નમાજે નમાજે.''

x x x x x x x x x x x x x

''તમે કેમ ગાફિલ હજી યે છે ગાફિલ?
જુઓ, બદલે દુનિયા તકાજે તકાજે.''

આ સમયગાળા દરમ્યાન 'શાહબાઝ' અનંતરાય ઠક્કર, કિસ્મત કુરેશી, વગેરે ગઝલકારોએ પણ ઠીક ઠીક પ્રમાણમાં ગઝલો રચી છે.

'આદિલ મન્સુરી' ફરીદ મહંમદ ગુલામનબી મન્સુરીને આધુનિક ગઝલકાર ગણવામાં આવ્યાં છે. તેમની પાસેથી 'પગરવ', 'સતત', 'મળે ન મળે' 'ગઝલના આયના ઘરમાં' – વગેરે ગઝલસંગ્રહો મળ્યાં છે. એમ અવશ્ય કહી શકાય કે, 'આદિલ' મન્સુરીનાં ગઝલ–સંગ્રહોથી ગુજરાતી ગઝલને વળાંક મળ્યો છે. 'આદિલ' મન્સુરી ઘણી ગઝલોમાં આલેખાયેલી સરળતા ઘણીવાર છેતરામણી હોય છે. તો ક્યારેક એ ઘણાં ગંભીર વિષયને સાવ સરળ પણ બનાવે છે. ગઝલમાં ઘણાં પ્રયોગો કરનાર આ ગઝલકાર એક મહત્ત્વના કવિ છે. જુઓ કેટલાક શે'ર :

''સિગારેટ એશ ટ્રેમાં બુઝાઈ ગઈ, અને,
કોફીના કપમાં કાળી વ્યથા ઓગળી ગઈ.''

''ભરી લો શ્વાસમાં એની સુગંધનો દરિયો,
પછી આ માટીની ભીની અસર મળે ન મળે!''

x x x x x x x x x x x x x

''બગલાની પાંખ જેવી સફેદાઈ લાવવા,
આ ચાંદનીયે દિવસે ચન્દ્રાય સૂર્યમાં!''

x x x x x x x x x x x x x

''આદિલ'' ને તે દિવસથી મળ્યું દર્દ દોસ્તો,
દુનિયાની જે દિવસથી શરૂઆત થઈ હશે.''

x x x x x x x x x x x x x

''ક્યાં કહું છું કે મદિરા જ વધારી આપો,
જિંદગીભર જે રહે એવી ખુમારી આપો.''

x x x x x x x x x x x x x

''તારી ઝુલ્ફોમાં ટાંકી દઉં તારલા,
પણ તું આવે સવારે, તો હું શું કરું?''

x x x x x x x x x x x x x

''તારા અવાજનું હવે અજવાળું ક્યાં રહ્યું?
ઘૂમે છે ખંડિયેરમાં પડઘાનો અંધકાર.''

મનોજ ખંડેરિયા એક ગઝલકાર તરીકે ઘણાં લોકપ્રિય બન્યાં છે. 'અચાનક', 'અટકળ', 'અંજની', 'હસ્તપ્રત' જેવા સંગ્રહોમાં ઘણી સંખ્યામાં સારી ગઝલો આપી છે. આ ગઝલકારની ગઝલોમાં ગઝલની સૂક્ષ્મ સૂઝ–સમજ પ્રગટે છે. તેમની ગઝલોમાં સૂક્ષ્મતા, ગહનતા, ભાવ અને અર્થનું સૌન્દર્ય, ભાષાકર્મ ઘણાં ધ્યાનાર્હ બન્યાં છે. તેઓ

પ્રતીક—કલ્પન—મીથ જેવા તત્ત્વો કલોચિત પ્રયોજે છે. તો તેમનું ગિરનારની ગોદમાં રહીને થયેલું અધ્યાત્મજ્ઞાન પણ ગઝલમાં હદ્ય બને છે. ગુજરાતી ગઝલને એક કદમ આગળ લઈ જવામાં ''આદિલ'' મન્સૂરી પછી મહત્ત્વનું ગઝલકર્મ બજાવે છે. તેમના કેટલાક યાદગાર શે'ર માણો :

''રસમ અહીંની જુદી, નિયમ અહીંના નોખા,
અમારે તો શબ્દો જ કંકુ ને ચોખા!''

x x x x x x x x x x x x x

''નથી દ્વાર કે દોસ્ત મારી દે તાળું,
કવિતા તો છલકાતું વરસાદી નાળું.''

x x x x x x x x x x x x x

''નીકળી ગયો છું કેમ તે ના પૂછ તું મને?
ખાલી પડી છે કેમ જગા? કાફલાને પૂછ.''

x x x x x x x x x x x x x

''મને સદ્ભાગ્ય કે શબ્દો મળ્યા તારે નગર જાવા,
ચરણ લઈ દોડવા બેસું તો વરસોનાં વરસ લાગે.''

x x x x x x x x x x x x x

''તારે કાજે ગઝલ મનોરંજન,
મારે માટે તો પ્રાણવાયુ છે.''

x x x x x x x x x x x x x

''કોઈ સમયના વચગાળામાં,
શબ્દો જન્મ્યા પરવાળામાં.''

''ઈર્શાદ'' ચિનુમોદી આધુનિક ગઝલકારોમાં ઘણાં નોંધનીય છે. તેમની પાસેથી 'ક્ષણોના મહેલમાં', 'ઈર્શાદગઢ', 'અફવા', 'ઈનાયત', 'નકશાનાં નગર', 'શ્વેત સમુદ્રો' જેવાં ગઝલસંગ્રહોમાં કેટલીક ઉત્તમકક્ષાની ગઝલો સાંપડે છે. ગઝલના સૂક્ષ્મ અભ્યાસી એવા આ ગઝલકાર પાસેથી કેટલીક નખશિખ ગઝલો પ્રાપ્ત થાય છે. આ ગઝલકારે આધુનિકતાને પણ ગઝલમાં કલાત્મક રીતે કંડારી છે. તેમણે ગઝલમાં કરેલા 'તસ્બી' અને 'ક્ષણિકા' જેવા પ્રયોગો પણ ધ્યાન ખેંચે છે. તેમની ગઝલોમાં આધુનિકતા ઉપરાંત, સૂક્ષ્મતા, પ્રશિષ્ટતા, સૌન્દર્ય આદિ કલાકીયરૂપે પ્રગટે છે. તેમના કેટલાક શે'રો તો ખૂબ જ ખ્યાતિ પામ્યાં છે.

''પર્વતને નામે પથ્થર, દરિયાને નામે પાણી,
''ઈર્શાદ'' આપણે તો ઈશ્વરને નામે વાણી,
આંસુ ઉપર આ કોના નખની થઈ નીશાની?
ઈચ્છાને હાથપગ છે એ વાત આજે જાણી.''

x x x x x x x x x x x x x

''આમ તો પર્યાપ્ત છે એ આંખોનો વિસ્તાર પણ,
પૂર આવેલી નદીને તટ નાનો પડ્યો ઘણો!

x x x x x x x x x x x x x

''ઠાઠ ભપકા એ જ છે ઈર્શાદના,
ઘર બળે તો તાપી જોવું જોઈએ.''

x x x x x x x x x x x x x

''થાકી જવાનું કાયમ તલવાર તાણી તાણી,
''ઈર્શાદ'' આપણે તો ઈશ્વરને નામે વાણી!''

"નામ સરનામાં હવે ઈર્શાદનાં શાં પૂછવાં?
સાત સૂકા પાંદડાં પર આંસુઓની છાપ છે."

રાજેન્દ્ર શુક્લ સામ્પ્રત ગઝલકારોમાં મહત્ત્વના ગઝલકાર છે. આ કવિએ ગઝલ ઊર્દૂ—ફારસીની સાથે ભારતીય સંસ્કૃતિના તાર જોડીને પોતાની નિજી ઓળખ પ્રસ્થાપિત કરી છે. સંસ્કૃતના અધ્યાપક તરીકે નોકરી કરનાર આ કવિ પાસે સંસ્કૃત તત્સમ્ શબ્દોનું મોટું ભાથું છે. તેમની પાસેથી 'કોમલ રિષભ', 'અંતર ગાંધા', 'સ્વવાચકની શોધ', 'ગઝલસંહિતા', મંજલા ૧ થી ૫ વગેરે કાવ્યસંગ્રહો છે. એમાંયે 'ગઝલસંહિતા' ભાગ ૧ થી ૫ના 'સુભર સુરાહી', 'મેઘધનુષના ઢાળ પર', 'આ અમે નીકળ્યા', 'ઝળહળ પડાવ', અને 'ધીર આપી ગિરનારી છાયા' જેવા પેટા શીર્ષક હેઠળ ગઝલો સંપાદિત થઈ છે. આ ગઝલ કારની અધ્યાત્મની ભાવછટ્ટાઓની પ્રબળતા તેને અનોખી પ્રસિદ્ધિ અપાવે છે. જે અનન્ય પણ છે. જુઓ કેટલીક શે'ર :

"સભર સુરાહી લલિત લચક કટિ, કોમલસ્કંધા ગઝલ,
વનવન ભમતાં મિલત અતર્કિક યોજનગંધા ગઝલ."
લખચોરાસી લખત લખત ચખ વેધક રે લખ સકલ,
અલખ અલખ ગિરનારી ગાજે નિત પડછંદા ગઝલ."

x x x x x x x x x x x x x

"જંતરને બાઝ્યાં છે જાળાં,
જાઈ હવે ગળવા હેમાળા."

x x x x x x x x x x

"આખરે આકાર જેવું કૈંક તો આ નીપજ્યું,
છોડિયાં પાડ્યા કરું છું શબ્દના હું ક્યારનો."

"બેહોશીમાં ય હોશની વાતો થઈ શકે,
ક્યાં કલ્પનાને ઘેર કશી ખોટ હોય છે!"

x x x x x x x x x x x x x x

"ખીંટીએ લટકતી રાખીને રિકતતા,
આ અમે નીકળ્યા ખેસ ફરકાવતા."

શ્યામ સાધુ – શામળદાસ મૂળદાસ સોલંકી એક ગઝલકાર તરીકે જે રીતે પોંખાવા જોઈએ એવું ખાસ બન્યું નથી. ગુજરાતી ગઝલોમાં શ્યામ સાધુનું કવિકર્મ ખૂબ જ ધ્યાનાર્હ છે. તેમની પાસેથી 'પાયાવરી', 'થોડાં બીજાં ઈન્દ્રધનુષ્ય', 'આત્મકથાનાં પાનાં' જેવા સંગ્રહોમાં કેટલીક ઉત્કૃષ્ટ કક્ષાની ગઝલો મળે છે. એમની ગઝલોમાં ભાવ—અર્થનું સૌન્દર્ય, સંવેદનનું માધુર્ય, તેમજ પ્રયોગશીલતા ખાસ ધ્યાન ખેંચે છે. તેમનાં કેટલાંક શે'ર અવલોકો :

"સ્વપ્ન પણ કેવું બરોબર નીકળ્યું,
મારા ઘર સામે સરોવર નીકળ્યું!"

x x x x x x x x x x x x x

"ક્યાંક ઝરણોની ઉદાસી પથ્થરો વચ્ચે પડી છે,
ક્યાંક તારી યાદની મોસમ રડી છે."

x x x x x x x x x x x x x

"ઉદાસી લઈને આંખોમાં અહીં ફરનારા ખાસ્સા છે.
મને લાગે, તમારું શહેર આ ઊંડા નિસાસા છે."

x x x x x x x x x x x x x

'અદમ' ટંકારવીની પ્રયોગશીલ ગઝલો ઘણી ધ્યાનાર્હ બની છે. તેમની પાસેથી 'સંબંધ', 'ગઝલોની ચોપડી' જેવા ગઝલસંગ્રહો પ્રાપ્ત થાય છે. તેમાં તેમની કેટલીક ગઝલો ઘણી લોકપ્રિય બની છે. જુઓ બે'ક શે'ર :

"યાદોનાં પરફ્યુમ્સ ઊડે છે,
ડનલોપી સપનાં આવે છે,
તારી ગલીના લેમ્પપોસ્ટ પર,
સાઠ વોલ્ટનું ફૂલ ખીલે છે!"

x x x x x x x x x x x x x

"એના પાયામાં પડી બારાખડી,
ચોસલાંથી શબ્દનાં ભીંતો ચણી.
એક તત્સમ બારણું પ્રવેશનું.
સાત ક્રિયાપદની બારી ઊઘડી."

રમેશ પારેખ ગુજરાતી કવિતામાં એક સીમાસ્તંભ કવિ તરીકે ખ્યાતિ પામ્યાં છે. 'ક્યાં?', 'ખડિંગ', 'ત્વ', 'સનનન', 'વિતાન સુદ બીજ', 'ચશ્માના કાચ પર', 'છાતીમાં બારસાખ', 'છ અક્ષરનું નામ', 'સમુચ્ચ ગ્રંથ' — વગેરેમાં એમની કેટલીક ગઝલોઓ ભાવકોનું ધ્યાન ખેંચ્યું છે. તેમની ગઝલોમાં આધુનિકતા પણ દૃષ્ટિગત થયા વિના રહેતી નથી. રમેશ પારેખની કવિપ્રતિભા એક ગીત કવિ તરીકેની હોવા છતાં એમની ગઝલોને નજર અંદાઝ કરી શકાય એમ નથી. અભિવ્યક્તિની અવનવી રજૂઆત, સામ્પ્રત સમસ્યા, કટાક્ષ આદિ એમની ગઝલોમાં વિશેષ ધ્યાન ખેંચનારા તત્ત્વો છે. તેમનાં કેટલાક શે'ર માણો :

"કોને ખબર, રમેશ...ક્યા માર્ગ પર થઈ,
આ આપણે પહોંચ્યા અહીં આપણાથી દૂર."

x x x x x x x x x x x x x

"પહાડ પરથી દડદડીને ખીણમાં પડતી સવાર—
ઘાસની કેડીને જઈ પૂછે છે ઝાકળ ક્યાં ગયા?"

x x x x x x x x x x x x x

"દીવાલ જેવી સલામત જગાઓ શોધીને,
જુઓ, બધાં જ છબીમાં નિરાંતે લટકે છે."

x x x x x x x x x x x x x

"ઘરને ઘર કહીએ તો ઘર એક લૂનો ચોરસ દરિયો છે.
ભરતી છે દરિયો શું શું નહીં ડુબાવી દે, કહેવાય નહીં."

x x x x x x x x x x x x x

"આ મારા હાથરૂપે ઈસુ અવતર્યો ફરી,
નહીં તો આ હસ્તરેખાનો કાંટાળો મુગટ હોય?"

x x x x x x x x x x x x x

"છું પથ્થર વિષે કોતરાયેલું પંખીને,
પાંખો સતત ફડફડે એ ય સાચું."

ભગવતીકુમાર શર્મા પણ ગુજરાતી ગઝલના વિકાસમાં મહત્ત્વનું કવિકર્મ રચનારા ગઝલકાર છે. તેમની પાસેથી 'સંભવ', 'છન્દો છે પાંદડા જેનાં', 'ઝળહળ', 'નખદર્પણ', 'અઢી અક્ષરનું ચોમાસું' જેવાં કાવ્યસંગ્રહોમાં કાવ્યના વિવિધ સ્વરૂપો પણ ઘણી ધ્યાનપાત્ર છે. એમની ગઝલોમાં પ્રતીક—કલ્પન—મીથ, પ્રયોગલક્ષીતા, બળકટ

ભાવવિશ્વ, છંદની સમજ વગેરે તત્ત્વો ધ્યાન ખેંચે છે. તેઓ સુરતના વાસી થયા હોવા છતાં સોરઠી તળપદા શબ્દો દોથો ભરીને આ ગઝલકાર પોતાની કૃતિમાં આલેખે છે. શ્રી શર્માનું ગઝલકર્મ સાફ સૂથરું અને વસ્તુજગતમાં ડૂબેલું સ્વકેન્દ્રીત છે. જુઓ કેટલાક શે'ર :

''ઊગશે ઘાસ સૂરતના આસ્ફાલ્ટ પર,
તે છતાં હું ન પ્હોંચીશ શર્મા સુધી.''

x x x x x x x x x x x x x

''મારા હજાર સૂર્યને, અંધાર પી ગયો,
તેજસ્વી તેથી આટલું, પહેલું કિરણ થયું.''

x x x x x x x x x x x x x

''ભીતરમાં સળવળતું કંઈ કર્કોટક જેવું,
મન નિર્દોષ રમાડે એને બાળક જેવું.''

x x x x x x x x x x x x x

''ટી.વી., ફોન, ડેકોર, સોફા કવર,
બન્યો છું હું ઇન્ટીરિયર ફ્લેટમાં.''

x x x x x x x x x x x x x

''રેત—જમરી—મૃગ—તરસ—મૃગજળ વગેરે...
મન—મરણ—શ્વાસો—અનાદિ છળ વગેરે...
છે—નથી—હોઇ—શકે—અથવા—કદાચિત,
હું—તું—આ—તે—તેઓ—ની સાંકળ વગેરે...''

મનહર મોદી ગુજરાતી ગઝલક્ષેત્રે એક મહત્ત્વના ગઝલકાર તરીકેની ખ્યાતિ પામ્યાં છે. તેમની પાસેથી 'આકૃતિ', 'ૐતત્ સત્',

'૧૧ દરિયા', 'હસુમતી અને બીજાં', 'એક વધારની ક્ષણ' અને 'મનહર અને મોદી' — જેવાં કાવ્યસંગ્રહોમાં કેટલીક સુંદર ગઝલો પ્રાપ્ત થાય છે. આ ગઝલકારની વિશેષતા એ છે કે તે આધુનિકતા અને પરંપરા ઉભય સાથે નાતો જાળવીને ગઝલો રચે છે. છતાં, તેમની ગઝલોમાં આવતી પ્રયોગશીલતા વિશેષ ધ્યાન ખેંચે છે. તેનાં કેટલાંક શે'ર અવલોકો :

''ઇશ્વર જેવો લાગે છે.
ઓ ઊભો ત્યાં એક ડફોડ
ડોલે છે ને દોડે છે.
મનહર મોદીની ચગડોળ.''

x x x x x x x x x x x x x

''એ જ રસ્તો આપણો છે.
ચાલ મનહરિયા, ગઝલ લખ.''

x x x x x x x x x x x x x

''બને તો એમને કહેજો કે ખૂશ્બો મ્યાનમાં રાખે,
બગીચામાં બધાં ફૂલોની હમણાં ઘાત ચાલે છે.''

x x x x x x x x x x x x x

''એક નખનો વાઘ આવે છે નજીક,
જીર્ણ ઘોડું ચો તરફ જોતું રહ્યું.''

x x x x x x x x x x x x x

''ઇચ્છાનું તોરણ બાંધું છું,
કાચી કોરી ક્ષણ બાંધું છું.

કામ ચીંધ્યું છે અંધારાએ,
સવારનું ડહાપણ બાંધું છું.''

સાઈ મરમી કવિ મકરન્દ દવે ગુજરાતી કવિતામાં ખૂબ જ ખ્યાતિ પામ્યાં છે. તેમની પાસેથી 'ગોરજ', 'સૂરજમુખી', 'સંજ્ઞા', 'સંગતિ', 'હવાબારી' વગેરે કાવ્યસંગ્રહો પ્રાપ્ત થાય છે. તેમની ગઝલોમાં અધ્યાત્મનો ઊંચો આવિર્ભાવ પ્રગટે છે. તે રાજેન્દ્ર શુક્લની પરંપરાના કવિ છે એમ કહેવા કરતાં રાજેન્દ્ર શુક્લ એની પરંપરાના કવિ છે એમ કહેવું યથાયોગ્ય ગણાશે. જુઓ કેટલાક શે'ર :

''હવે ગેબી ઈશારા નોતરે સાંજલ સિતારાનો,
સરાઈ છે, જવું પડશે, સફરનો સાર ક્યાં ગોતુ?''
x x x x x x x x x x x x x

''નમે છે આભ આખું જેમનાં છાનાં ચરણ ચૂમી,
મળી જાશે મને એ શ્વાસની છેલ્લી સવારી પર.''
x x x x x x x x x x x x x

''ધાર્યું થતું નથી તો ભલે, કાંઇ ગમ નથી,
એની ખુશી ગણું છું, કમાણી એ કમ નથી.''
x x x x x x x x x x x x x

''ચલો મીણનાં આંસુ લૂછો ભલા થઈ,
અને લાલ ચાંપી દો હૈયામાં લોઢું.''

કિસન સોસા એક પ્રસિદ્ધ ગઝલકાર અને દલિત સંવેદના પ્રગટનાર કવિ છે. તેમની પાસેથી 'સહરા', 'અનસ્ત સૂર્ય','સૂર્ય જેમ ડૂબી ગયું હાર્મોનિયમ', 'અનાશ્રિત સૂર્ય', 'અડધો સૂર્ય', 'ક્ષુધિત સૂર્ય',

'અનૌરસ સૂર્ય' — વગેરે સંગ્રહો મળે છે. ગુજરાતી ગઝલમાં કિસન સોસાનું ગઝલકાર તરીકે ચોક્કસ મૂલ્ય છે. ખાસ કરીને તન્કા જેવા નવા કાવ્યસ્વરૂપને લોકપ્રિય બનાવનાર આ કવિ પાસેથી ઘણી સુંદર ગઝલો પ્રાપ્ત થાય છે. જુઓ કેટલાક શે'ર :

''સાંજની દીવાસળીથી કાચમાં સૂરજ ઊગે,
શગ ઊંચકતાં ઓરડે ચારે તરફ મૃગજળ બળે.''
x x x x x x x x x x x x x

''આવી ઊભો છે કાફલો એવા મુકામ પર,
અહીંથી જવાય રણ તરફ, અહીંથી નદી તરફ.''

નયન હ.દેસાઈ ગુજરાતી ગઝલમાં આદિલ, મનોજ, શ્યામ સાધુ, ચિનુમોદી, રાજેન્દ્ર શુક્લની વચ્ચે નયન દેસાઈની ગઝલોએ એક અનેરો રોમાંચ પ્રગટાવ્યો છે. તળપદા શબ્દો અને વાતાવરણ મહેક પ્રગટાવતા આ કવિની ગઝલો ઘણી લોકપ્રિય બની છે. જુઓ બે'ક શે'ર :

''મા! મને ગમતું નથી આ ગામમાં
હાલ્ય, બચકું બાંધ, આયર સાંભરે!''
x x x x x x x x x x x x x

''હું સૂરજનો કોઈ આઠમો અશ્વ છું,
આ રસ્તો, આ ચાબૂક અને વાસો ઉઘાડો.''
x x x x x x x x x x x x x

''માણસ ઉર્ફે રેતી, ઉર્ફે દરિયો, ઉર્ફે ડૂબી જવાની ઘટના ઉર્ફે :
ઘટના એટલે લોહી, એટલે વહેવું એટલે ખૂટી જવાની ઘટના ઉર્ફે...!''
x x x x x x x x x x x x x

"શીદ એકલતા સંધાય કલમના બખીએ રે?
કંઈ લખવા જેવું હોય તો કાગળ લખીએ રે?

મૂળ મધ્યપ્રદેશના એવા કૈલાસ પંડિતે ગુજરાતી ગઝલોમાં ખાસ્સી લોકપ્રિયતા મેળવી છે તેમની પાસેથી એક મોટો કાવ્યસંગ્રહ "ખરાં છો તમે" મળે છે. કૈલાસ ભૈલુની ગઝલમાં ગૈયતા ભારોભાર છે. ગુજરાતી ગાયકોએ કૈલાસ પંડિતની ઘણી ગઝલો સ્વરબદ્ધ કરી છે. કેટલાક શે'ર માણો :

"શબ્દો વિના ય લાગણી ભાષા બની શકે,
એકાદ લીલો છોડ મને મોકલાવ રે!"

x x x x x x x x x x x x x

"ફાનસ લઈને, નીકળો, બપોરે શહેરમાં,
અંધારાં, ચારેકોર છે, ત્યાં છાંયડાં નથી."

x x x x x x x x x x x x x

"સહારો આંસુઓનો પણ હવે કૈલાસ ક્યાં બાકી,
રુદનનાં કારણો દુનિયા ખુલાસાવાર માગે છે!"

x x x x x x x x x x x x x

"પૂછ્યું હતું ના કોઈએ કૈલાસ જીવતા,
મૃત્યુ પછીથી લઈ ગયા છે સાચવીને એ."

"જલન" માતરી—અલવી જલાલુદ્દીન સઆદુદ્દીન સૈયદ પરંપરાપ્રિય ગઝલકાર છે. સદ્ય પ્રત્યાયનક્ષમતા એમની ગઝલનું આગવું લક્ષણ છે. એમની ગઝલોની ભાષા પરંપરા સાથે જોડાયેલી છે. છતાં, એમના વિચારો પરંપરાને તોડનારા છે. તેમની કેટલીક ગઝલોના શે'ર તો ખૂબ જ ખ્યાતિ પામ્યાં છે.

"શ્રદ્ધાનો હો વિષય તો પુરાવાની શી જરૂર?
કુરઆનમાં તો ક્યાંય પયંબરની સહી નથી."

x x x x x x x x x x x x x

"ઈશ્વરને ગમતું પાપ પણ કરશો જો કોઈ તો,
એને ખુદાની જાત પયમ્બર બનાવશે."

x x x x x x x x x x x x x

"મૃત્યુની ઠેસ વાગશે તો શું થશે 'જલન',
જીવનની ઠેસની તો હજુ કળ વળી નથી."

x x x x x x x x x x x x x

"એ જ કારણસર રડ્યો ના હું સ્વજનના મોત પર,
ઓ 'જલન' જાણે કે મૃત્યુ મારું પોતાનું હતું."

ઉદયન ઠક્કર ગીત, ગઝલ, અછાંદસ, કવિતાઓ લખે છે. તે ગઝલમાં નવીનતા લાવવાનો પ્રયાસ કરે છે. તેની કેટલીક ગઝલો ઘણી નોંધનીય કૃતિ બને છે. જુઓ બે'ક શે'ર :

"કઈ તરકીબથી પથ્થરની કેદ તોડી છે?
કૂંપળની પાસે શું કુમળી કોઈ હથોડી છે?"

"ગઝલ કે ગીત એ વારાફરતી પ્હેરે છે.
કવિની પાસે શું વસ્ત્રોની બે જ જોડી છે."

'મેહુલ' સુરેન ઠાકર ગઝલોમાં લોકબોલીના તળપદા પ્રયોગો, કડવા, મીઠાં અનુભવો થકી ગઝલો રચી છે. મેહુલનું ગઝલસર્જન પરંપરા તરફી રહ્યું છે. એમણે પરંપરાના પ્રતીકોનો પ્રયોગ વિપુલ પ્રમાણમાં કર્યો છે. તેમના બે ત્રણ શે'રનો આસ્વાદ કરો :

"હાથ ફેલાવી લીધાં ઓવારણાં,
ટાચકાને ના ફૂટ્યાનું દુઃખ છે."

x x x x x x x x x x x x x

"દુનિયા જરૂર પૂજત અમને ઝૂકી ઝૂકી,
અફસોસ કે ખરાબ થતાં આવડ્યું નહીં."

x x x x x x x x x x x x x

"મેહુલ તો વિસ્તર્યો છે ધરાથી ગગન સુધી,
ઓઢાડશો એને આ કફન ક્યાંથી ક્યાં સુધી."

રાજેશ વ્યાસ – 'મિસ્કીન' પણ આજે ગઝલક્ષેત્રે ઊભરતું નામ છે. "છોડીને આવ...તું..."તેમજ વિવિધ સામયિકોમાં તેમની ગઝલોએ ભાવકોને સુંદર ગઝલો આપી છે. તેમના બે'ક શે'ર જુઓ :

"એક રાજેશ નામના પુરાણા કિલ્લામાં,
પડ્યો છું કોક ખૂણે હુંય ઢાલની માફક."

x x x x x x x x x x x x x

"જન્મોય કૈંક લીધા સદીયોય કૈંક વીતી,
રૂંધાય હવે સ્વર આ આગ કોઈ ઠારો."

x x x x x x x x x x x x x

"શુંય આવીને લૂંટી ગયો કાળ કે શ્વાસ ઓછા પડ્યા.
આંસુ ઉપર મુકાયા સતત આળ કે શ્વાસ ઓછા પડ્યા."

ભરત વિંઝુડા આજે ગુજરાતી ગઝલમાં પોતાનું સ્થાન જમાવી રહ્યો છે. 'સહેજ અજવાળું થયું', 'પંખીઓ જેવી તરજ', જેવા કાવ્યસંગ્રોહમાં કેટલીક સુંદર ગઝલો આપી છે. આ કવિ આપણી ઉર્દૂ

પરંપરાથી માંડીને આજ લગીની ગઝલની પરિપાટીનો પૂરેપૂરો જાણકાર છે. નવા પ્રતીકોને સહજ રીતે તે વણે છે. જુઓ એમનાં હૃદ્ય બનેલા શે'ર :

"પગ પર ઊભાં રહીને જુએ છે બધા મને,
જાણે કે પગ મને જ ફક્ત ચાલવા મળ્યા."

x x x x x x x x x x x x x

"હું માણી રહ્યો હોઉં મિલનની જ મજા ત્યાં.
તે હાથ લઈ હાથમાં તકદીર બતાવે."

x x x x x x x x x x x x x

"શ્વાસમાં આવીને ઊતરી જઈ અને નાભિ મહીં,
ધબકતું સર્વત્ર ત્યારે હું ગઝલ જેવું લખું."

મૂકેશ જોશી 'ક્ષણોનું સ્વપ્ન', 'તરબતર', 'ખ્વાબની ખુશ્બુ' વગેરે કાવ્યસંગ્રહોમાં કેટલીક સુંદર ગઝલો આપે છે. તેમની કવિ તરીકેની કલ્પનશક્તિનાં સ્ફુલ્લિંગો ઘણી ગઝલોમાં ઊડી છે. તેના બે'ક શે'ર જુઓ :

"પ્રણયના ઉન્માદથી આ લાગણી બ્હેકી ઊઠી,
અશ્રુઓની ધારમાં તો ભાવના આવી હશે!"

x x x x x x x x x x x x x

"લાશ જોતાં જિન્દગી આભાસ જેવી લાગતી,
કબરમાં પોઢ્યા પછી પ્હેચાનનું ક્યાં કામ છે?"

x x x x x x x x x x x x x

"મિલનનો ગુન્હો કરીને નીંદથી જાગી ગયા;
યાદને વાગોળવામાં શું નયનનો ડર હશે!"

શોભિત દેસાઈ પાસેથી તેમની ગઝલોમાં પ્રયોગશીલતા છે. પ્રયોગખોરી નથી. પરંપરાની શૈલીમાં રહીને જામ, સાકી, સુરા, સનમ લાવ્યા વિના આધુનિક પ્રતીકો દ્વારા સુંદર ગઝલો આપે છે. જુઓ કેટલાક શે'ર :

''થોડું લખવું છે જીવવું છે વધુ,
ભાઈ 'શોભિત' નું આજ તારણ છે.''

x x x x x x x x x x x x x

''એક સરહદ સુધી સલામત જઈ,
ત્યાંથી પાછું વળે છે અંધારું.''

x x x x x x x x x x x x x

''નિબિડ અંધકાર આખો પર્વત ગળી જાયે,
છતાં ત્યાં હજી કેમ દેખાય તરણું.''

x x x x x x x x x x x x x

''હા, લીલો કાચ જેવો ઝુંઝારો,
વેડફી નાખ્યો છે મેં સમજણમાં.''

એસ.એસ.રાહી પાસેથી 'પરવાઝ', 'ઘટના', 'થાક' જેવા કાવ્યસંગ્રહો અને 'હજુ હજવાસ છે કાળો', 'તલપ' જેવા ગઝલ સંગ્રહોમાં ગઝલો આપી છે. તેમાં તેમની પાસેથી કેટલીક સારી ગઝલો પ્રાપ્ત થાય છે. તેના બે'ક શે'ર અવલોકો :

''આંખની પાછળનું ભીનું છળ તમે,
ના કદી પીવાય એવું જળ તમે.''

x x x x x x x x x x x x x

''છાપરા ડૂબી જશે ભીનાશથી,
આજ તો વાતાવરણ ઘનઘોર છે!''

અંકિત ત્રિવેદીનું નામ ગુજરાતી ગઝલમાં આજે ધીમે ધીમે જાણીતું બની રહ્યું છે. અંકિતની ગઝલોના ઝરણાંને પોતાનો મૌલિક અવાજ છે. તેમણે 'ગઝલપૂર્વક' ગઝલસંગ્રહ દ્વારા ગુજરાતી ગઝલમાં પગરવ કર્યો છે. એમની ગઝલોથી હું ઘણો પ્રભાવિત થયો છું. જુઓ તેમનાં કેટલાક હૃદ્ય શે'ર :

''કોઈ બીજાનાં હશે માપી જુઓ,
આપણાં આવાં નથી પગલાં કદી.''

x x x x x x x x x x x x x

''હું દીવાનું શાંત અજવાળું હતો,
તેં પવન ફૂંકીને અજમાવ્યો મને.''

x x x x x x x x x x x x x

''એ નથી હોતા કોઈ આકારમાં
હોય છે તો હોય છે અણસારમાં.''

x x x x x x x x x x x x x

''સાંજ કનેથી રંગ ઉછીના લઈ જીવ્યો,
અંધારાની, અજવાળાની બહાર ઊભો છું.''

બકુલેશ દેસાઈની ગઝલોમાં કઠોર વાસ્તવિકતાના સૂર સંભળાય છે. ગઝલમાં ઝાઝા પ્રયોગો કર્યાં વિના આ કવિએ 'અવાન્તર', 'અમીરાત' જેવા સંગ્રહો આપ્યાં છે. ગઝલની સરસ માવજત કરનાર આ ગઝલકારના બે'ક શે'ર અવલોકો :

''ઉશ્કેરણીનું ના કશું કારણ દીધેલ મેં,
મારો ઈલાકો લાગણીનો ત્રસ્ત હુલ્લડે.''

"લખી નામ તારું તરાવ્યું હવામાં,
તરંગો ઊઠ્યા તે પછી ટેરવામાં."

x x x x x x x x x x x x x x

"શબ્દો છે આ કેવળ શબ્દો, જીવ લેનારાં ના કૈં શસ્ત્રો,
શાને આતંકિત નયનોને ચીસોઃ ગોળીબાર હવામાં!"

અશોકપુરી ગૌસ્વામી મુખ્યત્ત્વે નવલકથાકાર હોવા છતાં, કવિતા ક્ષેત્રે પણ એમણે અનોખું સ્થાન મેળવ્યું છે! 'અર્થાત્' 'કલિંગ' જેવાં કાવ્યસંગ્રહો દ્વારા પોતાની કવિ તરીકેની આગવી ઓળખ ઊભી કરી છે. તેમની ગઝલમાં ઘુંટાઈની આવતી પીડા, વલવલાટ અને તરફડાટ કલાત્મક રીતે અભિવ્યક્ત થાય છે. તેમના કેટલાક શે'ર માણો :

"તને હે ગઝલ, એ રીતે ચાહવું છે,
કહે કોઈ બાળક, હજી ધાવવું છે."

x x x x x x x x x x x x x x

"માટી પગો માણસ સ્વયં દરવાજો ખોલશે.
એ વાતથી કિલ્લો ઘણો લજ્જિત જણાય છે."

x x x x x x x x x x x x x x

"એવા ય શબ્દો સર્જવા પડશે હવે ગઝલ,
શબ્દોથી કહી શકાયના એવું ય છે ઘણું."

x x x x x x x x x x x x x x

"હે!!! ઝંખના સાકાર થવાની ક્ષણે મરણ!
ઝાકળની સાથે સૂર્યનો વિશ્વાસઘાત છે."

મુકુલ ચોકસી વ્યવસાયે ડોક્ટર એવા આ ગઝલકારે ગુજરાત ગઝલમાં પ્રાણ ફૂંક્યો છે. આ તબીબ માટે રદીફ–કાફિયા જીવાદોરી સમાન છે. 'તાજા કલમમાં એ જ કે...'માં તેમની ઘણી ઉત્તમ ગઝલોએ ગુજરાતી ભાવકોને પ્રભાવિત કર્યા છે. તેનાં બે ત્રણ શે'ર માણો :

"તાજા કલમમાં એ જ કે તારા ગયા પછી,
બનતો નથી આ શહેરમાં એકે બનાવ દોસ્ત."

x x x x x x x x x x x x x x

"બીજાને તૂટતા જોવા કરે છે આવું એ?
આ આપનાનું વલણ કેમ આત્મઘાતી છે?"

x x x x x x x x x x x x x x

"બસ, પછી તો હું ય એક ટોળામાં ઊભો રહું અને,
જોઈ લઉં એકાંતની લંકાનું ભસ્મીભૂત થવું."

ડૉ.મુકુલ ચોક્સીની સાથે એવા જ એક તબીબ છે. ડૉ.રઈશ મનીઆર. તેમની ગઝલ અંગેની સુઝ–બુઝ ધ્યાન ખેંચે છે. ગઝલના ઊંડા અભ્યાસી એવા આ ગઝલકારના બે'ક શે'ર માણો :

"જાહોજલાલી એની ગઝલમાં મળે કદાચ,
આંસુ તો કાળું નાણું, ચડે ચોપડે નહીં."

x x x x x x x x x x x x x x

"નિર્દોષ લાગે માટી, હું ખોદ્યા કરું 'રઈશ',
ને હાડકાં સિવાય બીજું સાંપડે નહીં."

હિતેન આનંદપરા ગુજરાતી કવિતાક્ષેત્રે ઊભરતું નામ છે. ગીત ગઝલ તેમને ખૂબ ફાવ્યાં છે. હિતેન આનંદપરા પાસેથી કેટલાક સુંદર

ગઝલો પ્રાપ્ત થાય છે. તેના બે'ક શે'ર અવલોકો :

"તુંય મહેફિલમાં હશે—ની હો ખબર તો,
હુંય આવું છું કશું તો ખાસ લઈને."

x x x x x x x x x x x x x

"એક સધિયારો અપાવે બે અડોઅડ આંગળી,
બૂંફના નામે મઢેલા સ્પર્શનાં અસ્તર મળે."

લાલજી કાનપરિયા મુખ્યત્વે ગીત કવિ છે. તેમણે 'ઝલમલ ટાણું', 'હરિના હસ્તાક્ષર', 'સૂર્ય ચન્દ્રની સાખે' — વગેરે કાવ્યસંગ્રહો આપ્યાં છે. તેમાં તેની ગઝલો પણ ધ્યાન ખેંચે છે. જુઓ બે'ક શે'ર :

"ભીની સુવાસમાં સમણાં રમે છે,
શેઢાળું ઘાસમાં સમણાં રમે છે."

x x x x x x x x x x x x x

"શ્રાવણ વરસ્યો અમૃતધારે,
તૃણો થૈ ફરફરતાં સપનાં."

x x x x x x x x x x x x x

"કોઈની હારમાં કોણ અટકી ગયું?
કોઈની જીતમાં કોણ ઘૂમી રહ્યું?"

અશરફ ડબાવાલા, એક ગઝલકાર તરીકે ઘણાં ખ્યાતિ પામ્યાં છે. આધુનિકતા પ્રત્યેની એમની ગતિ અવશ્ય છે. પણ આંધળી દોટ નથી. ગઝલના વિવિધ છંદો તેમણે અજમાવ્યાં છે. લાંબી ટૂંકી—બહરની ઊભય પ્રકારની ગઝલો તેમણે આપી છે. તેમની ગઝલના બે'ક શે'ર માણો :

"પોતાથી અલગ થઈને બીજું શું કરી શકે,
માણસ બહુ બહુ તો ટોળે વળી શકો."

x x x x x x x x x x x x x

"અમારે દ્વાર નહિતર એ ગઝલ કેમ લૈ આવે?
ભલા એ શબ્દ છે જેણે અભણમાં તીર્થ જોયું છે!"

x x x x x x x x x x x x x

"છે ઠસોઠસ ફૂલથી આ ગામ, પણ—
બીજ મેં વાવ્યાં હતાં એ ક્યાં ગયાં?"

x x x x x x x x x x x x x

"લાવ ચોસઠ જોગણી સમ લાગણીઓ ટેરવે,
જે કરે કામણ શબ્દને, છંદ પર જાદૂ કરે."

સામ્પ્રત સમય ઘણાં ગઝલકારોએ ગઝલને લાડ લડાવ્યા છે. લાડ લડાવી રહ્યાં છે. આ બધાં ગઝલકારો વિશે લંબાણપૂર્વક લખવા જતાં ગઝલની વિકાસયાત્રાનું પ્રકરણ ઘણું લાંબું બની જાય છે. એવો ભય સતાવે છે. કેટલાક નૂતન ગઝલકારોના કેટલાક શે'ર ટાંકીને આ પ્રકરણ પૂર્ણ કરું છું.

"પર્વતોમાં પાતળું પોલાણ પણ હશે,
બેવફા કોરી નદીની તાણ પણ હશે."
— ધૂની માંડલિયા

"પ્રાણ પ્રગટી જશે સ્વયં એમાં,
શબ્દની સારવાર છોડી દે."
—નીતિન વડગામા

"આ ગઝલ એમની ઈશારત પર,
વાત પરખાવે, રોકડી જાણી."

"બંધ મૂઠ્ઠીમાં લઈ બત્રીસ લક્ષણ કેટલા સંશય જીવે છે શહેરમાં,
સાવ શંકાશીલ માણસજાત છે કે હું તમે છું ને તમે માણસ નથી."
— હરીશ મીનાશ્રુ

"આ લકવાગ્રસ્ત હાથનો ય હેતુ એ છે!
કે, કશી ગેરહાજરી ન હો ઝભામાં,
બધી ક્રિયાથી આંખ અળગી તો કરી પણ—
હજુ ચહલ પહલ ખૂંચે છે પોપચામાં."
— સંજુ વાળા

"પગરવોની શક્યતા ડમરી બની ઊડ્યા કરે,
પાંપણોની પાદરે ભીનાશનું ધણ સંભવે."
— સંદિપ ભાટિયા

"સજ્જડ કમાડ જેમ ટકોરાય સૌ અહીં,
કૈં પણ સુણે ન કોઈ પુકારોના શ્હેરમાં!"
—અગમ પાલનપુરી

"જામને ચૂમવા ગયો છું હું,
કેટલું ભૂલવા ગયો છું હું,
લાગણી છોડ, રૂંવે રૂંવેથી,
તંગ થૈ તૂટવા ગયો છું હું"
— રશીદ મીર

"આ સાંજની હવાને યાદ સૌમ્ય ઉદાસી,
ચાલી ગયાં એ સંગ સમયની, ઊભા અમે."
— રઘુવીર ચૌધરી

"જળ ભલે આપે મને વરસાદ તું—
લે ઉમેરી અશ્રુ આપું છું પરત."

x x x x x x x x x x x x x

"શક્ય છે એ રીતથી મળવું બને,
લે; લખ્યો આજે મને એકાદ ખત."
— રવીન્દ્ર પારેખ

"પહાડથી એ કઠણ મક્કમ માણસ છે!
દડ દડ દડ દડ દડી પડે ભૈ, માણસ છે.
ચંદર ઉપર ચાલે ચપચપ, માણસ છે!
ને બે ડગલે ખડી પડે ભૈ, માણસ છે!"
— જયંત પાઠક

"એ જ તારામાં હશે, તું સાદ કર,
ખીણ તેથી શું? શિખરને સાદ કર."
— ચંદ્રકાન્ત શેઠ

"લાગણીની એટલી લાગી તરસ,
કે, હશે આંસુ મગરનાં ચાલશે."
— કરસનદાસ લુહાર

"દવા તો શું હવે સંજીવની પણ કામ નહિ આવે.
જીવનના ભેદને પામી અમર હમણાં જ સૂતો છે."
— 'અમર' પાલનપુરી

''કાગળની સાથે વાત ગમે ત્યારે થઈ શકે,
શાહી સૂરજ નથી કે સાંજે ઢળી શકે.''
—અશરફ ડબાવાલા

''તારી પાસે પ્હોંચવાની વાત કોરાણે રહી,
હું જ મારાથી હજી તો કેટલોયે દૂર છું.''
—કિસ્મત કુરેશી

''શૂળી ઉપર જીવું છું, ને લંબાતો હાથ છું,
મારામાં ને ઈસુમાં બીજું કૈં નવું નથી.''
—જવાહર બક્ષી

''અરમાન વહીને દિલમાંથી પલકોના કિતારા શોધે છે.
નયનોમાં તરતા જીવનને કોઈ સાગરની યાદા'વી ગૈ.''
—નિનુ મઝમુદાર

''ભ્રમણાની કાંચળીઓ ફગાવીને ચાલીએ,
આંખોમાં ભાવિ સ્વપ્ન સજાવીને ચાલીએ''
— પથિક પરમાર

''મઘમઘુ હું હેમ થઈને, ઝગમગું સૌરભ બની,
તું મને સ્પર્શે તો મિતવા આ એ રીતે સ્પરશ.''
— મુરુરાજ જોષી

''સહેલાઈથી ઓળંગવી મુશ્કેલ છે અહીં,
આ પથમાં લાખો, પ્રણય દીવાલ હોય છે.''
—પ્રણય જામનગરી

''આયાસ દોમ દોમ અનાયાસ થઈ ગયો,
વર્તુળની વચાળે સીધો વ્યાસ થઈ ગયો.''
— ફારુક શાહ

''પથ્થર થઈને સૌ ખડક પડઘા ન દઈ શક્યા,
ઘૂઘવીને એકલા પછી કાંઠો ભરી દીધો!''
— શૈલેશ ટેવાણી

''તારું મિલન ભલે અહીં પળવાર સંભવે,
પળનો પછીથી અર્થ સદી હાથવેંતમાં.''
— હર્ષદ ચંદારાણા

''શેખચલ્લી એક ભીતર ખૂબ રંજાડ્યા કરે છે,
મન સતત તોડી રહ્યું છે મનઘડત આ જીવવાનું''
—હર્ષ બ્રહ્મભટ્ટ

આ ઉપરાંત, કપિલ ઠક્કર 'મજનૂ', 'કામિલ', 'વટવા', 'જટિલ', 'જયંત ઓઝા', 'દ્વારકેશ વ્યાસ', 'દિલીપ ઠાકર', 'દક્ષ પ્રજાપતિ', 'નૌફિક' 'પ્રીતમ', 'જયંત પરમાર,', 'ઝાકીર ટકારવી', 'કુતુલ આઝાદ', 'મંગળ રાઠોડ', 'અઝીઝ કાદરી', 'અનિલ દોશી', અમીન આઝાદ, અજય પુરોહિત, અમિત ત્રિવેદી, ભરત ત્રિવેદી, બેન્યાઝ ધ્રોળવી, દીપક બારડોલીકર, પ્રણય જામનગરી, પથિક પરમાર, નઝીર ભાતરી, નયનજાની, મનીષ, ઝાલાવાડિયા, મન્સુર કુરૈશી, મયંક ઓઝા, શિવજી રૂખડા, સતીષ ડભાણ, રમણિક સોમેશ્વર, યૉસેફ મૅકવાન, મહેશ શાહ, વિનોદ જોષી, રશ્મિન પટેલ, સૈયદ રાઝ, સાહિલ, સાબિર, મોમિન, પ્રવીણ રાઠોડ, નિરંજન યાજ્ઞિક, મનોહર ત્રિવેદી — આદિ કવિ પાસેથી ઓછો—વત્તા પ્રમાણમાં ગઝલો પ્રાપ્ત થાય છે. એમ અવશ્ય કહી શકાય કે, ગઝલ સાહિત્ય સ્વરૂપે ગુજરાતી કવિતાને ઘણી સમૃદ્ધ બનાવી છે.

૩ : ગઝલ

ગભરું આંખમાં કાજળ થઈ, લહેરાઈ જવામાં લિજ્જત છે,
ચર્ચાનો વિષય એ હોય ભલે, ચર્ચાઈ જવામાં લિજ્જત છે.

વેચાઈ જવા કરતાંય વધુ વહેંચાઈ જવામાં લિજ્જત છે.
હર ફૂલ મહીં ખુશબો પેઠે ખોવાઈ જવામાં લિજ્જત છે.

પરવાના પોઢી જાયે છે ચિર મૌનની ચાદર ઓઢીને,
હે દોસ્ત, શમાની ચોખટ પર ઓલાઈ જવામાં લિજ્જત છે.

દુઃખ પ્રીતનું જ્યાં ત્યાં ગાવું શું? ડગલેપગલે પસ્તાવું શું?
એ જોકે વસમી ઠોકર છે પણ ખાઈ જવામાં લિજ્જત છે.

જે અંધ ગણે છે પ્રેમને તે આ વાત નહીં સમજી જ શકે,
એક સાવ અજાણી આંખથી પણ અથડાઈ જવામાં લિજ્જત છે.

બે વાત કરીને પારેવાં થઈ જાય છે. આડાં અવળાં,
કૈં આમ પરસ્પર ગુંથાઈ વીખરાઈ જવામાં લિજ્જત છે.

સારા નરસાનું ભાન નથી પણ એટલું જાણું છું 'ઘાયલ',
જે આવે ગળામાં ઊલટથી એ ગાઈ જવામાં લિજ્જત છે.

— અમૃત ઘાયલ

અમૃત 'ઘાયલ' ગુજરાતીમાં બાદશાહી ખુમારી ધરાવતા શહેનશાહ છે. ''આઠો જામ ખુમારી'' એ એમના તમામ કાવ્યસંગ્રહોનો સમ્મુચય ગ્રંથ છે. તેમની ગઝલોમાં વિષયનું અપાર વૈવિધ્ય છે. ગુજરાત ગઝલમાં અનેક રંગો પૂરનાર આ ગઝલકારની ગઝલો ઈયત્તા અને ગુણવત્તા ઊભય દૃષ્ટિએ ધ્યાનાર્હ બની છે. અમૃત 'ઘાયલ'ને હું ઘણીવાર મળ્યો છું. એમને માણ્યાં છે. એમની ગઝલોને એમના મુખે સાંભળવી ગમે છે. ઘાયલ સાહેબ તો કહેતા :

''ઘાયલ' સાંભળી મને, ડોલી ઊઠે ન કા સભા,
મારી ગઝલના જામમાં જિંદગીનો ખુમાર છે.''

આ ગઝલના મત્લાથી જ યુવા હૈયાઓ થનગની ઊઠે છે. જો કે , આ શે'ર યુવાહૃદયની જ ધડકન બને છે એવું નથી, એંશી વરસના આદમીને પણ ઠેકડો મારવાનું મન થઈ જાય એવો હૃદ્ય છે :

ગભરું આંખમાં કાજળ થઈ, લહેરાઈ જવામાં લિજ્જત છે,
ચર્ચાનો વિષય એ હોય ભલે, ચર્ચાઈ જવામાં લિજ્જત છે.

દરેકને કોઈને કોઈ ખ્વાઈશ તો હોય જ. એમાંયે નિર્દોષને નિર્મળ, નમણી અને લજ્જાશીલ આંખમાં કાજળ થવાનું સદ્‌ભાગ્ય કોણ ન ઝંખતું હોય? કોઈ યૌવનના ઊંબરે પગરવ કરતી કન્યાની આંખમાં કાજળ થઈ લહેરાઈ જવાની કંઈક અલગ લિજ્જત કવિને દેખાય છે. કાજળભરી આંખોવાળી પ્રિયતમાને આંખોમાં વણી લેવાની અભિલાષા વ્યક્ત કરતો મનહરમોદીનો આ શે'ર મને ખૂબ ગમે છે.

''આંખમાં અકબંધ અજવાળું વસે,
સ્વપ્નને કાજળ થવાનું હોય છે.''

અહીં આ ગઝલમાં અમૃત ઘાયલ કોઇ ગભરું આંખમાં લહરાઇ જવામાં લિજ્જત છે કહીને ભલે એની ચર્ચા થાય તોયે એમાં એમાં ચર્ચાઇ જવામાં લિજ્જત છે એમ ઇચ્છે છે. અહીંને કવિને એ ચર્ચામાં ચર્ચાઇ જવાનોયે અનેરો લ્હાવો મળે છે.

આ ગઝલનો બીજો શે'ર પણ એટલો જ આસ્વાદ્ય બન્યો છે:

''વેચાઇ જવા કરતાંય વધુ વહેંચાઇ જવામાં લિજ્જત છે.
હર ફુલ મહીં ખુશબો પેઠે ખોવાઇ જવામાં લિજ્જત છે.''

ઘાયલ ને વેચાઇ જવું ગમતું નથી પણ વહેંચાઇ જવું ગમે છે. સાચે જ, માનવી વેચાઇ એના કરતા વહેંચાઇ જાય તો એનું પરિણામ મીઠું જ હોવાનું. ખુશ્બુની માફક ફેલાવું એ સજ્જનતાનું લક્ષણ છે. કવિને તો ફૂલોની ખુશ્બોની પેઠે ખોવાઇ જવામાં જાણે જીવનનું સાર્થક્ય કળાય છે. જિંદગીમાં માણસે હમેશાં સકારાત્મક બનવું જોઇએ. ફૂલની માફક પોતાની ખુશ્બો પ્રસરાવવી જોઇએ એ મનુષ્યની સકારાત્મક સૂઝ છે.

'પરવાના પોઢી જાય છે ચિર મૌનની ચાદર ઔઢીને'માં ચિરમૌનની ચાદર ઓઢીને કોઇ શમાની સોડમાં હમેશાં ઓલવાઇ જવાની કવિની અભીપ્સા કંઇક જુદું જ પરિમાણ પ્રગટાવે છે.

આ ગઝલનો ચોથો શે'ર ઘણો જ હૃદ્ય બન્યો છે :

દુઃખ પ્રીતનું જ્યાં ત્યાં ગાવું શું? ડગલેપગલે પસ્તાવું શું?
એ જોકે વસમી ઠોકર છે, પણ ખાઇ જવામાં લિજ્જત છે.

ગુજરાતી કવિતામાં આવો ભાવ આલેખતી અનેક રચનાઓ સાંપડે છે. 'આપણે આવળ બાવળ બોરડી', 'ભાઇ રે આપણાં દુઃખનું

કેટલું જોર?' આદિ ગીતોમાં કવિએ પોતાના દુઃખને પોતીકી મૂડી ગણાવી અન્યને ન કહેવાની સોનેરી સલાહ આપી છે. એમાંયે અમૃત 'ઘાયલ'તો પ્રીતના દુઃખને જ્યાં ત્યાં ન ગાવાનું ફરમાન કરે છે. પ્રીત કર્યા પછી ડગલે પગલે પસ્તાવાનો કોઇ અર્થ નથી. પ્રેમમાં હર્ષ અને શોક એ તો પડછાયાની માફક છે. એક સિક્કાની બે બાજુ છે. તેને ભિન્ન કરી શકાય નહીં. પ્રેમમાં દુઃખ તો આવવાનું જ એટલે જ કવિ તેની વસમી ઠોકર ખાવામાંયે લિજ્જત અનુભવે છે. પ્રેમ વસમી ઠોકર જેવી ઘટના છે છતાં, એનોયે અનુભવ કરવા જેવો છે એવો સ્પષ્ટ નિર્દેશ આ ગઝલકાર કરે છે. પ્રેમ વિશેની ઘણી માન્યતાઓ છે જે વ્યક્તિએ—વ્યક્તિએ ભિન્ન છે. પ્રેમ અભિવ્યક્તિનો વિષય નથી તે માત્ર અનુભૂતિનો વિષય છે. તેનો માત્ર અહેસાસ થાય છે. બાકી કવિ કહે છે તેમઃ

''જે અંધ ગણે છે પ્રેમને તે આ વાત નહીં સમજી જશો,
એક સાવ અજાણી આંખથી પણ અથડાઇ જવામાં લિજ્જત છે.''

અંગ્રેજીમાં કહેવત છે. **'Love is blind'** બિલકુલ સાચું છે. એનો મતલબ છે. પ્રેમ આંધળો છે. એ ગમે ત્યારે, ગમે તેને, ગમે ત્યાં થઇ શકે. તે વય, સમય, સ્થળ કંઇ જ જોતો નથી. એ અર્થમાં આ કહેવત છે. આ અઢી અક્ષરનું બેન્ક બેલેન્સ તો કોઇ ભાગ્યશાળીના એકાન્ઉન્ટમાં જમા થાય. પ્રેમ છુપાવી શકાય જ નહીં. 'મરીઝ' કહે છે તેમઃ

''એકાદ હો તો એને છુપાવી શકું 'મરીઝ'
આ પ્રેમ છે ને એના પુરાવા હજાર છે.''

અમૃત 'ઘાયલ' પણ એક ગઝલમાં આ પ્રેમને અનોખી ઘટના ગણાવે છે. કહે છે :

"નથી એમ મળતાં અહીં જીવ 'ઘાયલ'
પરસ્પર દીવાના જવલ્લે મળે છે."

પણ વાત જે પ્રેમને અંધ ગણે છે. એ સમજી શકે જ નહીં. પ્રેમને સકારાત્મક દૃષ્ટિથી જોવા ઘટે. એક સાવ અજાણી આંખથી અથડાઈ જવાની પણ એક અનેરી મઝા છે. એનો નશો કંઈક અનેરો છે. અમૃત 'ઘાયલ' એવી કોઈ તકને જતી કરતા નથી. કારણ કે, કોઈ અજાણ આંખથી પણ અથડાઈ જવાની મઝા છે.

છઠ્ઠા શે'રમાં 'ઘાયલ' સાહેબ પંખીઓનું એક દૃષ્ટાંત આવે છે.

બે વાત કરીને પારેવાં થઈ જાય છે. આડાં અવળાં,
કૈં આમ પરસ્પર ગુંથાઈ વીખરાઈ જવામાં લિજ્જત છે.

માનવજીવન એટલું બધું જટિલ છે. ક્યારે, કોણ, કોને મળશે? ફરી પાછા ક્યારે મળાશે? કહેવું ઘણું મુશ્કેલ છે. ગની દહીંવાલા એની પ્રસિદ્ધ ગઝલના એક શે'રમાં કહે છે :

"દિવસો જુદાઈના જાય છે, એ જશે જરૂર મિલન સુધી,
મારો હાથ ઝાલીને લઈ જશે, હવે શત્રુઓ સ્વજન સુધી."

પ્રેમમાં વિરહ મિલનની આવન–જાવન તો એક પ્રકૃતિગત નિયમ છે. પ્રણયમાં મિલન–વિરહ એક નિકલની બે બાજુ છે. જો કોઈ અચાનક મળી જાય તો એ મિલનને માણવું જોઈએ. પણ એ સાવ નિર્દોષભાવે. જેમ બે પારેવાં મળે છે એ રીતે મળવું. મળીને એકબીજામાં ગુંથાઈ જવું અને અંતે વીખરાઈ જવું પણ એ બધું સાહજિક હોવું જોઈએ. મિલનની મઝા માણનારે વિરહની વેદના ભોગવવા તૈયાર રહેવું જોઈએ. મિલનમાં આનંદ છે તો વિરહનો આનંદ પણ ક્યાં ઓછો હોય છે! જુઓ હરીન્દ્ર દવેનો આ શે'ર :

"ના મિલનમાં કોલ છે કે વિરહની વેદના,
આ તે કેવું છે કે હું કારણ વગર જાગ્યા કરું."

અમૃત 'ઘાયલ'ની આ ગઝલનો મકતા ઘણો હૃદયંગમ બન્યો છે :

"સારા નરસાનું ભાન નથી પણ એટલું જાણું છું 'ઘાયલ',
જે આવે ગળામાં ઊલટથી એ ગાઈ જવામાં લિજ્જત છે."

માણસે સારા નરસાનો વિચાર કર્યા હૃદયમાં જે આવે તે ગાઈ જવું જોઈએ. અહીં સભાનતાની સામે અભાનતાને મૂકીને એક નવો જ અર્થસંદર્ભ ખડો કર્યો છે.

આખી ગઝલ આસ્વાદ્યક્ષમ બની છે. અહીં ઘાયલે "જવામાં લિજ્જત છે." રદીફ દ્વારા અને લહેરાઈ, ચર્ચાઈ, ખોવાઈ, ખાઈ, અથડાઈ, વીખરાઈ, ગાઈ જેવા કાફિયા દ્વારા અનેરું ગઝલત્ત્વ નીપ્યું છે. સલામ ઘાયલ સાહેબની ગઝલને. કવિકર્મને.

૪ : ગઝલ

જ્યારે પ્રણયની જગમાં શરૂઆત થઈ હશે,
ત્યારે પ્રથમ ગઝલની રજૂઆત થઈ હશે.

પહેલા પવનમાં ક્યારે હતી આટલી મહેક,
રસ્તામાં તારી સાથે મુલાકાત થઈ હશે.

ઘૂંઘટ ખૂલ્યો હશે અને ઊઘડી હશે સવાર,
જુલ્ફો ઢળી હશે ને પછી રાત થઈ હશે.

ઊતરી ગયા છે ફૂલના ચહેરા વસંતમાં,
તારા જ રૂપરંગ વિશે વાત થઈ હશે.

'આદિલ'ને તે દિવસથી મળ્યું દર્દ દોસ્તો,
દુનિયાની જે દિવસથી શરૂઆત થઈ હશે.
— આદિલ મન્સુરી

'આદિલ' મન્સુરી—ફરીદ મહંમદ ગુલામનબી મન્સુરી મારો જ શા માટે? આખા ગુજરાતનો માનીતો શાયર. ગઝલકાર. 'પગરવ', 'સતત', 'મળે ન મળે', 'ગઝલના આયનાઘરમાં' તેમનાં ગઝલસંગ્રહો છે. તેમની ગઝલોએ ગુજરાતી ગઝલને એક વળાંક આપ્યો છે. આદિલ મન્સુરી પ્રયોગશીલ ગઝલકાર તરીકે પંકાયા છે. તેમની ગઝલોમાં

આવતી સરળતા ઘણીવાર ભાવકોને ગંભીરતા તરફ ખેંચી જાય છે. તો કેટલીક ગંભીર વિષયની ગઝલોમાં સરળતા ભાવકોને ભાવી જાય. 'આદિલ' ગઝલમાં વિરોધાવીની કહેવાની કલાના કસબી છે. એમનો આવો એક શે'ર તપાસો :

''કશુંય કહ્યું નથી સૂર્ય કે સવાર વિષે,
તમે કહો તો કરું વાત અંધકાર વિષે.''

શે'રના પ્રથમ ચરણમાં 'સૂર્ય' અને 'સવાર' ના જ્યારે બીજા મિસરામાં અંધકારનો ઉલ્લેખ કરી 'આદિલ' કેવો વિરોધાભાસ પ્રગટાવે છે.

પ્રસ્તુત ગઝલમાં 'થઈ હશે'. રદીફમાં કવિએ ઉત્પત્તિનો ઉદ્ભવનો ભાવ કલાત્મક રીતે કંડાર્યો છે. ગઝલનો મત્લઅ જુઓ :

''જ્યારે પ્રણયની જગમાં શરૂઆત થઈ હશે,
ત્યારે પ્રથમ ગઝલની રજૂઆત થઈ હશે.''

'પહેલે મુર્ગી કે પહલે અંડે? નો જિજ્ઞાસાપ્રેરક પ્રશ્ન અહીં ઊભો થતો નથી. 'આદિલ' ગઝલ લખવાની ક્યારથી શરૂ થઈ હશે! એ પ્રશ્નનો જવાબ એટલી જ સરળતા અને સ્પષ્ટ રીતે આપી દે છે. — ''જ્યારે પ્રણયની જગમાં શરૂઆત થઈ હશે.'' ગઝલના મૂળમાં છે— —પ્રેમની બાની. ઘણી જગ્યાએ ગઝલનો અર્થ પણ એવી રીતે કરવામાં આવે છે. પિયુ અને પ્રિયતમા વચ્ચે એકાંતમાં થતી પ્રણયની ગુફતેગૂ. પ્રણયવિષય વિના ગઝલ બની શકે? આવાં પ્રશ્નનો જવાબ આજે આપવામાં ઘણો વિચાર કરવો પડે. જવાબ હકારાત્મક જ આપવો પડે. છતાં, ગઝલમાં પ્રણયાનુભૂતિ જ કેન્દ્રસ્થાને હોય એવું ભલે આપણે સ્વીકારીએ નહીં તોયે ગઝલમાં સૌથી વિશેષ કોઈ વિષય રજૂ થતો

હોય તો તે પ્રણય જ છે એ નિર્વિવાદ સ્વીકારવું જ ઘટે. આ પ્રણયના મૂળ તો ક્યાંથી શોધી શકાય? કે આ દુનિયામાં પ્રથમ પ્રેમ કોણે કર્યો હશે? કોઇ ઇવ–આદમ, કોઇ શિવ–પાર્વતી કે રાધા–કૃષ્ણનું નામ મૂકી શકે. જેવી જેની વિચાર ધારા. પણ એક વાત 'આદિલ' બેધડક કહે છે કે, આ જગતમાં પ્રણય થયા પછી જ ગઝલનું નિર્માણ થયું હશે. તેમાં રદીફ કાફિયા, બહર હશે કે નહીં? એ મહત્ત્વનું નથી. માણસના હૃદયમાંથી જ્યારે સ્નેહની પ્રણયની સરવાણીઓ ફૂટી હશે ને ગઝલ રચાઇ હશે.

ગઝલનો બીજો શે'ર યુવાવર્ગને તો ખૂબ જ આકર્ષી જાય છે.

''પહેલા પવનમાં ક્યારે હતી આટલી મહેક,
રસ્તામાં તારી સાથે મુલાકાત થઇ હશે.''

જ્યાં સુધી હૈયામાં કોઇનું આગમન થતું નથી ત્યાં સુધી આંખ કોરી મોરી રહે છે. હવા સુક્કી લાગે છે. પણ કોઇ વ્યક્તિના જીવનમાં પહેલી વર્ષા સમું કોઇનું આગમન થાય તો ધરતીની જેમ તેના અંગે અંગ મહેંકી ઊઠે છે. એ જ મહેંક એના જીવન આખાને મઘમઘતું બનાવી દે છે. 'આદિલ'ને લાગે છે કે, આજે પવનમાં સૌરભનો અનોખો મઘમઘાટ છે. એ ક્યાંથી? કવિ સીધો જ ઉત્તર આપે છે – ''રસ્તામાં તારી સાથે મુલાકાત થઇ હશે.'' અન્યથા આવી સૌરભ–સુરભિપુર તેણે કદાપિ અનુભવ્યું નથી. આ મઘમઘાટ શેનો? – પ્રણયનો જ. પ્રિયતમાના સર્વ વ્યાપીપણાનો અહેસાસ થતા આખું વાતાવરણ મઘમઘી ઊઠ્યું છે. 'અદમ' ટંકારવીની ગઝલનો એક શે'ર યાદ આવે છે.

''યાદોનાં પરફ્યુમ્સ ઊડે છે.
ડનલોપી સપનાં આવે છે.''

ભાવની દૃષ્ટિએ ભલે અહીં બંધબેસતો નથી. છતાં જે વ્યક્તિ પોતાના પ્રિયપાત્રમાં એટલું બધું તલ્લીન હોય તેને આવી જ અનુભૂતિ થાય એ સ્વાભાવિક છે.

પ્રણયનો રંગ જ એવો છે તે એકવાર ચડ્યો પછી એને સર્વત્ર લાલ લાલ જ દેખાય. કબીર સાહેબનો પ્રચલિત દુહો છે ને – લાલી મેરે લાલકી જબ દેખું તિત લાલ...'' જેના રંગે વ્યક્તિ રંગાઇ જાઇ તેને એ રંગ પછી ન ઊતરે. તેને દિવસ શું કે રાત શું? દિવસ અને રાતનો આખો સંદર્ભ બદલાઇ જશે. આદિલ ત્રીજા શે'રમાં કંઇક આવો જ ભાવ પ્રગટાવતા કહે છે :

''ઘૂંઘટ ખૂલ્યો હશે અને ઊઘડી હશે સવાર,
જુલ્ફો ઢળી હશે ને પછી રાત થઇ હશે.''

પ્રિયજન માટે તો સાંજનું ઢળવું એટલે રાત નહીં પણ પ્રિયતમાના ઝુલ્ફો ઢળતા રાત થાય એવી અનુભૂતિ ઘણી હૃદ્ય બની છે. જે વ્યક્તિ સાથે નેડો લાગ્યો હોય એ વ્યક્તિ એના ચાહક માટે સર્વશ્રેષ્ઠ હોય છે. એનાથી વધુ સૌન્દર્યવાન આ દુનિયામાં કોઇ હોય જ ન શકે. એના સૌન્દર્ય આગળ તો બધા પાણી ભરે. આ ગઝલનો ચોથો શે'ર ખૂબ જ આસ્વાદ્ય બન્યો છે :

''ઊતરી ગયા છે ફૂલના ચહેરા વસંતમાં,
તારા જ રૂપરંગ વિશે વાત થઇ હશે.''

ભર વસંતમાં ફૂલોના ચહેરા ઊતરી જવાનું કારણ બીજું કાંઇ નથી, ખુદ પોતાની પ્રિયતમાનું સૌન્દર્ય જ છે. પોતાની મહેબુબા એટલી તો સ્વરૂપવાન છે કે, ભરવસંતમાં ફૂલો પણ ભોંઠપ અનુભવી રહ્યાં છે.

'ફૂલોના ચહેરા ઊતરી ગયા.' કહીને આદિલે ફૂલોથીયે કોમળ, સુંદર ને સૌન્દર્યવાન પ્રિયતમાનું સૌન્દર્ય આલેખ્યું છે. અહીં કોઇ ભાવકને કવિની આ દલીલ અત્યુક્તિભરી લાગવાનો સંભવ છે. પણ નાયકને માટે તો એ જ સંપૂર્ણ સાચું છે. જ્યારે લૈલા મજનુ...મજનુ...મજનુ...પુકારતી હતી ત્યારે લોકો એ મજનુને જોઇ લૈલાને કહ્યું હતું. તે આ મજનુમાં એવું તે શું જોયું? એ તો સાવ ભીખારી જેવો લાગે છે. ત્યારે લૈલાએ લોકોને એક જ વાક્યમાં જવાબ આપ્યો હતો. મજનુ કો દેખના હૈ તો લૈલાકી નજર સે દેખો'' – બિલકુલ સાચી વાત છે. ઘાયલ કી ગત ઘાયલ જ જાણે, વાંઝણી પ્રસવ વેદના શું જાણે? અહીં કવિએ નાયિકાના રૂપ સૌન્દર્યનો પરોક્ષ રીતે ઊઘાડ કર્યો છે તે સાચે જ હૃદયંગમ બને છે.

આ ગઝલનો 'મક્તા' તો અદ્‌ભૂત છે.

''આદિલ' ને તે દિવસથી મળ્યું દર્દ દોસ્તો,
દુનિયાની જે દિવસથી શરૂઆત થઇ હશે.''

'દર્દ' એ તો પોતીકી મૂડી હોય પ્રત્યેક માનવીની. જે માત્ર અનુભવી શકાય છે. કારણ કે, તે માત્ર ને માત્ર આત્મસાત્ કરી શકાય છે. કંઇક વેદના એવી હોય છે જે કવિને દર્દ તો આપે છે પણ એ દર્દની પણ એક મઝા છે. આદિલ આવા દર્દની મઝા માણે છે. કારણ કે, આ સ્નેહનું–પ્રેમનું–લાગણીનું જે દર્દ છે તે તો કવિની પોતીકી મોંઘી મૂડી છે. એ અનામત ને સલામત મૂડી પણ છે. આ દુનિયાની જ્યારથી શરૂઆત થઇ હશે ત્યારથી જ દરેક માનવીને એ મળ્યું હશે. આ દર્દને અમૃત 'ઘાયલ' વસમી ઠોકર ગણીને ખાઇ જવામાં જ જીવનનું સાર્થક્ય ગણે છે. જુઓ એમનો આ શે'ર :

દુઃખ પ્રીતનું જ્યાં ત્યાં ગાવું શું? ડગલેપગલે પસ્તાવું શું?
એ જોકે વસમી ઠોકર છે. પણ ખાઇ જવામાં લિજ્જત છે.

આવો આનંદ તો કોઇ સહૃદયી વ્યક્તિ જ માણી શકે.

'આદિલ' મન્સુરીની આ પાંચ શે'રની ગઝલ ખૂબ જ લોકપ્રિય બની છે. તેમાં ભાવ અને અર્થના સૌન્દર્યની નજાકત ભાવકને ભીંજવી મૂકે છે. 'થઇ હશે' જેવી દ્વિ–અક્ષરી રદીફ દ્વારા આદિલ ગઝલનો સુંદર મોડ બાંધી શક્યા છે. 'શરૂઆત', રજૂઆત, મુલાકાત, રાત, વાત, જેવા કાફિયા પણ હૃદ્ય બન્યાં છે. આ ગઝલમાં સંગીતમયતા પણ એટલી જ ધ્યાનાર્હ છે. આ મૌસિકીયતને કારણે જ આ ગઝલ અનેક ગાયકોના કંઠ પ્રાપ્ત થયો છે. આ ગઝલ આજે પણ યુવાવર્ગને ખૂબ ગમે છે. અને ગમતી રહેશે.

૫ : ગઝલ

વાયુને હંફાવવા બળ ના કરે,
એ સુંગધી છે, કદી છળ ના કરે.

પુષ્પ પર ડાઘો પડે એ બીકથી,
જીવવાની જિદ્દ ઝાંકળ ના કરે.

સ્વપ્નને સંકેલવાની બાબતે,
ઊંઘતો માણસ ઉતાવળ ના કરે.

ખૂબ ઘેરી ને ગહન છે લાગણી,
એ ઝરણની જેમ ખળખળ ના કરે.

ક્રોધ તો કરતો નથી. 'ઈર્શાદ' પણ,
ના ગમે તો વાત આગળ ના કરે.
— ચિનુ મોદી

'ક્ષણોના મહેલમાં', 'ઈર્શાદગઢ', 'અફવા', 'ઈનાયત', 'નકશાનાં નગર', 'શ્વેત સમુદ્રો', —જેવાં કાવ્યસંગ્રહો દ્વારા આધુનિક કવિ તરીકે ખ્યાતિ પામેલા 'ઈર્શાદ' ચિનુ મોદી આધુનિક ગુજરાતી કવિતામાં નોંધનીય કવિ છે. ચિનુ મોદી ગઝલના સૂક્ષ્મ અભ્યાસી અને જાણતલ ગઝલકાર છે. તસ્વી અને ક્ષણિકા જેવા પ્રયોગો દ્વારા પણ તેમણે સૌનું ધ્યાન ખેંચ્યું છે.

આ ગઝલમાં 'ના કરે', રદીફ છે. જ્યારે 'બળ', 'છળ', 'ઝાકળ', 'ઉતાવળ', 'ખળખળ', 'આગળ' — જેવા કાફિયા છે. સુગંધ તો અવિરત વહે છે. વહેવું એનું કર્મ છે. કારણ કે, એ કુદરતનું પરિબળ છે. છળ તો માણસ કરી શકે. કુદરતમાં ક્યાંય છલ–કપટ ન હોય. શ્રી મોદીની આ ગઝલનો મત્લા જુઓ :

"વાયુને હંફાવવા બળ ના કરે,
એ સુંગધી છે, કદી છળ ના કરે."

સુગંધ તો વાયુમાં અનાયાસે વહી શકે, એ વાયુ પર બળજબરી કદાપિ ના કરી શકે. છળ કપટ તો ક્યારેય નહીં આ ગઝલનો બીજો શે'ર ઘણો રોચક બન્યો છે :

"પુષ્પ પર ડાઘો પડે એ બીકથી,
જીવવાની જિદ્દ ઝાંકળ ના કરે."

પ્રકૃતિ કદાપિ બીજાના ભોગે પોતાનો સ્વાર્થ તાગે જ નહીં. અહીં ગઝલકારે ઝાકળનું નિઃસ્વાર્થપણું આલેખ્યું છે. દરેકને લાંબુ જીવવાની ઈચ્છા હોય, પણ ઝાંકળને કેમ નહીં? ઝાંકળ પોતાનું લાંબુ જીવન એટલા માટે ઈચ્છતું નથી કારણ કે, એને બીક છે કે તે ફૂલ પર લાંબો સમય ટકી રહે તો પુષ્પ પર ડાઘ પડી જાય. કોમળ ફૂલ પર ડાઘો પડી જાય એ ઝાંકળ સહી શકતું નથી અને પોતાનું આયુષ્ય ટુંકાવવા તૈયાર થઈ જાય છે. ચિનુ મોદીની અનેક ગઝલોમાં આવો સૂર પ્રગટે છે. ઈચ્છાના વળગણ ગણાવી એનાથી છૂટકારો મેળવવાની યાચના કરતો તેમનો એક શે'ર જુઓ :

"કોઈ ઈચ્છાનું મને વળગણ ન હો,
એ જ ઈચ્છા છે, હવે એ પણ ન હો."

અહીં પ્રસ્તુત ગઝલમાં ચિનુ મોદીએ ઉદાહરણ આપતા કહ્યું છે :

"સ્વપ્નને સંકેલવાની બાબતે,
ઊંઘતો માણસ ઉતાવળ ના કરે!"

જેમ ઊંઘતો માણસ પોતાનું મનગમતું સ્વપ્ન નિહાળી રહ્યો હોય તે એને સંકેલવાનો પ્રયાસ ન કરે. આ ગઝલનો ચોછો શે'ર દાદ માગી લે છે :

"ખૂબ ઘેરી ને ગહન છે લાગણી,
એ ઝરણની જેમ ખળખળ ના કરે."

લાગણીઓ ક્યારેય છીછરી ન હોય શકે. લાગણી તો ખૂબ ઘેરી અને ગહન હોય છે. એ ઝરણની જેટલી છીછરી નથી કે ખળખળ કર્યા કરે.

આ ગઝલનો મક્તા ઘણો જ ધારદાર છે. જુઓ :

"ક્રોધ તો કરતો નથી ઈર્શાદ પણ,
ના ગમે તો વાત આગળ ના કરે."

માણસજાતના ષડ્‌રિપુમાંનો એક રિપુ છે. ક્રોધ. અહીં ગઝલકાર આ રિપુને અપનાવતા નથી. હાં...એવા કોઈ સંજોગોનું નિર્માણ થાય ત્યારે આ ગઝલકાર વાતને જ આગળ વધવા દેતા નથી.

અહીં કવિએ સીધી સાદી બાનીમાં 'ના કરે' ના રદીફથી ભાવ સંવેદનોને ગૂંથ્યા છે. આખી રચનામાં ન ક્યાંય આધુનિકતાનો પ્રભાવ નથી. કેનથી ક્યાંય છંદ દોષ. ગઝલનું શિલ્પ અકબંધ રીતે સચવાયું છે. ગઝલકારે અહીં વાયુ અને સુગંધનું સાયુજ્ય ખડું કરી પુષ્પ અને

ઝાંકળ, સ્વપ્ન અને ઉતાવળ, લાગણી અને ઝરણાનું ખળખળ, હું અને ક્રોધ આદિ ઉપકરણોને ચુસ્ત રીતે કાફિયામાં ગુંથીને પ્રત્યેક શે'રનું કલાસૌન્દર્ય રચ્યું છે. પાંચે પાંચ શે'ર એટલે કે, મત્લાથી મક્તા સુધીનું આયોજન અકબંધ રીતે આલેખાયું છે. સુગમ સંગીતના કલાકારોને આ ગઝલ ગાવામાં જરાપણ દુવિધા ન થાય એવી મૌસિકીયત અહીં રચાય છે.

૬ : પિયર ગયેલી ભરવાડણની ગઝલ

પનઘટે છલકાતી ગાગર સાંભરે,
દી ઊગે ને રોજ સહિયર સાંભરે.

છેડલો ખેંચી શિરામણ માગતો,
વાસીદું વાળું ને દિયર સાંભરે.

ત્રાડ સાવજની પડે ભણકારમાં,
રાતના થરથરતું પાધર સાંભરે.

ઢોલિયે ઢાળું હું મારો દેહ ને,
બાથમાં લઈ લેતી નીંદર સાંભરે.

કાંબીયું ખાવડે ને હું ચોકીં ઊઠું,
ઝાંઝરો રણકે ને જંતર સાંભરે.

તાણ ભાભુજીએ કીધી'તી નકર,
કોણ બોલ્યું તું કે મહિયર સાંભરે?

મા! મને ગમતું નથી આ ગામમાં,
હાલ્ય, બચકું બાંધ, આયર સાંભરે.

—નયન હ. દેસાઇ

સૂરત જેવા શહેરમાં ગઝલસાધના ખૂબ પ્રમાણમાં થઈ રહી છે. શ્રી ભગવતી કુમાર શર્મા, કિસન સોસા, નયન દેસાઇ, ડૉ. મુકુલ ચોકસી, ડૉ.રઈશ મનિઆર, બકુલેશ જેવા ગઝલકારો પાસેથી સુંદર ગઝલો પ્રાપ્ત થઈ છે. થઈ રહી છે. નયન દેસાઇ મૂળ સૂરતીવાલા છે. એમની ગઝલોમાં હુરતીનું ગૌરવ આંકતાં તેઓ ગર્વથી માથું ઊંચું રાખી ગઝલો કહે છે.

'પિયર ગયેલી ભરવાડણની ગઝલ'' આપણી લોકપરંપરાની લગોલગ આવતી સુંદર ગઝલ છે. અહીં કવિએ આપણી લોક પરંપરામાં આપતા લોકગીતને માફક આવે એવા પરંપરિત વિષયમાં ગઝલ રચી છે. આપણે ત્યાં સાસરે ગયેલી છોકરીને પોતાનું મૈયર સાંભરે એ સ્વાભાવિક છે. જ્યાં અહીં તો સાસરેથી આવેલી વહુવારુને સાસરું જ સાંભરે છે. તેને તો 'બાબુલ કા ઘર પ્યારા લાગે' ની અનુભૂતિ થાય છે. ગઝલનો પ્રથમ શે'ર જુઓ :

''પનઘટે છલકાતી ગાગર સાંભરે,
દી ઊગે ને રોજ સહિયર સાંભરે.''

ભારતીય સંસ્કૃતિમાં લગ્નસંસ્થાના મૂળ બહુ ઊંડા છે. પાશ્ચાત્ય દેશોમાં લગ્ન એક કરાર છે. જ્યારે ભારતમાં તો લગ્ન એટલે સાત જન્મનું પવિત્ર બંધન છે. અહીં પવિત્રબંધન શબ્દ ઘણો મહત્ત્વ છે. સાસરે જતી કન્યા માટે પોતાની પિયરની માયા છોડવી દોહ્યલી છે. નયન દેસાઇની આ ગઝલમાં તો સાસરેથી પોતાના પિયર આવેલી યુવતીને પોતાના સાસરિયાની માયા ભુલાતી નથી. તે રોજ સવાર પાણી ભરવા જાય ત્યાં મળતી બીજી વહુવારુ સાથે તેમને સ્નેહ લાગ્યો છે. તે અહીં પિયરમાં પણ નાયિકાને યાદ આવે છે. નાયિકાને એક પછી એક અનેક સ્મરણો ઘેરી વળે છે. જુઓ બીજો શે'ર :

છેડલો ખેંચી શિરામણ માગતો,
વાસીદું વાળું ને દિયર સાંભરે.

આપણા લોકવાડ;મય પણ દિયર ભાભીના નિખાલસ પ્રેમને અનેક લોક કવિઓએ વણ્યો છે. ભાભી માટે સારસામાં જો કોઇ નજીક હોય તો તે છે પિયુ અને બીજા નણંદ—દિયર. એમાંયે દિયર તો ભાભીને માનો કે જીવન જીવવાનું ટોનિક પૂરું પાડે છે. અહીં કાવ્યનાયિકાને પોતાનો નાનો ને નિર્દોષ દિયર યાદ આવે છે.

અહીં ગઝલ નાયિકાને પોતાના સાસરિયાના માણસો જ યાદ આવતા નથી. પણ, પોતાના સાસરિયાના ગામનું પાધર પણ યાદ આવે છે. જુઓ આ ગઝલનો એક શે'ર

''ત્રાડ સાવજની પડે ભણકારમાં,
રાતના થરથરતું પાધર સાંભરે.''

પોતાની દિનચર્યા સાથે સંકળાયેલા કેટલાક અતીતો પણ કાવ્યનાયિકાને પોતાના પિયરમાં વિવશ બનાવી રહ્યાં છે :

''ઢોલિયે ઢાળું હું મારો દેહ ને,
બાથમાં લઈ લેતી નીંદર સાંભરે.

કાંબીયું ખખાડે ને હું ચોકીં ઊઠું,
ઝાંઝરો રણકે ને જંતર સાંભરે.''

નયન દેસાઈએ આ ગઝલના છઠ્ઠા શે'રમાં નાયિકાના મનોગતને ખુલ્લું મૂક્યું છે. પોતાને સાસરિયાની આટલી બધી માયા લાગી તો એ અહીં પિયરમાં આવી શા માટે? એવા પ્રશ્ન ભાવકને અવશ્ય થઈ શકે. જાણે કાવ્યનાયિકા ભાવકને જવાબ આપતી હોય તેમ કહે છે :

''તાણ ભાભુજીએ કીધી'તી નકર,
કોણ બોલ્યું તું કે મહિયર સાંભરે?''

અહીં ગઝલના છઠ્ઠા શે'રમાં આખો કોયડો ઉકેલાય છે. આ નાયિકાને તો મહિયર જરા પણ યાદ આવતું નથી. તેને સાસરામાં ખૂબ જ પ્રેમ ભાવ મળ્યાં છે. છતાં, ભાભુજી આવ્યા અને મહિયરમાં આવવાની તાણ કીધી. એટલે કાવ્યનાયિકાનું મન મહિયર આવવા તૈયાર થયું. બાકી તો તેણે સામે ચાલીને મહિયર આવવાની કોઇ વાત છેડી નહોતી. ગઝલનો અંતિમ શે'ર ઘણો હૃદ્ય બન્યો છે :

''મા! મને ગમતું નથી આ ગામમાં,
હાલ્ય, બચકું બાંધ, આયર સાંભરે.''

મહિયરમાં મન લેશમાત્ર માનતું નથી. ત્યારે આ નાયિકા આહિરાણી—આયરાણી પોતાની લજ્જા છોડીને માને વિનંતી કરે છે. મા મને હવે અહીં ગોઠતું નથી. ચાલ મને મારા સાસરે મૂકી જા. તેને સ્પષ્ટ કહી દીધું 'આયર સાંભરે.'

અહીં કવિએ સાંભરે રદીફમાં કાવ્યનાયિકાના અતીતના સંસ્મરણોને કલાત્મક રીતે આલેખ્યા છે. તો 'ગાગર', 'સહિયર', 'દિયર', 'પાધર', 'જંતર', 'મહિયર', 'આયર', જેવા કાફકામાં કવિએ લોકહૈયાના ભાવોને ગૂંથી અનેરું ગઝલત્વ નિમ્યું છે. વિષય પરંપરિત હોવા છતાં તેમાં અનેરું માધુર્ય અને લાલિત્ય નિર્માયું છે. લોકહૃદયના ભાવોને કલાત્મક રીતે ગુંથીને નયન દેસાઇએ એક હૃદયંગમ ગઝલ આપી છે. જે ઘણી જ ધ્યાનાર્હ બની છે. નયન દેસાઈ ગઝલના જાણકાર છે. તેમની આ ગઝલ મને ખૂબ ગમે છે. તેમનો એક પ્રચલિત શે'ર માણો :

''ખુલ્લી બારી જેવી આંખો ને આંખોમાં દિવસો ઊગે ને આથમતાં,
દિવસો મતલબ વેઢા મતલબ પંખી મતલબ ઊડી જવાની ઘટના ઉર્ફે....''

૭ : ગઝલ

એક બે ત્રણ ચાર છોડી દે,
ઊગતો અંધકાર છોડી દે.

તો જ નમણી નિરાંત નિરખાશે,
તું તને બારોબાર છોડી દે.

આપમેળે જ આવી મળશે એ,
અહર્નિશ એના વિચાર છોડી દે.

આજની મ્હેકને જ માણી લે,
કાલનો ઘેઘૂર બાર છોડી દે.

હાથમાં લેવું પડે હલેસું પણ,
માત્ર મનનો મદાર છોડી દે.

સુખની ચાવી તનેય સાંપડશે,
એક અમથો નકાર છોડી દે.

છેડછાડ ઝાઝી તું રહેવા દે,
સ્હેજ છેડીને તાર છોડી દે.

''પ્રાણ પ્રગટી જશે સ્વયં એમાં,
શબ્દની સારવાર છોડી દે.''

—ડૉ. નીતિન વડગામા

ડૉ. નીતિન વડગામા એક સારા વિવેચક છે અને સારા કવિ પણ છે. એક સરળ અને નિખાલસ વ્યક્તિ તરીકે પણ એમની નામના છે. કવિતામાં ગીત અને ગઝલ એમને સદ્યાં છે. કવિતાના મર્મજ્ઞી ડૉ.વડગામા પાસેથી કેટલાંક સારાં ગીત અને ગઝલો પ્રાપ્ત થઈ છે. તેમની આ ગઝલ મને ઘણી ગમી છે. સ્વ.શ્યામ સાધુનો એક શે'ર ટાંકવાનું મન થાય છે.

''ઈચ્છાઓની અઢળક માયા અજબગજબની,
પાણીમાં પગ મૂકો ત્યાં પણ રસ્તો ઊઘડે.''

સાચે જ આ સુંદરી જેવી ઈચ્છાઓ હૃદયરૂપી કામરું દેશમાં વ્યાપ્ત રહે છે. જે ઋષિમુનિઓ જેવાના મનને ચિત્તને ચલિત કરે છે તો આપણા જેવા સંસારી માનવની શી વિસાત? અહીં ડૉ.વડગામાએ જીવન અને જગત વિશેનું સંવેદનમૂલક ચિંતન પ્રસ્તુત ગઝલમાં આલેખ્યું છે. માણસ માટે બધું જ શક્ય નથી. તો બધું જ અશક્ય પણ નથી. જ્યાં સુધી એને 'સ્વ' નું જ્ઞાન નથી થતું ત્યાં સુધી તો એનામાં એક પ્રકારની અધૂરપ રહેવાની જ. છતાં, જે વ્યક્તિ એ અધૂરપને મધુરપમાં ફેરવવાનો પ્રયત્ન કરે તો એને એમાં અવશ્ય સફળતા મળે. માણસ ગણતરીબાજ છે. એ દરેક જગ્યાએ કેલ્યુલેશન કરવા બેસે છે. નફો—ખોટ એના જીવનનું લક્ષ્ય છે. ત્યાં સુધી 'સ્વ' સુધી પહોંચવાનું દુષ્કર છે. આથી જ ગઝલકાર કહે છે :

''એક બે ત્રણ ચાર છોડી દે,
ઊગતો અંધકાર છોડી દે.''

માત્ર સ્વના જ ખ્યાલમાં રાચવાને બદલે સર્વ ના ખ્યાલમાં રાચવાનું કવિએ ખૂબ જ સરળ શબ્દમાં કહી દીધું છે. કારણકે, સ્વાર્થના

સાંકડા પરિધમાં વિહરતો માણસ પોતાનો સર્વાંગી વિકાસ સાધી શકે નહીં. અહીં ઊગતો અંધકાર જેવો શબ્દ કવિની કલાસૂઝનો પરિચાયક બને છે. કવિનો વિચાર સાંકડા પરિઘમાં નહીં પણ સાર્વત્રિક વ્યાપક ફલક પર વિસ્તરે છે. જે માણસની દૃષ્ટિ વિશાળ ફલક પર વિસ્તરે છે. તે જ અવશ્ય 'નમણી નિરાંત' નિરખી શકે. જુઓ આ ગઝલનો બીજો શે'ર :

''તો જ નમણી નિરાંત નિરખાશે,
તું તને બારોબાર છોડી દે.''

જ્યાં સુધી હુંનો ભાર હળવો કરી શકીએ નહીં ત્યાં સુધી સ્વાનુભવનો અહેસાસ થાય નહીં. સામાન્ય દૃષ્ટિથી જોનારી વ્યક્તિ ભીતરી દુનિયાને જોઇ શકે નહીં. અહીં કવિએ તું ને બારોબર છોડવાની શીખ આપી છે. જ્યારે અહમ્‌ને ખંખેરી નાખવામાં આવશે કે તરત જ નમણી નિરાંત અનુભવાશે. પછી એ આપમેળે જ આવી મળશે એ કહીને કર્મવાદને મહત્ત્વ આપી કવિએ 'ભગવતગીતા'નું સ્મરણ કરાવ્યું છે.

કવિ આશાવાદી છે. તે જિંદગીના સાર્થક્યને જાણી લેવાને પછી માણી લેવાનું પણ સહજ રીતે કહી દે છે :

''આજની મ્હેકને જ માણી લે,
કાલનો ઘેઘૂર ભાર છોડી દે.''

માણસ અતીત કે અનાગતને વાગોળ્યા કરે કે વિચાર્યા કરે તો સારી વાત છે. પણ માત્રને માત્ર એને જ મહત્ત્વનું ગણી વર્તમાનમાં જે સહજપ્રાપ્તિ થઇ રહી છે તેને જતી કરે, એ અયોગ્ય છે. આથી જ કવિ આજની મ્હેક માણવાની, કશુંક અંકે કરી લેવાની સોનેરી શીખ આપે છે. જિંદગી જીવવાની જેને સમજ આવી જાય તો પછી એને આ

સંસારસાગરને તરવામાં કોઇ મુશ્કેલી આવતી નથી. 'મરીઝ'નો એક જાણીતો શે'ર છે.

''જિંદગીના રસને પીવામાં કરો જલદી 'મરીઝ'
એક તો ઓછી મદીરા છે ને ગળતું જામ છે.''

ડૉ.નીતિન વડગામા પ્રસ્તુત ગઝલમાં મનનો મદાર છોડી હાથમાં હલેસું લેવાનું પણ સૂચન કરે છે. કારણ કે, એમ કાંઇ ભાગ્યના ભરોસે બેસી રહેવાય નહીં. ભાગ્ય નીજનું ઘડવા પોતે જ ઘણ ઊઠાવવો પડે. કવિએ અહીં પુરુષાર્થને મહત્ત્વ આપ્યું છે. કવિનું ચોક્કસપણે માનવું છેકે, કઠોર પરિશ્રમનો કોઇ વિકલ્પ નથી. પુરુષાર્થ પછી એનું ફળ મળવાનું જ એનો ભારોભાર વિશ્વાસ છે. શ્રદ્ધા બહુ જ જરૂરી છે. જુઓ કવિના શે'ર :

''સુખની ચાવી તનેય સાંપડશે,
એક અમથો નકાર છોડી દે.''

નકારાત્મક વિચાર આખા જીવનને નર્કાગાર તરફ લઇ જાય છે. માણસ સદા સકારાત્મક બનવું જોઇએ. માત્ર કલ્પનામાં હવાઇ મહેલ બાંધવાને બદલે પ્રવૃત્તિશીલ રહેવું જોઇએ. અહીં કવિએ હકારાત્મક દૃષ્ટિકોણ કેળવવાની હિમાયત કરી છે. માણસે સંસારસાગરમાં વારંવાર ડહોળામણ કરવાને બદલે સ્હેજ છેડીને તાર છોડી દે. એવી ધ્વનિ કવિએ રેલાવ્યો છે. બિન જરૂરી વાદ–વિવાદની જગ્યાએ ભલે કોઇ એકાદ શબ્દ કે સ્વર કે તર્જ હોય તો તેને રણઝણતો મૂકી આલાપવાનું સૂચન કર્યું છે :

ગઝલનો અંતિમ શે'ર ઘણો ધારદાર છે.

"પ્રાણ પ્રગટી જશે સ્વયં એમાં,
શબ્દની સારવાર છોડી દે."

કવિ અહીં સર્જાનાત્મકતાને મહત્ત્વની ગણાવે છે. ભલે લાંબુલચ આપી ન શકો પણ એકાદ શબ્દ સૂરને આલાપી દો. તેમાં સ્વયં આપોઆપ પ્રગટી જશે. નિજનું પ્રાગટ્ય પણ સહજ ને સરળ હોવું જોઈએ. શબ્દોની ઘટમાળ રચવાને બદલે એક શબ્દથી પણ ધન્યતા અનુભવી શકાય એવી સર્જનકર્મને કવિએ અહીં મહત્ત્વનું ઠેરવ્યું છે.

પ્રસ્તુત ગઝલ આઠ સંવેદનમૂલક શે'રમાં રજૂ થઈ છે. અહીં 'છોડી દે' જેવા ચિંતનાત્મક ઉદ્દેશ્યપ્રધાન રદીફમાં કવિએ જીવનના કેટલાક શાશ્વત સત્યોને સહજ પ્રગટાવ્યાં છે. ચાર, અંધકાર, બારોબાર, વિચાર, ભાર, મદાર, નકાર, તાર, સારવાર, જેવા કાફિયાની ગુંથણી પણ કવિની પ્રતિભાને ઉજાગર કરે છે. સમગ્ર ગઝલમાં ચિંતનાત્મકતા હોવા છતાં આ ગઝલ જરા પણ ભાર ઝલ્લું બની નથી. ગઝલને અપેક્ષિત હોય એવું ગઝલકર્મ ડૉ. વડગામાએ બજાવ્યું છે. ડૉ.વડગામાના હાથમાં ભણ્યો છું. કહું કે, મને સાહિત્યમાં પગરવ કરાવનાર મારાં ગુરુવર્ય પણ એ જ છે. તેમના મુખેથી આ ગઝલ ઘણીવાર મેં સાંભળી છે. આ ગઝલ ઘણાં ગઝલરસિકોને પણ ગમી છે. તેની પાછળનું કારણ કવિનું સ્વાભાવિક સ્ફુરણ અને કાવ્યમય ઉચ્ચારણ. સુગમસંગીતમાં પણ આ ગઝલને નામી કલાકારોનો સ્વર મળ્યો છે. સલામ ગઝલને. ગઝલકારને.

૮ : માણસની ગઝલ

અમે આંધી વચ્ચે તણખલાંના માણસ,
પીળા શ્વાસની તુચ્છ ઘટનાના માણસ.

ફટાણાંના માણસ, મરસિયાના માણસ,
અમે વારસાગત સમસ્યાના માણસ.

'કદી'થી 'સદી'ની અનિંદ્રાના માણસ,
પ્રભાતોની શાશ્વત પ્રતીક્ષાના માણસ.

અમે અમને મળવાને ઝૂરતા જ રહીએ,
સડકવન્ત ઝીબ્રાતા ટોળાના માણસ.

શિખર? ખીણ? ધુમ્મસ? સૂરજ? કે કશું નૈ?
'ટૂ બી—નોટ ટુ બી' ની 'હા—ના' ના માણસ.

ભરત કોઈ ગૂંથતું રહે મોરલાનું,
અને ટચ્ચ ટૂંપાતા ટહુકાના માણસ.

મળી આજીવન કેદ ધ્રુવના પ્રદેશે,
હતા આપણે મૂળ તડકાના માણસ.

—ભગવતી શર્મા

ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખપદે બિરાજમાન ભગવતી કુમાર શર્મા આજે પણ સાહિત્ય ક્ષેત્રે પોતાનું સર્જકકર્મ બજાવી રહ્યાં છે. 'સંભવ', છંદો છે પાંદડાં જેનાં, 'ઝળહળ', 'નખદર્પણ', 'અઢી અક્ષરનું ચોમાસું', જેવા કાવ્યસંગ્રહોમાં એક ઉચ્ચ કક્ષાના કવિ તરીકેની એમની કવિપ્રતિભા સોળે કળાએ ખીલી ઊઠી છે. એમની ગઝલકાર તરીકેની લોકપ્રિયતા પણ ઝળહળતી છે. તેમની ગઝલોમાં પ્રતીક કલ્પન, મીથ, આધુનિકતા, ભાષાકર્મ છંદ નિયોજન, બળકટ ભાવાભિવ્યક્તિ આદિ તત્ત્વો ધ્યાનાર્હ બન્યાં છે. શ્રી શર્મા સાહેબનું ગઝલકર્મ સાફ સૂથરું અને સ્વકેન્દ્રીત વસ્તુજગત હૃદ્ય બન્યું છે.

પ્રસ્તુત 'માણસની ગઝલ' કૃતિમાં ભાવનાવીન્ય અને વિચાર નાવીન્ય પણ ધ્યાન ખેંચે છે. અહીં કેન્દ્રમાં આજનો માણસ, એની સમસ્યાઓ શ્રી શર્માએ આ ગઝલના પ્રત્યેક શે'રમાં ગઝલિયત ઉજાગર કવાનું દૈવત દાખવ્યું છે. 'માણસ' જેવી રદીફ પકડીને આ ગઝલકારે માણસની વિશેષતા, વિચિત્રતાઓની, સુંદર રજૂઆત કરી છે.

આ ગઝલનો મત્લાનો શે'ર આધુનિક માનવની ઓળખ કરાવે જુઓ :

"અમે આંધી વચ્ચે તણખલાંના માણસ,
પીળા શ્વાસની તુચ્છ ઘટનાના માણસ."

માણસનું જીવન એટલું સીધું સાદુ ને સરળ હોતું નથી. એમાં આનંદનો ઉલ્લાસ છે. તો દુઃખનો દરિયો પણ છલકે, માણસને ક્યારેક સીધો ઢાળ મળી જાય તો સરળતાથી દોડી લે તો ક્યારેક સીધાં ચઢાણ પણ હોય. જે ચઢવા કપરા છે. માણસના જીવનમાં આંધી તુફાન પણ આવે છે. આપણે જેને જીવન કહીએ છીએ તે એટલું સરળ નથી. અહીં

કવિ સાની મિસરામાં 'પીળા શ્વાસની તુચ્છ ઘટનાના માણસ' કહીને અનોખો વિરોધાભાસ પ્રગટાવે છે. આપણી જે કંઈ સિદ્ધિ વિશેષતાઓ છે તે સામાન્ય જેવી છે. જે મૃત્યુ પછી નહીવત જેવી જ બની જાય છે. તુચ્છ બની જાય છે.

"ફટાણાંના માણસ, મરસિયાના માણસ,
અમે વારસાગત સમસ્યાના માણસ."

અગાઉ નોંધ્યું છે તેમ, માણસ સાવ સરળ જીવન જીવી શકે નહીં. અનેક અવરોધો અને વિરોધો વચ્ચે એમનું જીવન આંધી જેવું છે. અહીં કવિએ અનેક વિરોધાભાસ રચીને માણસની વારસાગત સમસ્યાઓ રજૂ કરી છે. પ્રથમ પંકિતમાં કવિ એ ફટાણાંના માણસ કહ્યાં છે. જે લગ્ન જેવા મંગલ અવસરે આનંદ ઉલ્લાસને પ્રગટાવવા ગવાય છે. બીજી પંક્તિમાં કવિએ મરશિયાના માણસ કહીને વિરોધાભાસ ખડો કર્યો છે. માણસના મૃત્યુ પ્રસંગે ગવાતું મરશિયું એ પણ એટલું જ સાર્થક ને સત્ય છે. કવિએ અહીં લગ્ન અને મરણ જેવી બે ક્રિયાની વાતને વિરોધાભાસ દ્વારા આલેખી અનેરું ગઝલત્વ નીમ્યું છે. અહીં મરશિયા અને સમસ્યાનો પ્રાસાનુપ્રાસ ચપોચપ ગોઠવાય નવો જ આયામ રચે છે. ભગવતીકુમાર શર્માની ગઝલનો એક શે'ર કેટલો હૃદ્ય બન્યો છે :

"આમ સંબંધ છે, આમ વિચ્છેદ છે.
કેદમાં મુક્તિ છે, મુક્તિમાં કેદ છે."

માણસની ગઝલનો ત્રીજો શેર પણ ઘણો હૃદયંગમ બન્યો છે.

"કદી'થી 'સદી'ની અનિંદ્રાના માણસ,
પ્રભાતોની શાશ્વત પ્રતીક્ષાના માણસ."

અહીં કદી થી સદી વચ્ચે માનવજાત અંધકાર અને ઉજાગરામાં જ આથડતી રહી છે. એક બાજુ માણસ પાસે કદીની અનિંદ્રા છે. અને બીજી બાજુ સદીની પણ હજુ અનિદ્રા છે. કદીથી સદી સુધીની યાત્રામાં હજીયે માણસની પ્રતિક્ષા અતૃપ્ત જ રહી છે. કોઈ શાશ્વત પ્રભાત ક્યારે ઊગશે? એની ખોજ હજી પણ એક શોધયાત્રા બની રહી છે. આપણે એવા કોઈ શાશ્વત પ્રભાતની પ્રતીક્ષા કરી રહ્યાં છે. તે શાશ્વતી પ્રભાત ક્યારે ઊગશે એ એક યક્ષ પ્રશ્ન છે. આ પછીનો શે'રમાં કવિનો વિચારતંતુ વધુ સ્પષ્ટ થાય છે :

''અમે અમને મળવાને ઝુરતા જ રહીએ,
સડકવન્ત ઝીબ્રાતા ટોળાના માણસ.''

માણસ બીજાને મળવાની વાત તો ઠીક જાતને પણ મળતો નથી, માટે સમસ્યાઓ સર્જાતી રહે છે. જ્યારે આપણે અન્યને સહજતાથી મળતા નથી. ત્યારે આપણા હૈયામાં કોઈ એવી વ્યક્તિને મળવાની અભીપ્સા તો ચોક્કસ રહે છે. પણ, આપણે મળી શકતા નથી. એ તો ખરી સમસ્યા છે. જ્યારે આપણ મળતા હોઈએ ત્યારે સડકવન્ત ઝીબ્રાતા ટોળાના માણસ બની જઈએ છીએ. ટોળાને કોઈ ચોક્કસ હેતુ હોતો નથી. ટોળું ક્યારે શું કરશે? એ કોઈ કહી શકે નહીં. આજે માણસ ઝીબ્રાવત બની ગયો છે. રસ્તો ઓળંગવા માટે બનાવેલ ઝીબ્રાક્રોસીંગ એટલે જડવત્. અહીં જડવત્, ટોળાવત્ કહીને માણસને કવિએ અનેક પ્રશ્નોમાં ગુચવાયેલો છે. એવું સિફતપૂર્વક કહી દીધું છે. માણસ હા ના વચ્ચે ટુ બી નોટ ટું બી માં માણસ રહેંસાયેલો રહે છે. જુઓ આ શે'ર :

શિખર? ખીણ? ધુમ્મસ? સૂરજ? કે કશું નૈ?
'ટુ બી—નોટ ટુ બી' ની હા ના ના માણસ.

આપણે આંગળી મૂકીને સ્પષ્ટ કહી શકીએ એવી સ્થિતિમાં નથી. આ સમસ્યાને કવિએ અહીં શિખર ખીણ, ધુમ્મસ, સૂરજ વગેરેમાં પ્રશ્નાર્થ મૂકીને સૂચિત કર્યાં છે.

આ ગઝલના છઠ્ઠા શે'રમાં એક સરસ સંકલ્પના કરી છે. કોઈ મોરલાની ભરતની અભિપ્સા અહીં કાલ્પનિક મોરલા ગુથાવે છે.

ગઝલનો મક્તાનો શે'ર પણ એટલો જ હૃદયંગમ બન્યો છે.

મળી આજીવન કેદ ધ્રુવના પ્રદેશે,
હતા આપણે મૂળ તડકાના માણસ.

કાન્ત 'મૃગતૃષ્ણા' ખંડકાવ્યમાં નિયતિની કર્તાની કરણીમાં રહેલી ક્રુરતાને પ્રગટાવતા કહે છે :

''દીસે છે ક્રૂરતા કેવી કર્તાની કરણી મહીં!
ત્રાતા જો હોય, તો આની કેમ સંભાળ લે નહીં?''

માણસ ધારે કંઈકને થાય કંઈક. માણસના હાથમાં આમ જોવા જઈએ તો કશું નથી. માણસ તો ઝંખે છે. પ્રેમ, હુંફ, ઉષ્મા, પ્રકાશાદિ. પણ એકવીસમી સદીના માણસની હાલત ધ્રુવપ્રદેશમાં આજીવન કેદ ભોગવતા હોય એવી છે. બાકી ગઝલકારના મત પ્રમાણે તો હતા આપણે મૂળ તડકાના માણસ. અહીં કવિએ વ્યંગમાં આજના માણસની સ્વાર્થ લોલુપ અને સ્વકેન્દ્રી દૃષ્ટિ સામે કોરડો વીંઝયો છે.

આખી ગઝલ વારંવાર માણવાનું મન થાય એવી અને એટલી જ કાવ્યાત્મક ને કલાત્મક ગઝલ છે. 'માણસ' જેવી રદીફમાં શ્રી શર્માએ માનવજાતની વિવિધ સમસ્યાઓની કલાત્મક માંડણી કરી છે. સુરેશ દલાલે તો આ ગઝલને માનવજાતની નજમ કહી છે. અંતે એટલું કહીશ કે, ભગવતી કુમાર શર્મા શતાયુ જીવે એ જ અભિલાષા.

૯ : ગઝલ

બસ એટલી સમજ મને પરવરદિગાર દે,
સુખ જ્યારે જ્યાં મળે ત્યાં બધાના વિચાર દે.

માની લીધું કે પ્રેમની કોઇ દવા નથી,
જીવનના દર્દની તો કોઇ સારવાર દે.

ચાહ્યું બીજું બધું તે ખુદાએ મને દીધું,
એ શું કે તારા માટે ફક્ત ઇન્તિઝાર દે.

આવીને આંગળીમાં ટકોરા રહી ગયા,
સંકોચ આટલો ન કોઇ બંધ દ્વાર દે.

પીઠામાં મારું મન સતત હાજરીથી છે,
મસ્જિદમાં રોજ જાઉં તો કોણ આવકાર દે.

નવરાશ છે હવે જરા સરખામણી કરું,
કેવો હતો અસલ હું મને એ ચિતાર દે.

તે બાદ માંગ મારી બધીયે સ્વતંત્રતા,
પહેલાં જરાક તારી ઉપર ઇખ્યિતાર દે.

આ નાનાં નાનાં દર્દ થાતાં નથી સહન,
દે એક મહાન દર્દ અને પારાવાર દે.

સૌ પથ્થરોના બોજ તો ઊંચકી લીધા અમે,
અમને નમાવવા હો તો ફૂલોનો ભાર દે.

દુનિયામાં કંઇકનો હું કરજદાર છું'મરીઝ'
ચૂકવું બધાનું દેણ જો અલ્લાહ ઉધાર દે.

— મરીઝ

'મરીઝ' — અબ્બાસ અબ્દુલઅલી વાસીને ગુજરાતી ગઝલના ગઝલ શિરોમણી ગણવામાં કોઈ અત્યુક્તિ નથી. ગુજરાતના ગાલીબ તરીકે જાણીતા 'મરીઝ' ૨૨મી ફેબ્રઆરી ૧૯૧૭ના રોજ સૂરતના વ્હોરા કુટુંબમાં જન્મ્યા. તેઓ ભલે ઝાઝુ ભણી શક્યા નહીં પણ ગઝલ ઉપર તેમણે અસાધારણ કલાકસબ પ્રગટાવ્યો. મરીઝની ગઝલો ગુજરાતી ગઝલની ચરમસીમા છે. 'મરીઝ' એક અલગારી જીવનના ગઝલને સમર્પિત થયેલા ભેખધારી હતા. એક વ્યક્તિ તરીકે પણ તેઓ સાવ નિખાલસ અને આડંબરવિહોણા હતા. સાદગી અને ઉચ્ચકોટિની વિચારધારા રજૂ કરતી એમની ગઝલો તો ગુજરાતી ગઝલની મોંઘી મિરાંત છે.

પ્રસ્તુત ગઝલમાં કવિએ સાદી, સરળ અને પ્રાસાદિક બાની દ્વારા ભાવસંવેદનની સીધી જ રજૂઆત કરી છે. અહીં કવિની ખુમારી ભાવસંવેદનના આંતરવિરોધની અભિવ્યક્તિમાં ઘણી રોચક બની છે. ગઝલના પ્રથમ શે'રથી જ 'મરીઝ' ભાવકને બોજારૂપ ન બને તેવી ખુમારી પ્રગટાવતા રહે છે. એમનું ચિંતન જરા પણ ભારઝલ્લું બન્યા વિના જ ભાવકને સીધું સ્પર્શી જાય છે. આ ગઝલનો મત્લઅ જ જુઓ:

"બસ એટલી સમજ મને પરવરદિગાર દે,
સુખ જ્યારે જ્યાં મળે ત્યાં બધાના વિચાર દે."

અહીં કવિએ પોતાનો વિચાર સરળ અને સહજ રીતે રજૂ કર્યો છે. તે પણ કોઈ સંત મહર્ષિ કે પયગમ્બરની માફક. આ વિશ્વમાં કોઈ પણ સુખી માણસ આ વિચારને અનુસરે તો આખું જગત સુખી અને શાંત થઈ જાય. સુખ પ્રાપ્તિની લાલચા માનવને સ્વાર્થી અને સંકુચિત બનાવી દે છે. જે કંઈ સમજ એમણે પ્રાપ્ત કરી છે તે માત્ર પોતાના સુધી જ મર્યાદિત બની રહે તો એનો શો અર્થ? 'મરીઝ' જેવા શબ્દસાધક સાદગીનું પહેરણ પહેરીને આવી ઉચ્ચકોટિની વિચારસરણી આપે એ નવાઈની વાત જ નથી. કારણ કે, 'મરીઝ'ની ગઝલોમાં આવો વિચાર ન ઝિલાય તો એ જ આશ્ચર્ય ગણાશે. માનવસ્વભાવની છબી દોરતા 'મરીઝ' પાસેથી અનેક શે'ર પ્રાપ્ત થાય છે. તેમનો આવો જ લોકપ્રિય બનેલો આ શે'ર તપાસો :

"ટોળે વળે છે કોઈની દીવાનગી ઉપર,
દુનિયાના લોક કેવા મિલનસાર હોય છે."

અહીં 'મરીઝ' ફક્ત એકાક્ષરી 'દે' રદીફ પ્રયોજી છે. આ રદીફ માત્ર એક જ અર્થી નથી. દરેક શે'રમાં એ અનોખી ભાવદશા પ્રગટાવે છે. તે પરવરદિગાર, વિચાર, સારવાર, ઈન્તિઝાર, દ્વાર, આવકાર, ચિતાર, ઈખ્તિયાર, પારાવાર, ભાર ઉધાર જેવા કાફિયા દ્વારા આખી સંરચનાને એક તંતુથી સાંકળી છે. 'દે' રદીફમાં એક જાતનો વિનંતીનો સૂર છે. યાચના છે. તેમાં તેમની ઈશ્વર પ્રત્યેની આસ્થા અને શ્રદ્ધા કલાત્મકરૂપે પ્રગટે છે. આ ગઝલના પ્રત્યેક શે'રમાં કવિનું અનોખું કવિકર્મ પ્રગટ થાય છે. પ્રથમ શે'રમાં પ્રગટ થતી કવિની નિઃસ્વાર્થ,

પરકેન્દ્રી, વિચાર સૌને પરવરદિગાર સુખ અર્થે એવી વિનંતી સાચે જ કબિલેદાદ છે. બીજા શે'રમાં વિચારતંતુને વિસ્તારતા 'મરીઝ' કહે છે :

"માની લીધું કે પ્રેમની કોઈ દવા નથી,
જીવનના દર્દની તો કોઈ સારવાર દે."

માત્ર પ્રણયનું દર્દ જ જિંદગીને સતાવે છે. એવું નથી એ સિવાય પણ ઘણાં દર્દ હોઈ શકે તને મટાડવાની શક્તિ સૌને મળે એવી એમની કાકલૂદી અસ્થાને નથી. પણ જ્યાં સુધી માણસ ઈશ્વરના અસ્તિત્વને સ્વીકારશે નહીં ત્યાં સુધી તેને હતાશ–નિરાશ થયા વિના કોઈ છૂટકો નથી. ચાહ્યું તો બધુ જ ભલે મળ્યું પણ પ્રભુ માટેનો ઈન્તિઝાર ન હોય ત્યાં સુધી સર્વે ઉપયોગી બની ન શકે :

"ચાહ્યું બીજું બધું તે ખુદાએ મને દીધું,
એ શું કે તારા માટે ફક્ત ઈન્તિઝાર દે."

મને એક એવું વિશ્વ મળે કે જ્યાં કોઈ કારણ વિના જઈ શકું એવો ભાવ હરીન્દ્રની એક કવિતામાં પ્રગટ થાય છે. જ્યાં કોઈ દ્વાર બંધ ન હોય, જ્યાં જવામાં કોઈ સંકોચ ન હોય એવી જગ્યા તે બીજી કઈ હોય શકે? મરીઝ પણ આવી જ કંઈ ભાવના પ્રગટાવતા કહે છે :

"આવીને આંગળીમાં ટકોરા રહી ગયા,
સંકોચ આટલો ન કોઈ બંધ દ્વાર દે."

મરીઝની ગઝલોમાં વિરોધાવીને કહેવાની અજબની સૂઝ છે. તેમનો એક લોકપ્રિય બનેલો શે'ર ટાંકવાનું અવશ્ય મન થાય છે.

"જિન્દગીના રસને પીવામાં કરો જલદી 'મરીઝ'
એક તો ઓછી મદિરા છે ને ગળતું જાય છે."

જિન્દગીના રસને પીવાની ઉતાવળ કરવાની શીખ આપી મરીઝ ઓછી મદિરાને ગળતું જામ કહીને તેનું રસપાન કરવાની ઉતાવળ કરવાની સલાહ આપે છે. અહીં 'મરીઝ'ના આવાં જ એક શે'રમાં અનોખા ભાવ રજૂ કરતાં કહે છે :

''પીઠામાં મારું મન સતત હાજરીથી છે,
મસ્જિદમાં રોજ જાઉં તો કોણ આવકાર દે.''

મયખાનામાં તો હાજરીની અવશ્ય નોંધ લેવાય પણ મસ્જિદમાં નોંધ રાખનાર કોણ?

'મરીઝ' આત્મમંથન કરનારા ગઝલકાર છે. ગુલાબ અબ્બાસ નાશાદ સાથે થયેલો 'મરીઝ'નાં વાર્તાલાપમાંથી થોડા શબ્દો ટાંકવાનું મન થાય છે...''હું જે કંઇ કહું છું એની ઉપર પડદો નાખવાનો પ્રયાસ કરતો નથી, દરવાજા બંધ કરીને એ કૃત્ય નથી કરતો જે ઉઘાડે દરવાજે ધર્મ અને સમાજ પાપ લેખે છે. જે મારી કમજોરી છે એને છુપાવીને ફાયદો શું? દંભીઓના દંભથી પાર કંઇ પુણ્ય અને પુણ્ય કંઇ પાપ થઇ જાતા નથી.'' — 'મરીઝ'ના જીવનને જ્યાં સુધી લાગે વળગે છે ત્યાં સુધી 'મરીઝે' ડગલે ને પગલે સમાજની ઉપેક્ષા અને અવગણના સહી છે. વૈભવ પરસ્ત વ્હોરા સમાજે પણ સમયે 'મરીઝ'ને સન્માનીય તો ઠીક પણ માનનીય વ્યક્તિ તરીકે પણ સ્વીકાર્ય ન્હોતા. 'મરીઝ' આ ગઝલમાં આત્મમંથન કરતા કહે છે.

''નવરાશ છે હવે જરા સરખામણી કરું,
કેવો હતો અસલ હું મને એ ચિતાર દે.
તે બાદ માંગ મારી બધીયે સ્વતંત્રતા,
પહેલાં જરાક તારી ઉપર ઈખ્તિયાર દે.''

'મરીઝ'ની ગઝલની વિશેષતાઓ એ છે કે, એમના પ્રત્યેક શે'ર એક સ્વતંત્ર એકમ બનીને આવે છે. છતાં, બે શે'ર વચ્ચે ભાવનો એક તંતુ અવશ્ય ગુંથાયેલો હોય છે. ઘણીવાર તો એ ભાવસંવેદનના આંતરવિરોધીની અભિવ્યક્તિ ઘણી રોચક હોય છે. માણસને આત્મમંથન કરવાનો અવકાશ તો અવશ્ય મળે છે. 'મરીઝ' જેવા કોઇ વિરલ વ્યક્તિ જ આવું મંથન કરી શકે. પોતાની જાતને ઓળખવાનો બીજો રૂડો અવસર ક્યો હોય શકે? આ દુનિયાના સર્જનહારના માન પાન જાળવીને ગૌરવભેર શિકાયત કરી દે છે. શિકાયત તો પોતાના હોય તેને જ કરી શકાયને? અહીં શિકાયત છે ખરી પણ વિનમ્રભાવે. પરમેશ્વર તો સર્વવ્યાપી ને સર્વજ્ઞાતા છે.જે નાના મોટાં અનેક દર્દ આપે છે, તો સુખનો સાગર પણ છલકાવી દે છે. જુઓ 'મરીઝ'ની માંગણી :

''આ નાનાં નાનાં દર્દ તો થાતાં નથી સહન,
દે એક મહાન દર્દ અને પારાવાર દે.''

'મરીઝ' સ્વમાની છે. પોતાના સ્વમાનની વાત પણ કેટલી નમ્રતા અને પ્રેમાળ ભાવે રજૂ કરે છે :

''સૌ પથ્થરોના બોજ તો ઊંચકી લીધા અમે,
અમને નમાવવા હો તો ફૂલોનો ભાર દે!''

'મરીઝે' અહીં કડવી પણ સત્ય હકીકતને રજૂ કરી છે. પથ્થરને જડતાનું પ્રતીક માનવામાં આવે છે. તેની સામે ફૂલ જેવું કોમળ હૃદય સ્નેહ પ્રેમથી ઝૂકી જાય એવા આશિષ આપવાની કવિની વિનંતીમાં દમ છે :

આ ગઝલના આમ તો બધા જ શે'ર પાસાદાર મોતી સમાન છે. 'મરીઝ'ની ગઝલમાં મક્તાનો શે'ર કંઇક અસાધારણ હોય છે. આ ગઝલનો મક્તઅ જુઓ :

"દુનિયામાં કંઈકનો હું કરજદાર છું 'મરીઝ',
ચૂકવું બધાનું દેણ જો અલ્લાહ ઉધાર દે."

સાચે જ, આ ગઝલનો મક્તા ભાવકને ભાવવિભોર બનાવી મૂકે છે. ભાવક પણ વિચારતો થઈ જાય કે શું કવિને ઉધાર માગવાની શી જરૂર? અહીં ગઝલકારની ખુમારી ભાવકોના હૃદયને સીધી જ સ્પર્શી જાય છે. આ દુનિયાનો પ્રત્યેક વ્યક્તિ આખરે કોઈનો તો કરજદાર છે. એ કરજ માત્ર ધન દોલતનું નથી. ધન દોલત ભૌતિકતા વિનાનું કરજ ચૂકવવા માણસ પરમેશ્વર પ્રત્યે હાથ ફેલાવવો પડે.

સમગ્ર ગઝલમાં કવિએ ખુમારી, ખુવારી, વ્યંગ કટાક્ષ, નમ્રતા, જીવન પ્રત્યેની બેદરકારી વગેરે તત્ત્વોને કલાત્મક રીતે ગુંથી પ્રગટાવ્યાં છે. ભાવ અને ભાષાનું એક સાયુજ્ય રચીને કવિએ ગઝલને હૃદ્ય બનાવી છે. ગઝલના સ્વરૂપથી જ્ઞાત એવા 'મરીઝ' પાસેથી એક નહીં અનેક ગઝલો પ્રાપ્ત થઈ છે. તેમાં આ ગઝલ તો મને ખૂબ જ ગમી છે.

૧૦ : રસ્તા વસંતના

આ ડાળ ડાળ જાણે કે રસ્તા વસંતના,
ફૂલો એ બીજું કૈં નથી, પગલા વસંતના.

મલયાનિલોની પીંછી ને રંગો ફૂલોના લૈ
દોરી રહ્યું છે કોણ આ નકશા વસંતના.

આ એક તારા અંગે ને બીજો ચમન મહીં,
જાણે કે બે પડી ગયા ગયા ફાટા વસંતના.

મ્હેકી રહી છે મંજરી એકેક આંસુમાં,
મ્હોર્યા છે આજ આંખમાં આંબા વસંતના.

ઊડી રહ્યાં છે યાદનાં અબીલ ને ગુલાલ,
હૈયે થાય છે આજ તો છાંટા વસંતના.

ફાટું ભરીને સોનું સૂરજનું ભરો હવે,
પાછા ફરી ન આવશે તડકા વસંતના.

— મનોજ ખંડેરિયા

મનોજ ખંડેરિયા વ્યવસાયે વકીલ છતાં, એમણે કાવ્યનો ઝરો ગુજરાતી સાહિત્યમાં એવો વહાવ્યો કે તેઓ આ કવિ તરીકે ખાસ કરીને એક ગઝલકાર તરીકે ખૂબ ખ્યાતિ પામ્યાં. તેમની પાસેથી 'અચાનક,

અટકળ, અંજની, હસ્તપ્રત,' જેવા કાવ્યસંગ્રહો મળ્યાં છે. તેમાં એક ગઝલકાર તરીકેની તેમની લોકપ્રિયતા ઝળહળે છે. મનોજની ગઝલોમાં ગઝલ અંગેની એમની સૂક્ષ્મ સૂઝ સમજ એક ઉચ્ચ ગઝલકાર તરીકેની છે. મનોજ આજ આપણી વચ્ચે નથી પણ તેમનો ગઝલદેહ તો કાયમ શ્વસનો જ રહેશે. તેમની ગઝલોમાં ભાવ અર્થનું સૌન્દર્ય, સૂક્ષ્મતા, ગહનતા, આધ્યાત્મિકતા આદિ ગુણો ગુજરાતી ગઝલને એક કદમ આગળ લઈ જાય છે.

મનુષ્યને પ્રકૃતિ સાથે સીધો સંબંધ છે. પ્રકૃતિના સાનિધ્યમાં એમણે પોતાનો ક્રમિક વિકાસ સાધ્યો છે. પ્રકૃતિની સારી માઠી અસર મનુષ્યના જીવનમાં ચોક્કસ થાય છે. અનેક કવિઓએ પ્રકૃતિના રમ્ય ઋજુ ને રૌદ્ર તત્ત્વોને પોતાની કાવ્યકૃતિઓમાં કલાત્મક રીતે ગુંથી છે. પ્રકૃતિના કોમલ કે કરાલ, લલિત કે ભવ્ય એવા અનેક નિતનવાં નિરાળાં રૂપો છે. જે માણસના જીવન સાથે અનાયાસ વણાય જાય છે.

પ્રસ્તુત 'રસ્તા વસંતના' ગઝલમાં પ્રકૃતિના નયનરમ્ય અને મનોગમ્યરૂપોને કલાત્મક રીતે કંડાર્યાં છે. મનોજ ખંડેરિયા માટે તો શબ્દની ઉપાસના જ જિંદગી છે. એમનો આ શે'ર જુઓ :

''શબ્દ અમારી તક્ષશીલાને
કવિતાને સમજ્યા નાલંદા.''

મનોજની ગઝલસાધના એમની જ તક્ષશીલા અને નાલંદામાં જન્મી છે. જે વ્યક્તિ ગઝલને શબ્દને તક્ષશીલા, નાલંદા ગણીને શબ્દોપાસના કરે છે તેવા કવિની અક્ષરોપાસના સાહિત્યમાં રંગત ન લાવે તો જ આશ્ચર્ય !

'રસ્તા વસંતના' મનોજ ખંડેરિયાની પ્રથિતયશ કૃતિ છે. અહીં કવિએ પ્રકૃતિના જે નયનરમ્ય શબ્દ ચિત્રો દોર્યાં છે તે ખૂબ જ હૃદ્ય બન્યાં છે. પાંચ શે'રની બનેલી આ ગઝલ ગુજરાતી ગઝલને લોકપ્રિયતા બક્ષે છે. એમ કહેવામાં જરાયે અત્યુક્તિ જેવું નથી. મનોજે અહીં 'વસંત'ના જેવી રદીફ પકડીને ભાવ અને અર્થનું અનેરું સૌન્દર્ય પ્રગટાવ્યું છે.

પ્રસ્તુત ગઝલનો પ્રથમ શે'ર ઘણો જ હૃદ્ય બન્યો છે. જુઓ મનોજ ખંડેરિયા મનોરમ કલ્પના દ્વારા કેવું નયનરમ્ય શબ્દચિત્ર દોરે છે :

''આ ડાળ ડાળ જાણે કે રસ્તા વસંતના,
ફૂલો એ બીજું કંઈ નથી, પગલા વસંતના.''

અહીં વસંત પ્રસર કોઈ એક ડાળે ફૂલ્યો ફાલ્યો નથી. કવિએ અહીં ડાળ ડાળ—એકોએક—ડાળ—પ્રત્યેક ડાળ, એ ડાળમાં મ્હોરેલાં ફૂલો, એ વાંકી—ચૂકી લીલીછમ ડાળ, અરે, એ ફૂલની સૌરભ આ બધું શું છે? તો કવિ કહે છે – રસ્તા વસંતના. આ છે મનોજની અનન્ય કલ્પના. આજે જે રીતે વસંતઋતુ પ્રસરી રહી છે એનાં પગલાં ચોમેર પડ્યાં છે. કવિ માત્ર ડાળી, ફૂલની વાત કરીને અટકી જતા નથી પણ આજની વસંતપ્રસર માનવમન પર કેવી અસર થઈ રહી છે તેનું પ્રબળ આલેખન પણ અહીં કવિએ કર્યું છે. વસંતનાં પડેલાં રંગભર્યાં સુગંધભર્યાં પગલાં દ્વારા વસંતદેવીનું સુંદર શબ્દચિત્ર દોર્યું છે.

આ ગઝલનો બીજો શે'ર પણ એટલો જ ઉત્કૃષ્ટ ને કલાત્મક બન્યો છે :

''મલયાનિલોની પીંછીને રંગો ફૂલોના લૈ
દોરી રહ્યું છે કોણ આ નકશા વસંતના.''

કોઈ પણ કલાકાર કવિ હોય તે આખરે તો માનવ છે. એટલે માનવસ્વભાવના મનોગતના ભાવોને કલાકૃતિમાં અવશ્ય ઊતારે. અહીં કવિએ વસંતના સૌન્દર્યને આલેખી તેમાંથી માનવમનમાં જાગેલાં સ્પંદનોને આલેખી વસંતના ઉન્માદની પ્રભાવકતાનો નિર્દેશ કર્યો છે. અહીં કવિએ મલયાનિલની વાતને રજૂ કરી છે. મલયાનિલ એટલે પુષ્પોના પહાડ મલ્ય પરથી આવતો સુગંધિત પવન. અહીં કવિએ ઈન્દ્રગમ્ય કલ્પના કરી છે. ફૂલોમાં ઉપસેલી અવનીવ ભાત, ધીરેધીરે વહેતી સૌરભ પવન આ છે શું? પ્રત્યુત્તર પણ કવિ જ આપે છે. નકશા વસંતના. અહીં કાન્તનું વસંતવિજય અવશ્ય યાદ આવે છે. કુસુમરજ લઈ ડોલતા વાયુની સાથે વસંતની માદકતા આલેખતા કાન્ત કહે છે :

''ધીમે ધીમે છટાથી કુસુમરજ લઈ ડોલતો વાયુ વાય,
ચોપાસે વલ્લિઓથી પરિમલ પ્રસરે, નેત્રને તૃપ્તિ થાય;
બેસીને કોણ જાણે કયહિં પર ભૃતિકા ગાન સ્વર્ગીય ગાય,
ગાળી નાખે હલવી રસિક હૃદયને, વૃત્તિથી દાબ જાય.''

મનોજ ખંડેરિયાએ આવા વાતાવરણને પ્રેરનારને અધ્યહારમાં મૂક્યો છે. પણ ભાવકને એ તરત સમજાય જાય છે. અહીં કવિએ દોરેલું વસંતનું ચિત્ર માનવહૃદયને આનંદવિભોર બનાવી મૂકે છે :

મનોજ ખંડેરિયાએ ત્રીજા શે'રમાં વસંતની માદક અસર માનવહૃદયને કેવી વિલુબ્ધ બનાવી મૂકે છે તેની હૃદ્ય કલ્પના કરી છે :

''આ એક તારા અંગે ને બીજો ચમન મહીં,
જાણે કે બે પડી ગયા ગયા ફાટા વસંતના.''

મનોજ ખંડેરિયાએ અહીં આત્મલક્ષી ઉદ્‌ગારો દ્વારા પોતાના મનોભાવને વાચા આપી છે. પોતાની પ્રિયતમાને અહીં કવિએ સૌન્દર્ય

સાથે સાંકળીને એક નવ્ય પરિમાણ પ્રગટાવ્યું છે. આ વસંતનો પ્રભાવ પોતાની પ્રિયતમામાં ન કળાય તો જ આશ્ચર્ય ગણાય. કવિને અહીં બે ફાંટા પડી ગયાની સુખદ અનુભૂતિ થાય છે. એક ફાંટો એટલે ખુદ વસંત, વૃક્ષોની ડાળીઓ, ફૂલો, સૌરભાદિ. જ્યારે બીજો ફાંટો કવિ જરાપણ છોછ રાખ્યા વિના બતાવ્યો છે—પ્રિયતમાનું સૌન્દર્ય. કવિએ અહીં વસંત અને પ્રિયતમાનું અનોખું સાયુજ્ય રચીને એક નવો આયાસ રચ્યો છે. જો કે, અહીં માત્ર પ્રિયતમાની વાત જ કવિને અભિપ્રેત નથી. આજના સૌન્દર્યની પ્રભાવકતાતો પ્રત્યેક માનવના હૃદયમાં—ચિત્તમાં અનેક સંચલનો જગાડે છે.

'રસ્તા વસંતના' ગઝલનો ચોથો શે'ર ઘણો હૃદયંગમ બન્યો છે. આજની વસંતનો વૈભવ માનવને દુઃખમાંથી સુખ ભણી ખેંચી જાય છે. જુઓ :

''મ્હેકી રહી છે મંજરી એકેક આંસુમાં,
મ્હોર્યા છે આજ આંખમાં આંબા વસંતના.''

આંસુ બે પ્રકારના હોય છે, સુખના અને દુઃખના. જીવનનું એ જ સત્ય છે કે, માનવનાં જીવનમાં હર્ષ—શોક કે સુખ અને દુઃખ એ તો અટળ ઘટનાઓ છે. અહીં કવિએ આંસુને દુઃખના નહીં પણ આનંદના સુખદ ગણાવ્યાં છે. એકાએક મંજરીમાં હર્ષના આંસુ ઊભરાય રહ્યાં છે. આંખો એવી તો હરખઘેલી બની ગઈ છે કે, વસંતનો આનંદોલ્લાસ આંખોમાંથી ટપકી રહ્યો છે. આંખમાં આનંદના આંબા મહેંકી રહ્યાં છે. એ કવિ કલ્પના ઘણી હૃદયસ્પર્શી બની છે.

''ઊડી રહ્યાં છે યાદનાં અબીલ ને ગુલાલ,
હૈયે થયાં છે આજ તો છાંટા વસંતના.''

અહીં આનંદોત્સવ રચાયો છે. વસંતનો ઉલ્લાસ આનંદના અબીલ–ગુલાલમાં ખેલાઈ રહ્યો છે. જો કે, ગઝલકારને તો અહીં પ્રિયતમાના સંસ્મરણોનો ભાવ અભિપ્રેત છે. ભારતીય સંસ્કૃતિમાં અબીલ ગુલાલને મંગલ ગણવામાં આવે છે. અહીં કવિને પોતાના પ્રિયતમાની સ્મૃતિ હૃદયમાં છલકી રહી હોવાનો અહેસાસ થાય છે. આજે પ્રિયતમા હાજર નથી. પાસે નથી પણ એની યાદ તો છે ને! જે કવિને રંગથી, સૌરભથી તર–બ–તર બનાવી મૂકે છે :

આ ગઝલના અંતિમ શે'રમાં કવિએ ગઝલની પરાકાષ્ટા આલેખી છે :

''ફાટું ભરીને સોનું સૂરજનું ભરો હવે,
પાછા ફરી ન આવશે તડકા વસંતના.''

અહીં કવિએ વસંતના તડકાનું માહાત્મ્ય આલેખ્યું છે. આપણે ત્યાં સૂરજના તડકા વિશે ઘણાં કાવ્યો આલેખ્યાં છે. કોઈએ શિયાળાના ફૂલ ગુલાબી તડકાનાં ગુણગાન કર્યાં છે તો કોઈએ આષાઢના તડકાનું સૌન્દર્ય આલેખ્યું છે. તો વળી, કોઈ કવિઓએ વૈશાખના બળબળતા તડકાનો આકરો તાપ પણ આલેખ્યો છે. અહીં વસંતના તડકાનો મહિમા છે. કારણ કે, વસંતનો તડકો માત્ર આગને જ નહીં પણ, ફાગની પ્રકૃતિને, એના અસબાબને પણ ધરતી પર ઢોળે છે. વેરે છે. એટલે જ મનોજ ફાંટું ભરીને તડકો આવ્યો છે એમ કહી એની મહત્તા આલેખે છે. કવિએ આ વસંતરૂપી સોના જેવા તડકાને મનભરી માણી લેવાનો અનુરોધ કર્યો છે. અહીં ''પાછા ફરી ન આવશે તડકા વસંતના'' કહીને આ અવસરને ન ચૂકવાની કવિ સલાહ આપે છે.

'તડકા વસંત'માં કવિ મનોજ ખંડેરિયાએ વસંતના રમ્ય અને ભવ્ય રૂપોને આલેખ્યાં છે. 'વસંતના' રદીફ દ્વારા ઇન્દ્રિયગ્રાહ્યતા રચી ગઝલનું નિર્માણ કર્યું છે જે હૃદ્ય છે. મનોજ ખંડેરિયા સાચે ગુજરાતી ગઝલનું નજરાણું છે.

૧૧ : ગઝલ

સામેનો રથ આ વાતથી અણજાણ પણ નથી,
કે મારી પાસે એકકે ધનુષ—બાણ પણ નથી.

વિસ્તરતી ચાલી મારી ક્ષિતિજો આ દૂર...દૂર...
ને આમ કોઇ જાતનું ખેંચાણ પણ નથી.

પાણીના વેશમાં મને ઘેર્યો છે કોઇએ,
જ્યાં ભાગવાને માટે કોઇ વહાણ પણ નથી.

માટે તો અર્થહીન આ ઊભા રહ્યા છીએ,
ત્યજવું નથી, ને કાયમી રોકાણ પણ નથી.

સંપૂર્ણ શાંતિ કેવી રીતે સંભવી શકે!
કર્ફ્યુ નખાય એટલું રમખાણ પણ નથી.

— ડૉ. મુકુલ ચોક્સી

'સૂરત સોનાની મૂરત' એવી ઉક્તિ તો વારંવાર સંભળાય. તો ક્યારેક કાશીનું મરણ અને સૂરતનું જમણ એવી ઉક્તિ પણ બોલાય છે. સાચે જ સૂરત ગુજરાતનું અનોખું નગર છે. ડાયમંડ સીટી છે. ટેક્ષટાઈલ્સ સીટી છે. એમાં વધુ ઉમેરણ કરવું હોય તો સૂરત સાહિત્યનું નગર છે. આપણા આદ્ય કવિ નર્મદ પણ સૂરતના જ ને! સૂરતે અનેક કવિ વિવેચકો આપ્યા છે.

આજે સૂરતમાં શ્રી ભગવતી કુમાર શર્મા, ડૉ. મુકુલ ચોક્સી, ડૉ. રઈશ મનિયાર, કિશન સો—સા, નયન દેસાઇ, રવીન્દ્ર પારેખ, નાનુભાઇ નાયક આદિ કવિને—ચિંતકોની લાંબી યાદી બની છે. આ સૂરતી મંડળના કવિઓ એમાંયે ખાસ કરીને ગઝલકારોએ ગુજરાતી સાહિત્યને ધન્ય બનાવ્યું છે.

ડૉ. મુકુલ ચોક્સી એક તબીબ તરીકે જેટલા પ્રખ્યાત છે. તેટલાં જ કદાચ, તેનાંથીયે વધારે એક ગઝલકાર તરીકે ખ્યાતિ પામ્યાં છે. મુકુલ ચોક્સી પાસે ગઝલશાસ્ત્રનું સારું એવું જ્ઞાન છે. તેમની ગઝલોમાં રદીફ કાફિયા, છંદનું અનેરું વૈવિધ્ય ધ્યાનાર્હ છે.

પ્રસ્તુત ગઝલનો પ્રથમ શે'ર આપણને હજારો વર્ષના ઈતિહાસ સુધી ખેંચી જાય છે. જુઓ :

''સામેનો રથ આ વાતથી અણજાણ પણ નથી,
કે મારી પાસે એકકે ધનુષ બાણ પણ નથી.''

ગઝલના મત્લાના શે'રમાં આપણને કર્ણની યાદ આવે છે. અર્જુનની સામે નિઃશસ્ત્ર ઊભેલો કર્ણ, જેના રથનું પૈડું જમીનમાં ખૂપી ગયું છે. અહીં માણસની નિઃસહાય સ્થિતિને ગઝલકારે હૂબહૂ ચિત્રિત કરી છે. અહીં વ્યથા કર્ણની નથી, પણ આધુનિક માનવની લાચારીની છે. અહીં યુદ્ધ અનિવાર્ય છે. પણ શસ્ત્ર વિના યુદ્ધ કઇ રીતે થઇ શકે? એટલું જ નહીં પણ સામેનો દુશ્મન એ સારી રીતે જાણે છે કે, હું શસ્ત્રવહોણો છું ને છતાં, યુદ્ધ ટાળી શકાય એમ નથી. અહીં યુદ્ધ કરવું એ જ નિયતિ છે. અહીં તો ક્ષિતિજો પણ વિસ્તરતી રહે છે. દૂર...દૂર...ને છતાં કોઇ જાતનું ખેંચાણ નથી એ પણ એક દુર્ભાગ્યની જ વાત છે.

ગઝલનો ત્રીજો શેર ઘણો અસરકાર બન્યો છે :

પાણીના વેશમાં મને ઘેર્યો છે કોઇએ,
જ્યાં ભાગવાને માટે કોઇ વહાણ પણ નથી.

આપણી સ્થિતિ જે કંઇ નિર્માય છે. તે ક્યારેક ભીતરથી પણ નિર્મિત થતી હોય છે. સંબંધોમાં બંધાવું પ્રત્યેક માનવીને ગમે છે. જેમ જેમ સંબંધોના બંધનમાં આપણે બંધાતા જઇએ છીએ. એમ આપણે એની કેદમાં બંધાતા જઇએ છીએ. આ શે'રમાં ગઝલકારે આ ભાવને સુંદર રીતે આલેખ્યો છે. પાણીના વેશમાં મને ઘેર્યો છે કોઇએ! આપણા પાણીના વેશમાં બંધાય ગયા છે. પાણી અકળ હોય છે. સામાન્ય રીતે પાણી, અગ્નિ, વાયુ, વીજળીનો તાગ મેળવવો મુશ્કેલ છે. પાણીમાં પડતા પહેલા તરવા આવડવું ખૂબ જરૂરી છે. આપણે પાણીના વહેણમાં ખાબકી તો જઇએ પણ તેમાંથી નીકળવા માટે આપણી પાસે તરાપો–વહાણ હોવું જરૂરી છે. અહીં આપણે એવા સંબંધના મોડ ઉપર આવીને ઊભા છીએ કે, ભાગી છૂટવા આપણી પાસે કોઇ વહાણ પણ નથી. અહીં માનવીની અસહાયતા ને ગઝલકારે કલાત્મક રીતે આલેખીને અનેરું ગઝલતત્ત્વ નિર્મ્યું છે.

ગઝલના ચોથા શે'રમાં ગઝલકાર આ ભાવ વધુ સ્ફુટ કરતા કહે છે :

''માટે તો અર્થહીન આ ઊભા રહ્યા છીએ,
ત્યજવું નથી, ને કાયમી રોકાણ પણ નથી.''

અહીં કવિએ અર્થહીન શબ્દ દ્વારા માનવની અર્થવિહિન સ્થિતિને વધુ ઉજાગર કરી છે. માણસનું જીવન આખરે તો એના કોઇ

હેતુ–પ્રયોજન–અર્થ માટે હોય છે. જીવનમાં કોઇ અર્થ ન હોય તો જીવન જીવવાની મઝા આવતી નથી. આજનો આધુનિક માણસ કંઇક અર્થહીન જીવન જીવે છે. એવો હળવો વ્યંગ ઊભો કરીને ગઝલકારે અનેરું કવિકર્મ પ્રયોજ્યું છે. ઘણું એવું છે જે અર્થવિહોણું છે. જે ત્યજવું જોઇએ પણ વિમાસણ એ છે કે, માણસ જાણતો હોવા છતાં તેને ત્યજી શકતો નથી. માનવીનું જીવન પણ ક્ષણજીવી જ છે ને? આ દુનિયામાં ક્યાં કોઇનું કાયમી રોકાણ હોય છે?

ગઝલનો અંતિમ શેર પણ ઘણો રસપ્રદ બન્યો છે :

''સંપૂર્ણ શાંતિ કેવી રીતે સંભવી શકે!
કર્ફ્યુ નખાય એટલું રમખાણ પણ નથી.''

માણસ આખરે તો શાંતિને ઝંખે છે. પણ આજના યુગમાં માણસને સંપૂર્ણ શાંતિ મળતી અશક્ય છે. અહીં કવિએ ઘણો અસરકારક સવાલ ઊભો કર્યો છે. સંપૂર્ણ શાંતિ કેવી રીતે સંભવી શકે!'' માણસનું મન ચંચળ છે. તેને કોઇ રીતે શાંતિ મળી શકતી નથી. છતાં, મન એટલું બધું અશાંત પણ નથી. કે જ્યાં કર્ફ્યુની સ્થિતિ ઊભી થાય છે. અહીં કવિએ માનવમનની વિચિત્રતાને કલાત્મક રીતે આલેખી છે. માણસ આમ જોવા જઇએ તો સમૂહમાં રહેતું સામાજિક પ્રાણી હોવા છતાં તે અન્ય લોકો સાથે ભળી શકતો નથી તે ભાવને અહીં ગઝલકારે આલેખ્યો છે.

'પણ નથી' દ્વિ–અક્ષરી રદીફ અને અણજાણ, બાણ, ખેંચાણ, વહાણ, રોકાણ, રમખાણ જેવા કાફિયા દ્વારા ડૉ. મુકુલ ચોક્સીએ એક સાંગોપાંગ ગઝલ નિર્મી છે. તે અભિનંદનને પાત્ર છે.

૧૨ : ‘શબ્દનું ઘર ઊઘડે’

ઘનઘોર ઘેરાયું સઘન આકાશ આખર ઊઘડે.
કૂંચી ફરે, તાળાં ખૂલે ને શબ્દનું ઘર ઊઘડે.

પ્હેલી પ્રથમ આંખો ફૂટી હો એમ અંતર ઊઘડે,
કમળ જ નહીં, આખું સ્વયં જાણે સરોવર ઊઘડે.

આ શ્વાસ ને ઉચ્છ્વાસ સાથે કોણ મંથર ઊઘડે,
કે જન્મ જન્માંતર બધાં આ થર પછી થર ઊઘડે.

રેલાય કેવળ એક ધારો સ્વર મધુર આરંભનો,
કોની પુરાતન ઝંખના, આ દ્વાર જાજર ઊઘડે.

ઊભો સમય થિર આંખમાં થંભી ગઈ સહુ પરકમા,
હું ઊંઘડું ઉંબર ઉપર, સામે ચરાચર ઊઘડે.

— રાજેન્દ્ર શુક્લ

ગુજરાતી કવિતામાં સાતમા—આઠમા દાયકા દરમ્યાન ઘણાં કવિઓનો ઉદય થયો તેમાં રાજેન્દ્ર અનંતરાય શુક્લનું નામ ઘણું મહત્ત્વનું છે. મૂળ વઢવાણના જન્મ બાંટવામાં. વર્ષો સુધી સંસ્કૃતના અધ્યાપક તરીકે નોકરી કરી સ્વૈચ્છિક નિવૃત્તિ ભોગવતા આ કવિ પાસેથી અનોખી ગઝલો પ્રાપ્ત થાય છે. ‘કોમલ રિષભ’ ‘અંતર’‘ગાંધા’, સ્વવાચકની

શોધ. “ગઝલ સંહિતા”, મંડલ - ૧ થી ૫ વગેરે કાવ્યગ્રંથો પ્રાપ્ત થાય છે. “ભાગ મચ્છંદર ગોરખ આયાનો પડઘો “વારંવાર સંભળાય. રાજેન્દ્ર શુક્લની ગઝલોની અભિવ્યક્તિની ઘણી અનોખી છે. ગઝલપદાર્થને જોખમાવા દીધા વિના સંસ્કૃતપ્રચૂર બાનીમાં અનેરું કાવ્ય સૌન્દર્ય પ્રગટાવતા, અલખને આરાધતા આ કવિની ગઝલનું પણ અનોખું મૂલ્ય છે. આ કવિ બિંબ પ્રત્યેક્ષીકરણની પ્રયુક્તિથી ગઝલમાં અનેરું સૌન્દર્ય નિર્માણ કરી જાણે છે.

આ ગઝલકાર પાસેથી શબ્દવિષયક ઘણી ગઝલો પ્રાપ્ત થાય છે. ‘શબ્દનું ઘર ઊઘડે’ પણ શ્બદોપાસાનાની ગઝલ છે. અહીં ‘શબ્દનું ઘર’માં જ રૂપક અલંકાર છે. ગાગાલગાના ચાર ચાર આવર્તનો પણ ધ્યાન ખેંચે છે. શબ્દ વિનાનું તૈયાર હોય શકે? જુઓ ગઝલનો મત્લઅ :

“ઘનઘોર ઘેરાયું સઘન આકાશ આખર ઊઘડે.
કૂંચી ફરે, તાળાં ખૂલે ને શબ્દનું ઘર ઊઘડે.”

અહીં કવિએ પ્રથમ પંક્તિમાં ઘનઘોર ઘેરાયેલું આકાશ ઊઘડે એમ કહીને ઉઘાડને વધાવ્યો છે. આકાશમાં જેમ વાદળા ઘેરાયા હતા તેમ કવિ હૃદયમાં પણ વાદળા ઘેરાયા હતા. જેમ આકાશમાં ઉઘાડ થયો તેમ કવિચિત્તમાં પણ ઊઘાડ થયો. કવિએ અહીં અમૂર્ત વસ્તુને મૂર્તરૂપ બક્ષ્યું છે. કૂંચી ફરે, તાળાં ખૂલે ને શબ્દનું ઘર ઊઘડે માં કવિએ ચિત્રાત્મકતા રજૂ કરી છે. કવિ હૃદયમાં ઘેરાયેલા વાદળાઓ હટતા શબ્દનું ઘર ઊઘડે છે. રાજેન્દ્ર શુક્લને શબ્દ સાથે અનેરો લગાવ છે. શબ્દો તો તેમને શ્વાસ ઉચ્છ્વાસમાં જાણે ભળી ગયો છે. તેમની ‘પ્રથમ શબ્દ’ નામની ગઝલમાં પણ કવિએ શબ્દના સંબંધની વાત કરતાં કહ્યું છેઃ

"પ્રથમ શબ્દ જેવું શ્વસી જોઉં છું,
પછી શ્વાસને પણ કસી જોઉં છું."

'શબ્દનું ઘર ઊઘડે' ગઝલમાં કવિએ શબ્દોનો ઊઘાડ કરીને અનેરું ગઝલત્ત્વ નિર્માણ કર્યું છે. આ ગઝલનો બીજો શે'ર પણ દાદ માગે છે.

પ્હેલી પ્રથમ આંખો ફૂટી હો એમ અંતર ઊઘડે,
કમળ જ નહીં, આખું સ્વયં જાણે સરોવર ઊઘડે.

માણસનું આંતરવિશ્વ ઊઘડ્યા પછી જાણે તેને સર્વત્ર ઊઘાડ થયાની અનુભૂતિ થાય એ પણ એટલું જ સ્વાભાવિક છે. ઘેરાયેલું આકાશ ઊઘડતા કવિનું ચિત્ત ઊઘડે છે. અહીં વાત અટકી ગઈ નથી. રાજેન્દ્ર શુક્લએ 'પ્હેલી પ્રથમ આંખો ફૂટી હો એમ અંતર ઊઘડે' માં દૃષ્ટાંત અલંકાર અને કમળ જ નહીં, 'આખું સ્વયં જાણે સરોવર ઊઘડે' માં ઉત્પ્રેક્ષા અલંકાર પ્રયોજીને પોતાની સર્ગશક્તિના દર્શન કરાવ્યા છે. માત્ર કમળ જ નહીં પણ આખું સરોવર ઊઘડે છે. એમાં એમાં કવિનો સર્વ વ્યાપી તત્ત્વનો ભાવ પ્રગટ થયો છે.

ત્રીજો શે'રમાં રાજેન્દ્ર શુક્લ શ્વાસ ઉચ્છ્વાસના મંથર ઊઘાડને જન્મજન્માન્તર સુધી વિસ્તારે છે. જુઓ :

"આ શ્વાસ ને ઉચ્છ્વાસ સાથે કોણ મંથર ઊઘડે,
કે જન્મ જન્માંતર બધાં આ થર પછી થર ઊઘડે."

જન્મજન્માંતરથી જીવ પર આવી ચડેલા થર એક પછી ઊઘડતા હોય એવી કવિકલ્પના નવ્ય પરિમાણ રચે છે. જે પામવા માટેની પુરાતન ઝંખના હોય એ ઊઘડે એ તો કવિ માટે આનંદની ઘટના

છે. આ એક એવી ઘટના છે ત્યાં એકધારો મધુર સ્વર જ સંભળાય છે. આ એક સદ્ભાગ્ય અવસર છે. કવિ માટે :

"રેલાય કેવળ એક ધારો સ્વર મધુર આરંભનો,
કોની પુરાતન ઝંખના, આ દ્વાર જાજર ઊઘડે."

આ ગઝલનો અંતિમ શે'ર ઘણો હૃદ્ય બને છે :

"ઊભો સમય થિર આંખમાં થંભી ગઈ સહુ પરકમા,
હું ઊંઘડું ઉંબર ઉપર, સામે ચરાચર ઊઘડે."

કાવ્યસર્જન પણ એવી જ ઘટના છે. જે સંવેદન ચિત્તમાં સતત ઘોળાયા કરે છે.જ્યારે એ શબ્દરૂપે અવતરે છે ત્યારે જ કવિ હૃદય એની મથામણમાંથી છૂટકો મેળવે છે. ઘણાં વિદ્વાન કાવ્યસર્જનની ઘટનાને પ્રસ્વવેદના સાથે મૂકે છે. તે ઘણું સાર્થક પણ છે. સમય જેવા સમય પણ ઊભો રહી જાય છે. કવિ અસહ્ય અકળામણ પછી એના હૃદયના દ્વાર એકાએક ઊઘડી જાય અને કવિ સ્વર્ગાતીત અનુભૂતિ અનુભવે છે. કવિની સામે ચરાચર વિશ્વ ઊઘડે છે. ત્યારે એના શ્વાસોશ્વાસ શાંત થાય છે.

'શબ્દનું ઘર ઊઘડે'માં કવિએ 'ઊઘડે' ની એકાક્ષરી રદીફ દ્વારા પોતાના વિચારતંતુને પાંચે શે'રમાં સુશ્લિષ્ટ રીતે ગુંથ્યો છે. આખર, ઘર, સરોવર, મંથર, થર, જાજર, ચરાચર જેવા પ્રાસાનુપ્રાસ દ્વારા સુંદર કાફિયા નિર્મ્યાં છે. આ ગઝલની છંદ રચનામાં ગાગાલગાના ચાર આવર્તનો પણ ધ્યાનાર્હ બને છે. કવિએ અહીં અમૂર્ત એવી વસ્તુને મૂર્તરૂપ બક્ષવા પોતાની કવિ વિશક્તિને સુંદર રીતે નિખારી છે. રાજેન્દ્ર શુક્લની પ્રથિતયશ ગઝલ 'સભર સુરાહી' ના બેક શે'ર ટાંકવાનું મન થાય છે.

"સભર સુરાહી લલિત લચકકટિ, કોમલ સ્કંધા ગઝલ,
વનવન ભમતાં મિલત અતર્કિક યોજનગંધા ગઝલ."

લખ ચોરાશી લખત લખત ચખવેધત રે લખ સકલ,
અલખ અલખ ગિરનારી ગાજે નિત પડછંદા ગઝલ."

૧૩ : ગઝલ

તારી નજરમાં જ્યારે અનાદર બની ગયો,
મંજિલ વગરનો જાણે મુસાફર બની ગયો.

ફૂલોનું સ્વપ્ન આંખમાં આંજ્યાના કારણે,
હું પાનખરમાં કેટલો સુંદર બની ગયો?

ક્યાં જઈ હવે એ સ્મિતની હળવાશ માણીશું?
હૈયાનો બોજ આંખની ઝરમર બની ગયો.

મુક્તિ મળે છે સાંભળ્યું ચરણોના સ્પર્શથી,
રસ્તો હું એ જ કારણે પથ્થર બની ગયો.

મારું મરણ ક્યાં એકલું મારું મરણ હતું?
સંસાર, આંખ મીંચી તો નશ્વર બની ગયો.

— શ્યામ સાધુ

જો કોઈ મને પૂછે કે તમારો સૌથી વ્હાલો ગઝલકાર કોણ? બેધડક નામ આપું શ્યામ સાધુ. શ્યામ સાથે મારા કેટલાક સ્મરણો પણ જોડાયા છે એ એક કારણ તો ખરું પણ સાચા અર્થ આ ગઝલકારે ગઝલને આત્મસાત્ કરી છે. તેઓ ગઝલમાં જ જીવ્યાં ને ગઝલમાં જ પોઢ્યાં છે. એ ભલે આ સંસારને છોડી ગયાં પણ એમની ગઝલો તો

ચિરંજીવીને અમર બની ગઈ છે. ત્રણેક ગઝલસંગ્રહોમાં એમણે ગઝલમાં નિત નવા સ્થિત્યંતરો રચ્યાં છે. બેઠી દડીના ઘાટના, સુકલકડી કાયાવાળા, ઝભ્ભો ધાતિયુંધારી એમની આગવી ઓળખ. મને ઘણીવાર એમ લાગ્યું છે કે, શ્યામ સાધુને ગુજરાતી ગઝલે જે રીતે પોંખવો જોઈએ એમાં ક્યાંક કસર રહી ગઈ હોય એમ લાગે છે. ખેર! શ્યામ સાધુની ગઝલોમાં એમનું વ્યક્તિગત ઘૂંટાતું આવે છે.

આ ગઝલનો મત્લા જ ભાવકને જકડી લે છે :

"તારી નજરમાં જ્યારે અનાદર બની ગયો,
મંજિલ વગરનો જાણે મુસાફર બની ગયો."

આપણે જેનો આદર કરતા હોઈએ એ જ વ્યક્તિ જ્યારે અનાદર કરે છે ત્યારે તે આપણા માટે અસહ્ય બની જાય છે. માનવી પ્રેમ વિના જીવી શકે નહીં. તેને કાયમ માટે પ્રેમની ભૂખ રહેતી હોય છે. જે માણસ પ્રેમ આપે છે તેને પ્રેમની પ્યાસ તો રહેવાની. પણ કમનસીબી ત્યારે સર્જાય છે કે, સામેની વ્યક્તિ બિલકુલ તેનો અનાદર કરે છે ત્યારે તે ભાંગી પડે છે. શ્યામ કહે છે તેમ મંજિલ વગરનો જાણે મુસાફર બની ગયો, શ્યામ સાધુનો એક પ્રચલિત શેર ટાંકવાનું મન થાય છે :

"સ્વપ્ન પણ કેવું બરોબર નીકળ્યું,
મારા ઘર સામે સરોવર નીકળ્યું!"

માણસનું મન સમણાં ગુંથવા અને છજાવવા માટેનું ફળદ્રુપ સ્થળ છે. જ્યાં એક પછી એક સપનાઓ લ્હેરાય છે. પણ સ્વપ્ન જ્યારે તૂટે છે ત્યારે એનું એક દર્દ થાય છે. જ્યારે પ્રિયતમા જેવી વ્યક્તિની આંખમાં અનાદર હોય ત્યારે તો એ સ્થિતિ અસહ્ય થઈ પડે છે.

શ્યામની આ ગઝલનો બીજો શે'ર પણ એટલો જ આસ્વાદ્યક્ષમ છે.

"ફૂલોનું સ્વપ્ન આંખમાં આંજ્યાના કારણે,
હું પાનખરમાં કેટલો સુંદર બની ગયો?"

પ્રકૃતિ નિયમબદ્ધ છે. ઋતુચક્ર તો એના ક્રમ પ્રમાણે કાયમ કામ કરતી જ રહે છે. પ્રકૃતિ અવશ્ય પરિવર્તન છે પણ કુદરતા ક્રમમાં ક્યાંય ઉલટ સુલટ નથી. અહીં કવિએ પાનખરમાં સુંદર બની ગયાની ખુમારી વ્યક્ત કરી છે. એ એટલે જ શક્ય બની કે તેણે વસંતને આત્મસાત્ કરી છે. આંખમાં આંજી છે. તો પછી પાનખર તેને શું નડવાની? આંખમાં ફૂલોના સ્વપ્ન આંજ્યા પછી એ પાનખરમાં એવો કોઈ દમ નથી કે, તેને વેડી શકે. ઉતારી શકે. ફરી ત્રીજા શે'રમાં કવિ હૃદયની વ્યથા વણાઈ એવે છે :

"ક્યાં જઈ હવે એ સ્મિતની હળવાશ માણીશું?
હૈયાનો બોજ આંખની ઝરમર બની ગયો."

અહીં હૈયાના બોજમાં હૃદયની વ્યથા તો છે જ પણ એની પણ એક નજાકત કવિ માણે છે. કેટલાક માણસો જેમ જેમ વૃદ્ધ થતા જાય છે. એમ વધુને વધુ સમૃદ્ધ થતા જાય છે. ક્યારેક પોતાના પ્રિયપાત્રનું સ્મિત મળ્યું તે આંખોમાં એવી રીતે સમાવી દીધું કે જિંદગીભરનું એ સંભારણું બની બેઠું. "ક્યાં જઈ હવે એ સ્મિતની હળવાશ માણીશું?" માં અવશ્ય બોજની વ્યથા છે. પણ એ બોજ તો આંખની ઝરમરરૂપે પ્રગટે છે. આંખમાં આંજેલું પેલું સ્મિત ભલે મોતી ન બની શક્યું પણ આંસુ તો અવશ્ય બન્યું છે :

ચોથા શેરમાં શ્યામ સાધુએ પ્રચલિત મિથનો કલાત્મક વિનિયોગ કર્યો છે :

"મુક્તિ મળે છે સાંભળ્યું ચરણોના સ્પર્શથી,
રસ્તે હું એ જ કારણે પથ્થર બની ગયો."

અહીં અહલ્યાનો રામે જે રીતે ઉદ્ધાર કર્યો તે ઘટના આપણી સમક્ષ તાજી થાય છે. બની શકે કે, ક્યારેક વધારે પડતી લાગણીવશતા માણસને જડ બનાવી દે છે. અહીં ગઝલકાર એ જ કારણે રસ્તે પથ્થર બની ગયા છે. ક્યારેક તો એ આવશે જ ને? અહલ્યાને શાપ કારણે પથ્થર બની જવું પડ્યું હતું. પણ એને રામનો ઈન્તજાર હતો. એ એક દિવસ આવશે અને રામ આવી અહલ્યાનો ઉદ્ધાર કર્યો છે.

આ ગઝલનો મક્તાનો શે'ર તો ખૂબ જ લોકપ્રિય બન્યો છે :

"મારું મરણ ક્યાં એકલું મારું મરણ હતું?
સંસાર, આંખ મીંચી તો નશ્વર બની ગયો."

જીવન ક્ષણભંગુર છે એવી વાત તો વેદ ઉપનિષદોથી થતી આવે છે. આ નશ્વર જીવન પછી જીવન ખરું? જ્યાં સુધી દેહ છે ત્યાં સુધી જ સંસાર છે. મૃત્યુ પછી એક નવી જ દુનિયામાં જવાનું હોય છે. અહીં બરકત વિરાણી 'બેફામ' સાહેબનો પ્રચલિત શે'ર યાદ ન આવે એવું ન બને.

"બેફામ તોયે કેટલું થાકી જવું પડ્યું,
નહિંતર જીવનનો માર્ગ છે ઘરથી કબર સુધી."

માણસ જીવનભર જે ભાગ દોડ કરે છે. પણ તેને પહોંચવાનું ક્યાં? તો કે, ઘરથી કબર સુધી. શ્યામ સાધુએ પોતાના મરણને પોતાનું

એકલાનું મરણ નથી કહ્યું કારણ કે, વ્યક્તિ એકલો મૃત્યુ પામતો નથી પણ તેની સાથે આખો સંસાર મૃત્યુ પામે છે.

અહીં શ્યામ સાધુએ "બની ગયો" બે અક્ષરી રદીફ દ્વારા ગઝલત્વ નિર્મ્યું છે. અનાદાર, મુસાફર, સુંદર, ઝરમર, પથ્થર, નશ્વર, જેવા કાફિયા દ્વારા કવિએ પોતાનો વિચારતંતુ કલાત્મક રીતે ગુંથ્યો છે. શ્યામ સાધુ ભલે આજે હયાત નથી પણ ગુજરાતી ગઝલમાં અમની હયાતી તો કાયમ રહેવાની જ. શ્યામ સાધુ પાસેથી જે કેટલીક ઉત્તમ ગઝલો પ્રાપ્ત થઈ છે. તેને કારણે ગુજરાતી કવિતા એમની કાયમ ઋણી રહેશે.

૧૪ : ગઝલ

ગમ્યું તે ગાઈ લેવાનું વરસતું ટાણું છે વર્ષા,
કે વાદળ નામના કવિએ લખેલું ગાણું છે વર્ષા.

રહો ના બંધ ઘરમાં, નીકળો ખુલ્લી જગા જોઈ,
ઉકલશે નહીં જ ભીંજાયા વગર, ઉખાણું છે વર્ષા.

બરાબર એક સોનામહોર જેવો એક છાંટો છે,
ખજાનો એનો છલક્યો છે, વરસતું નાણું છે વર્ષા.

સજી શણગાર નવવધૂના પરણતી પુત્રી ધરતીને,
પિતા ઘનશ્યામદાસે દીધું મોંઘું આણું છે વર્ષા.

સવાશ્રી, સાતસો છ્યાંસી, વરસતું આભ શુકનિયાળ,
દિવસ ચોવીસ, મહિને સાત, સાલે બાણું છે વર્ષા.

— હર્ષદ ચંદારાણા

મને એક પ્રસંગ યાદ આવે છે. જ્યારે રમેશ પારેખે અમરેલી છોડ્યું ત્યારે રમેશની અમરેલીથી વિદાય આખા અમરેલીને વસમી લાગી હતી. તેમાંયે હર્ષદ ચંદારાણાને તો ઘણી જ. રમેશ પારેખના એ ખાસ ભાઈબંધ. હર્ષદ ચંદારાણાએ ગુજરાતી કવિતાને કેટલીક સારી કવિતાઓ આપી છે. તેમાંયે ગઝલ તેને વધુ ફાવી છે. વરસાદ આમ તો પ્રત્યેક સજીવને આનંદ આપનારી ઘટના છે. વરસાદ કવિઓને તો ખૂબ જ પ્રિય છે. રમેશ પારેખના વર્ષા વિષયક ગીતો તો ખૂબ જ લોકપ્રિય બન્યાં છે :

સાઈ મકરન્દની એક રચનાનું મુખડું છે :

"ગમતું મળે તો અલ્યા ગૂંજે ન ભરીએ,
ને ગમતાંનો કરીએ ગુલાલ."

અહીં ગઝલકાર શ્રીચંદારાણા ગમતું ગાણું ગાઈ લેવાની તકને ઝડપી લીધી છે. એ તક સર્જાઈ છે—વર્ષા નિમિત્તે, આ ટાણું કવિ કહે છે તેમ :

"ગમ્યું તે ગાઈ લેવાનું વરસતું ટાણું છે વર્ષા,
કે વાદળ નામના કવિએ લખેલું ગાણું છે વર્ષા."

વરસતો વરસાદ તો જાણે મધુરું ગાણું છે. એની બુંદબુંદમાંથી જાણે સરગમ સંભળાય છે. ગની દહીંવાલાને એક જાણીતો શે'ર છે :—

"ફોરાંની મૃદુ પાયલ સાથે,
આ કોનો મંજુલ પગરવ છે?"

વર્ષાઋતુએ અનેક કવિઓની કલમને મજબૂર કરી છે. કાલિદાસ જેવો મહાકવિ 'મેઘદૂત' આપે છે. જર્મન કવિ ગટે એનો માથે મૂકીને નાચે એ કંઈ જેવી તેવી વાત નથી. હર્ષદ ચંદારાણાએ પ્રથમ શે'રમાં એક સુંદર કલ્પના કંડારી છે. વાદળ નામના કવિએ ગાયેલું લખેલું ગાણું એ માનવમનના ભીતરને આહ્‌લાદિત કરી મૂકે છે. વર્ષાનો ઠાઠમાઠ જ એવો ન્યારો છે કે ઘરમાં બંધાવું ગમે નહીં. નાના હતા ત્યારે "આવરે વરસાદ...આવરે વરસાદ"...કહીને દોટ મૂકી કાગળની હોડીઓ તરાવવાની એક અનોખી મજા આવતી. આજે મોટા થઈ ગયા છે ત્યારે એની મઝા આપણે માણી શકતા નથી. પેલું જાણીતું ગીત "વો કાગઝકી કસ્તી વો બારીશ કા પાની"...સાંભળીને સાચે જ મન કૂદકો મારી અતીતમાં ડૂબી જવા મથે છે. વરસાદનો આવો અસબાબ જોઈને શ્રી ચંદારાણા કહે છે :

"રહો ના બંધ ઘરમાં, નીકળો ખુલ્લી જગા જોઈ,
ઉકલશે નહીં જ ભીંજાયા વગર, ઉખાણું છે વર્ષા."

અહીં કવિએ વર્ષાને જ એક ઉખાણું કહ્યું છે. એ ઉખાણું ઉકેલવા માટે ઘરમાંથી બહાર નીકળવું જ રહ્યું. બાકી ઘરમાં બેઠાં બેઠાં આ

ઉખાણું ઉકેલાશે નહીં ઘરમાં તો માત્ર ને માત્ર હિજરાવું જ રહ્યું.

ગઝલના ત્રીજા શે'રમાં ગઝલકાર વરસાદનું મૂલ્ય આંકતાં કહે છે :

"બરાબર એક સોનામહોર જેવો એક છાંટો છે,
ખજાનો એનો છલક્યો છે, વરસતું નાણું છે વર્ષા."

અહીં મને મનોજ ખંડેરિયાની ગઝલનો જાણીતો શે'ર યાદ આવે છે :

"નથી દ્વાર કે દોસ્ત મારી દે તાળું,
કવિતા તો છલકાતું વરસાદી નાળું."

અહીં શ્રી ચંદારાણાએ વરસાદને વરસતું નાણું કહ્યું છે. ત્યારે એ શે'ર યાદ આવે જ. વરસાદની કિંમત તો ધરતી પર વસનાર પ્રત્યેક સજીવ જાણે છે. એના એક એક છાંટાની કિંમત સોના મ્હોરથી કમ ન હોય. ઘણીવાર તો આપણે પણ ઝરમર ઝરમર વરસતા વરસાદને જોઈને એમ કહી ઊઠીએ છીએ કે કાચું સોનું વરસે છે. આ તો સોનાની ખાણ છે. એમાં વરસાદી પાણી નદી નાળાને ભરીને જાણે ખજાનો ભરી આપ્યો. એવી કવિની કલ્પના ઘણી સ્વાભાવિક છે.

મને આ ગઝલનો ચોથો શે'ર તો ખૂબ જ ગમ્યો છે. એના શબ્દો હોઠ ઉપર વારંવાર ગુંજે છે :

સજી શણગાર નવવધૂના પરણતી પુત્રી ધરતીને,
પિતા ઘનશ્યામદાસે દીધું મોંઘું આણું છે વર્ષા.

કવિની કલ્પના અદ્ભૂત છે. ઘણાં કવિઓએ વરસાદને રાણી કહી છે, કોઈએ મેહુલો રાજા કહ્યો છે. અહીં કવિએ ધરણીને ઘનશ્યામની દીકરી કહી છે. ધરતી અને આકાશના પ્રેમની વાતો અનેક કવિઓએ આલેખી છે. અહીં કવિએ ધરતીને પુત્રી ગણાવી છે, ત્યારે પિતા ઘનશ્યામદાસની આંખેથી વહેતા હર્ષના આંસુ એટલે વરસાદ. દીકરીને પરણાવતા પિતાનું હૈયું આજે આનંદથી ઊભરાઈ રહ્યું છે. એ

દીકરીને આણામાં આપી રહ્યાં છે વરસાદ. ઘનશ્યામનો એક અર્થ કૃષ્ણ પણ થાય છે. ઘન નો બીજો અર્થ વાદળ થાય તો ત્રીજો એક અર્થ પુષ્કળ પણ થાય છે. આ ચમત્કૃતિયુક્ત કલ્પન સાચે જ ભાવકને આનંદવિભોર બનાવી મૂકવા સમર્થ છે. પિતા ઘનશ્યામદાસ જ્યારે પોતાની એકની એક વહાલસોઈ પુત્રીને આણું આપે ત્યારે એ કંજૂસાઈ શા માટે રાખે? કવિએ અહીં આપણા લગ્નસંસ્કારને ગુંથી અનેરું ગઝલત્ત્વ નિર્મ્યું છે તે કાબિલેદાદ છે.

ગઝલના અંતિમ શે'રમાં શ્રી ચંદારાણાએ આ મહામૂલા અવસરને સમયબદ્ધ કર્યો છે. જુઓ :

સવાશ્રી, સાતસો છ્યાંસી, વરસતું આભ શુકનિયાળ,
દિવસ ચોવીસ, મહિને સાત, સાલે બાણું છે વર્ષા.

અહીં કવિએ આ રૂડા અવસરને શ્રી૧ા અને '૭૮૬' જેવો શુકનિયાળ ગણાવ્યો છે. હિન્દુ સંસ્કૃતિ પ્રમાણે કોઈ સારા અવસરની નોંધ અથવા તો વેપારીઓ પોતાના ચોપડાની શરૂઆતમાં શ્રી૧ા લખીને શુભ શુકન કરે છે. શ્રી ગણેશાય કરે છે. જ્યારે મુસ્લિમ ભાઈઓ ૭૮૬ના અંકને પવિત્ર અને શુભવંતો ગણે છે. અહીં કવિએ આ શુભવંતા અવસરને જાણે દસ્તાવેજી રૂપ બક્ષ્યું છે. આવો રૂડો અવસર ૨૪ મી જુલાઈ ૧૯૯૨ ના રોજ બન્યો છે.

અહીં કવિએ 'છે વર્ષા' જેવી બે અક્ષરી રદીફમાં વર્ષાનો મહિમા આલેખ્યો છે. જ્યારે ટાણું, ગાણું, ઉખાણું, નાણું, આણું, બાણું જેવા કાફિયા દ્વારા પોતાના ભાવસંવેદનને વિસ્તાર્યું છે. પોતાને મનગમતી આ ક્ષણને કવિએ માત્ર પોતાના મર્યાદિત રહેવા દેવાને બદલે સર્વગ્રાહી બનાવી છે. એ જ કવિઓનું કવિ કર્મ છે. કવિઓ પોતાના સંવેદનને ભાવક સુધી લઈ આવી પોતાને થયેલી અનુભૂતિને આમ લોકો ભાવકો સુધી વિસ્તારી આપે છે. ગીતની લગોલગ આવતી આ ગઝલ વારંવાર મમરાવવાનું ગમે તેવી રચના છે. ધન્ય છે શ્રી ચંદારાણાને એમની ગઝલને.